॥ શ્રીહરિઃ શરણમ્ ॥

## વૈશ્વિક ગ્રંથોનો નિચોડ

# સાધન-નિધિ

## માનવ-જીવનનો સાર



રામસુખદાસજી મહારાજે આ વિલક્ષણ પુસ્તક સેંકડો સાધકોને લાલ પેન્સિલનાં ટૂકડાંઓ સાથે વાંચવા આપી હતી. **નામ-પ્રેમીને પણ તેઓ આગ્રહપૂર્વક 'સાધન નિધિ' આપતા હતા.**

**સ્વામી શ્રી શરણાનન્દજી મહારાજ**

# શરણાનન્દજીની વાણી પ્રત્યે ૧૦ સન્તોનાં વિચારો

## ૧. ગોવિન્દદેવ ગિરિજી મહારાજ અને ગુરુ સત્યમિત્રાનન્દજી-(૧૯-૦૭-૨૦૨૩, સાંજે)

શરણાનન્દજીની વાતો વેદવ્યાસજીનું એઠું નથી. જ્યાંથી ઉપનિષદો આવ્યા ત્યાંથી જ શરણાનન્દજીનાં વાક્યો આવે છે. જીવનભર એક પણ ગ્રન્થ ન વાંચવાવાળા આ મહાત્મા, જેમનાં એક-એક વાક્ય ઉપર ગ્રન્થો લખી શકાય છે.

## ૨. પથમેડા મહારાજજી ગૌ-ઋષિ દત્તશરણાનન્દજી-(૯-૮-૨૦૨૩, ૨૭-૯-૨૦૨૩)

આટલું સરળ, સ્પષ્ટ, સૂત્રાત્મક, સાફ **'સત્ય'** શરણાનન્દજીની વાણી પહેલાં કોઈનાંથી પ્રગટ નથી થયું. કળિયુગી જીવો માટે આવશ્યક આ વાણી છે. દેશ અને દુનિયાની માનવજાતિનાં ઉત્થાનનો અપૂર્વ સન્દેશ છે. આ અનુપમ વાણી સર્વ દર્શનનો સાર પણ છે, સર્વ દર્શનોથી શ્રેષ્ઠ પણ છે.

## ૩. મલૂકપીઠાધીશ્વર શ્રીરાજેન્દ્રદાસજી મહારાજ-(રાજકોટ વાર્તાલાપ ૦૭-૦૫-૨૦૧૫)

આજે વર્તમાન સમયમાં સન્તોનાં જે સદ્‌વિચારો છે એ જ મનુષ્યને વાસ્તવિક શાન્તિ પ્રદાન કરી શકે છે અને તેમાં શ્રી શરણાનન્દજી મહારાજ આ યુગનાં વિચારક સન્તોમાં સર્વોત્કૃષ્ટ મહાપુરુષ હતા. જે પ્રેમી હશે એ જ વિચારક હશે. પ્રેમ વગર વિચારની શક્તિ ઉત્પન્ન નથી થતી અને એ પ્રેમ એ જ પ્રેમ છે જે ઈશ્વરીય પ્રેમ છે.

## 4. Dr. Satinder Dhiman (Ph. D., Ed.D. - U.S.A.)

All the darshans /philosophies of the world on one side, and Sharnanandji's darshan on one side. He is certainly the most **"Unique"** and **"Original"** of all thinkers and saints. If his ideas become truly known, it will certainly create a **"Revolution"** in the world !

## ૫. સ્વામીનારાયણ સન્ત જ્ઞાનજીવનદાસજી-(સાગર કથા -૧૫-૦૩-૨૦૧૩)

સ્વામી શરણાનન્દજીનું સાહિત્ય વાંચવા જેવું છે. જેમ મોટા-મોટા ઋષિઓ-મુનિઓ થઈ ગયા, આર્ષદ્રષ્ટા થઈ ગયા, એવા તેઓ આજનાં આર્ષદ્રષ્ટા ઋષિ છે. એમની વાતો 'સાતમા દર્શન' જેવી અદ્‌ભુત છે.

## ૬. સ્વામી અનુભવાનન્દજી સરસ્વતી-(વ્યાવહારિક ગીતા-૫ માંથી)

શરણાનન્દજીનું જીવન વાંચો આપ, તેમણે કાંઈ અભ્યાસ નહોતો કર્યો, તેઓ પ્રજ્ઞાચક્ષુ હતા. તેમનાં એક-એક જે અનુભવો છે, તેને આપ 'પાંચમો વેદ' કહી શકો છો, એટલા શ્રેષ્ઠ અનુભવો છે.

## ૭. સ્વામી અખંડાનન્દજી સરસ્વતી-(મોરારી બાપુ, માનસ સુરધેનુ, ૨૦-૧૧-૨૦૧૨)

ભેળસેળવાળું વેદાન્ત સાંભળવું હોય તો અમારી પાસે આવો અને શુદ્ધ, વિશુદ્ધ, બેધડક વેદાન્ત સાંભળવું હોય તો સ્વામી શરણાનન્દજીની પાસે જાઓ.

**Videos of all above quotes are available on youtube a/c "Santo Ka Khazana"**

**For Books & Pravachans refer - www.swamisharnanandji.org**

।। શ્રીહરિઃ શરણમ્ ।।

શરણાનન્દજી મહારાજની અનોખી પુસ્તિકા

# સાધન નિધિ

''જ્યારે શાસ્ત્રનાં કે પરમાત્માનાં નામે આવનારી પેઢી ભટકશે તો પરમાત્માનું નામ લીધા વિના અને કોઈ ધર્મ-વિશેષનું નામ લીધા વિના 'માનવતાની' પ્રતિષ્ઠા કરી દેવી શરણાનન્દજીની પોતાની વિશિષ્ટતા છે.''

## એકમાં જ બધું, બધામાં એક જ...

'માનવ-સેવા-સંઘનાં સાહિત્યનો પ્રચાર પોત-પોતાની રીતે, જેને જેવી રીત પ્રિય હોય, કરો. વાસ્તવમાં તો માનવમાત્રની અનુભૂતિ જ માનવ-સેવા-સંઘનું સાહિત્ય છે.'-શરણાનન્દજી (પાથેય - ૧૦૩)

આ પ્રકાશનનું પાવન ધ્યેય શરણાનન્દજી મહારાજનાં અકાટ્ય દર્શનનો પ્રચાર-પ્રસાર કરવો એ જ છે, જે માનવ-માત્રની અમૂલ્ય નિધિ છે.

**પ્રકાશક :**
**કરનાલ માનવ સેવા સંઘ**
કરનાલ - ૧૩૨૦૦૧ (હરિયાણા)
પ્રેમમૂર્તિજી (કરનાલ): ૯૪૧૬૪ ૬૭૯૯૯
દુલીચંદજી (કરનાલ): ૭૯૮૮૮ ૮૬૧૧૫
પ્રેમાનંદજી (ગુજરાત): ૯૩૨૭૯ ૦૬૨૭૯
**www.swamisharnanandji.org**

**સ્વીકૃતિ એક વાર, પોકાર વારંવાર**

'હે નાથ! હું જેવો પણ છું, આપનો છું.'
— આ સ્વીકૃતિ છે.
'હે નાથ! હું આપને ભૂલું નહિ.'
— આ પોકાર છે.

**સંસ્કરણઃ** ઈ.સ. ૨૦૨૪
**મૂલ્યઃ** રૂા. ૨૫

હવે ઈન્ટરનેટ ઉપર પણ સત્સંગનો લાભ લ્યો
ક્યારેય પણ ! ક્યાંય પણ !!
**www.swamisharnanandji.org**
**શ્રી શરણાનન્દજી મહારાજનાં**
પ્રવચનો સાંભળો-સાહિત્ય વાંચો

**પુસ્તક-પ્રાપ્તિ-સ્થાન**

**શ્રી પ્રેમાનંદજી**
મીના સદન, ગણેશ સોસાયટી, કાશી વિશ્વનાથ મંદિરની પાછળ,
ખેડબ્રહ્મા-૩૮૩૨૫૫, જિલ્લો-સાબરકાંઠા (ગુજરાત)
Mo:- ૯૩૨૭૯ ૦૬૨૭૯

**ધાર્મિક સાહિત્ય સદન**
બુલિયન બિલ્ડિંગ, હલ્દીયોં કા રાસ્તા, જૌહરી બાજાર, જયપુર - ૩૦૨૦૦૩ (રાજસ્થાન)
Phone: ૦૧૪૧ - ૨૫૭ ૦૬૦૨, ૪૦૨ ૪૪૪૪

**શ્રી હરિઃ ભંડાર**
શ્રી જગદ્ગુરુ આશ્રમ, શ્રી ગોવિન્દદેવજી મન્દિરની પાસે, જયપુર
Mo. (Whatsapp): ૯૩૧૪૧ ૭૭૦૩૩

**સાધન-નિધિ પુસ્તકની વિલક્ષણતા**
**એ છે કે એનું પ્રૂફ-રીડિંગ શ્રદ્ધેય**
**સ્વામી શ્રી રામસુખદાસજી મહારાજે સ્વયં કર્યું હતું.**

## પરિચય

'સાધનનિધિ' સાધ્યનો સ્વભાવ અને સાધકનું જીવન છે. આમાં માનવ-જીવનનું દર્શન અને તેનાં પર આધારિત અધ્યાત્મ-વિજ્ઞાન, આસ્તિક-વિજ્ઞાન તેમજ કર્તવ્ય-વિજ્ઞાનનાં વિવેચનનો સાર લઈને એ બતાવવામાં આવ્યું છે કે માનવ-જીવનની સર્વશ્રેષ્ઠ નિધિ કઈ છે, જેનાંથી તેણે સંપન્ન થવાનું છે.

સાધકમાં એ પ્રશ્ન ઉઠે છે કે મારે શું કરવાનું છે. એ જ પ્રશ્નનો ઉત્તર છે — 'સાધનનિધિ', જેમાં સાધક-માત્ર માટે અનિવાર્ય વાતોને એક જગ્યાએ પરંપરાગત ઢંગથી પ્રસ્તુત કરી દેવામાં આવી છે. સાધક ખૂબ જ સુગમતાપૂર્વક તેને ગ્રહણ કરીને સાધન-નિધિથી સંપન્ન થઈ શકે છે.

નિજ અનુભવનાં આધાર પર આપણે કહી શકીએ છીએ કે ત્રણ પ્રકારની સત્તાઓ સાથે આપણો પરિચય છે-

(૧)પોતાપણાનો ભાસ મારામાં છે.

(૨)પ્રતીત થવાવાળા દૃશ્યનું પ્રત્યક્ષીકરણ કરવાવાળો 'હું' છું.

(૩)સમસ્ત ઉત્પત્તિનાં મૂળમાં કોઈ અનુત્પન્ન તત્ત્વ છે. તેને જોયા વગર, જાણ્યા વગર, તેમાં આસ્થા રાખવાવાળો 'હું' છું.

પોતાપણાનો ભાસ પહેલી જ્ઞાનાત્મક ક્રિયા છે. આનાં જ ઉપર આધારિત છે, પ્રતીતિનું પ્રત્યક્ષીકરણ અને સાંભળેલા પ્રભુની સત્તાની સ્વીકૃતિ. આ પ્રમાણે 'હું'નો જગત અને જગત્પતિ બન્ને સાથે સંબંધ છે.

આ એક વિચિત્ર વાત છે કે માનવ-જીવનની બધી સમસ્યાઓ આ જ સંબંધોની વિકૃતિથી ઉત્પન્ન થાય છે. 'જગત' જે પોતાનું માનવા યોગ્ય નથી, તેને પોતાાનું માનવાથી જડતા, આસક્તિ, બંધન, પરાધીનતા અને મૃત્યુનો ભય સતાવે છે. અને 'જગત્પતિ' જે પોતાનાં છે, તેમને પોતાનાં ન માનવાથી અનાથપણું, નીરસતા અને ખિન્નતા આવે છે. બરાબર આનાથી વિપરીત જો જગતને પોતાનું માનવાનું છોડી દઈએ તથા જગત્પતિને પોતાનાં માની લઈએ, તો સર્વતોમુખી વિકાસનો આરંભ થઈ જાય છે. વિકસિત જીવન જ બધા માટે

ઉપયોગી સિદ્ધ થાય છે.

પ્રસ્તુત નિબંધમાં જીવનને પોતાનાં માટે, જગત માટે તથા જગત્પતિ માટે ઉપયોગી બનાવવાવાળા દસ વ્રતોની આવશ્યકતા બતાવવામાં આવી છે, જે નિમ્નલિખિત છે–

**(ક) જીવનને પોતાનાં માટે ઉપયોગી બનાવવાનાં ઉપાયો :-**

(૧) નિર્મમ થવું,
(૨) નિષ્કામ થવું,
(૩) અધિકાર-લોલુપતાથી રહિત થવું,
(૪) અહંકૃતિ-રહિત થવું.

**(ખ) જીવનને જગત માટે ઉપયોગી બનાવવાનાં ઉપાયો :-**

(૧) કોઈને બુરો ન સમજવો,
(૨) કોઈનું બુરુ ન ઇચ્છવું,
(૩) કોઈની સાથે બુરાઈ ન કરવી.

**(ગ) જીવનને પ્રભુ માટે ઉપયોગી બનાવવાનાં ઉપાયો :-**

(૧) સાંભળેલા પ્રભુની સત્તા સ્વીકારવી,
(૨) શ્રદ્ધા તેમજ વિશ્વાસ કરવો,
(૩) આત્મીયતાનો સંબંધ સ્વીકાર કરવો.

**(ઘ) ઉપસંહાર**

ઉપર્યુક્ત ત્રણેય ખંડોનાં પ્રત્યેક વ્રતની વિસ્તૃત વ્યાખ્યા કરવામાં આવી છે, જેથી તેનાં પાલનની અનિવાર્યતા અને વ્યાવહારિકતા સ્પષ્ટ રૂપથી માલૂમ થઈ જાય. આ જ વ્રતોને 'સાધન-નિધિ' નાં નામથી કહેવામાં આવ્યા છે. વસ્તુતઃ આ વ્રતો દરેક સાધકો માટે દરેક સાધનોનાં નિચોડનાં રૂપમાં પ્રસ્તુત છે, જે દરેકનાં જીવનને દરેક માટે ઉપયોગી બનાવવામાં સમર્થ છે.

ક્યારેક-ક્યારેક સાધક પોતાનાં જીવનનાં લક્ષ્યને જ નિર્ધારિત કરવામાં કઠિનતા અનુભવ કરવા લાગે છે, કેમકે લક્ષ્યની અપૂર્તિની દશામાં લક્ષ્ય-પૂર્તિનાં જીવનનો અનુભવ તો હોતો નથી, પોતાની માંગનાં આધારે લક્ષ્યને વિના જોયે,

વિના અનુભવ કર્યે, સ્વીકાર કરવું પડે છે. દુઃખી માટે દુઃખનિવૃત્તિ, અશાંત માટે શાંતિ, પરાધીન માટે સ્વાધીનતા, બદ્ધ માટે મુક્તિ અને નીરસ માટે પ્રભુ-પ્રેમની સરસતા સમાન રૂપથી અજાણ્યુ તત્ત્વ રહે છે. એ દશામાં કોઈ સાધક જો વિમાસણમાં પડ્યો હોય કે માનવ-જીવનનાં લક્ષ્યનાં રૂપમાં ક્યા તત્ત્વને સ્વીકાર કરવું જોઈએ, તો 'સાધન-નિધિ' તેનું સ્પષ્ટ માગદર્શન કરાવી શકે છે. કેવળ એક વાક્ય 'જીવન અનુપયોગી ન રહે, અર્થાત્ દરેક માટે ઉપયોગી થઈ જાય', લક્ષ્યનાં રૂપમાં સ્વીકાર કરી લેવું પર્યાપ્ત થઈ જાય છે. આ લક્ષ્યને દૃષ્ટિમાં રાખીને જે સાધન-નિધિથી સંપન્ન થવાની અનિવાર્યતા બતાવવામાં આવી છે, તેનાં વ્રતોને અપનાવ્યા પછી સાધક પોતાનાં કલ્યાણ તેમજ સુંદર સમાજનાં નિર્માણમાં સમર્થ થાય છે. પોતાનાં કલ્યાણનાં રૂપમાં તેનું અહં અભિમાનથી શૂન્ય તેમજ હૃદય પ્રેમથી પરિપૂર્ણ થઈને કૃતકૃત્ય થઈ જશે. આ પ્રકારનાં વિકસિત જીવનથી સેવા દ્વારા સુંદર સમાજનું નિર્માણ સ્વતઃ થવા લાગે છે. સારાંશ એ કે સેવા, ત્યાગ અને પ્રેમ, જે માનવ-જીવનનું સુંદરતમ ચિત્ર છે, તેનું એ મૂર્તિમાન પ્રતીક થઈ જશે.''

'સાધન-નિધિ' દરેક દાર્શનિક દૃષ્ટિકોણો તેમજ દરેક સાધન-પ્રણાલિઓનું એ વ્યાવહારિક રૂપ (**Practical Form**) છે, જેને પ્રત્યેક સાધકે અપનાવવું અનિવાર્ય છે. 'સાધન-નિધિ' એક એવો નિબંધ છે કે વિકાસનાં કોઈ સ્તરનાં સાધકને પોતાનું આગળનું પગલું દેખાય છે અને તેને અપનાવીને તે આગળ વધી શકે છે.

જગતને સત્ય માને, મિથ્યા માને, પરિવર્તનશીલ માને, તેનાંથી કોઈ અંતર નથી આવતું. કાંઈ પણ માને, સાધકની મોજ, પરંતુ કોઈ પણ દૃષ્ટિથી તેનાં પ્રત્યે મમતા અને કામના-યુક્ત સંબંધ રાખવો ભૂલ છે. નિર્મમ અને નિષ્કામ થઈને તેની સેવા કરવી અનિવાર્ય છે.જગતની સૌથી મોટી અને વ્યાપક સેવાનાં રૂપમાં સાધક શું કરી શકે છે, જેથી કે તેનું જીવન જગત માટે ઉપયોગી થઈ જાય. આ વિષય પર ખૂબ જ વૈજ્ઞાનિક તેમજ દાર્શનિક તથ્યો પર આધારિત અપૂર્વ સિદ્ધાંતોનું પ્રતિપાદન તેમજ તેની વ્યાખ્યા કરવામાં આવી છે, જેનાથી તેનું

અનુસરણ સરળ થઈ જાય.

એ જ પ્રમાણે ઈશ્વર કેવો છે ? શું કરે છે ? એ સંબંધમાં પણ અનેક મતભેદ થઈ શકે છે અને થાય છે. કોઈ સાધક વિશ્વાસ અનુસાર કાંઈ પણ માને, તેનાથી કાંઈ અંતર નથી આવતું. તેની સત્તાની સ્વીકૃતિ, શ્રદ્ધા તેમજ વિશ્વાસપૂર્વક તેમની સાથે પોતાની આત્મીયતા સ્વીકાર કરીને, તેને શરણાગત થઈ જવું, તેમનાં જ આપેલા પ્રેમથી તેમને રસ પ્રદાન કરવો, જીવનને તેમનાં માટે ઉપયોગી બનાવવાનો અચૂક ઉપાય છે.

આથી આ નિબંધ સાધનમાં સફળતા માટે એક હસ્ત-પુસ્તિકા(**Manual**)નાં રૂપમાં પ્રસ્તુત છે. બીજું કાંઈ વાંચ્યા વિના પણ આનું અનુસરણ કરી શકાય છે, અને ઘણું બધું વાંચ્યા પછી પણ નિચોડનાં રૂપમાં દરેક આવશ્યક મુખ્ય વાતોને થોડામાં જાણી શકાય છે.

માનવ સેવા સંઘ દ્વારા માનવ-જીવનનાં જે મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થઈ ચૂક્યું છે, તેમાંથી જ 'સાધન-નિધિ'નું નિરૂપણ એક જ નિબંધમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આ દૃષ્ટિએ સાધક માટે સફળતા મેળવવાનો ઉપાય અતિ સુગમ બતાવવામાં આવ્યો છે. આની પાછળ કોઈ મનીષીનાં જીવનનાં અનુભૂત સત્યનો આધાર છે અને સાધકોની અસફળતાની પીડાની વેદના છે. જે અનંતની અહેતુની કૃપાથી આ નિધિ આપણને ઉપલબ્ધ થઈ છે, તેમનાં જ આપેલા સામર્થ્યથી આને અપનાવીને, આપણે દરેક લોકો દરેક માટે ઉપયોગી થઈ જઈએ, આ જ સદ્ભાવના સાથે-

ગીતા ભવન
૨૩.૫.૧૯૬૪

વિનીતા,
દેવકી

।। श्रीहरिः शरणम्।।

# સાધન નિધિ

માનવ-માત્ર જન્મજાત સાધક છે. આથી તેણે સાધન નિધિથી સંપન્ન થવું અનિવાર્ય છે. માનવ તેને નથી કહેતાં જેની કોઈ માંગ ન હોય અને જેનાં પર કોઈ દાયિત્વ ન હોય. મળેલા શરીરનું નામ 'માનવ' રાખવું ભૂલ છે, કારણ કે શરીર કર્મ-સામગ્રી છે, બીજું કાંઈ નથી.

'હું છું', આ સ્વીકૃતિ માનવ-માત્રની મૂળ સ્વીકૃતિ છે. પોતાને અસ્વીકાર કરવો સંભવ નથી.'હું શું છું', આ સંબંધમાં અનેક મત ભલેને હોય, પરંતુ 'હું છું અને મારામાં જ માંગ છે', આમાં બે મત નથી અને આ માનવ-માત્રને સ્વીકાર છે.

આ નિયમ છે કે જેનામાં માંગ હોય છે, તેનાં પર કાંઈ-ને-કાંઈ દાયિત્વ પણ હોય છે. આ દૃષ્ટિએ જેમાં માંગ છે, તેનાં જ ઉપર દાયિત્વ પણ છે. માંગની પૂર્તિ વૈધાનિક તથ્ય છે, અર્થાત્ અનિવાર્ય છે. તેનાથી નિરાશ થવું તથા હાર માની બેસવું, પ્રમાદ સિવાય બીજું કાંઈ નથી.

દાયિત્વ પૂરું કરવાનું સામર્થ્ય માનવ-માત્રમાં વિદ્યમાન છે. દાયિત્વ પૂરું કરવું અને માંગની પૂર્તિ થવી યુગપદ્ છે. આથી માનવ 'સાધક' છે, તે પોતાનાં સાધ્ય સાથે અભિન્ન થઈ શકે છે, એ નિર્વિવાદ સત્ય છે.

સાધક પર દાયિત્વ શું છે ? આ સંબંધમાં વિચાર કરવાથી એ સ્પષ્ટ વિદિત થાય છે કે તેણે સત્સંગ દ્વારા સાધન-નિધિથી સંપન્ન થવાનું છે. 'સાધન-નિધિ' સાધકનું જીવન અને સાધ્યનો સ્વભાવ છે. આથી પ્રત્યેક માનવ સાધક હોવાને નાતે, સાધન-નિધિથી સંપન્ન થઈને, દરેક માટે ઉપયોગી સિદ્ધ થાય છે. આ જ માનવ-જીવનની પૂર્ણતા છે. આ દૃષ્ટિએ માનવ-જીવનનો બહુ મહિમા છે.

આ મહિમા તેને પોતાનાં રચયિતા પાસેથી મળી છે. આથી એ મહિમાવાનની મહિમાનો કોઈ પારાવાર નથી, જેણે માનવનું નિર્માણ કર્યું.

માનવ પોતાને જ્યાં સુધી સાધક સ્વીકાર નથી કરતો, ત્યાં સુધી જ અનુપયોગી રહે છે. આ દૃષ્ટિએ માનવ-માત્ર પોતાને સાધક સ્વીકાર કરે, એ અનિવાર્ય છે. સ્વીકૃતિને અનુરૂપ જ પ્રવૃત્તિ સહજ તથા સ્વાભાવિક થાય છે.'સાધક'ની સ્વીકૃતિમાં અસાધનની નિવૃત્તિ તો છે જ. આથી અસાધન-રહિત સાધન જ વાસ્તવમાં સાધન-નિધિ છે.

અસાધનની સાથે-સાથે ભાસિત થવાવાળું સાધન 'સાધન' નથી. જો કે પ્રાકૃતિક નિયમાનુસાર કોઈ પણ માનવ સર્વાંશમાં સાધનથી રહિત તથા અસાધનથી યુક્ત હોઈ જ નથી શકતો. પરંતુ અસાધન રહિત 'સાધન-નિધિ'થી સંપન્ન પ્રત્યેક માનવ થઈ શકે છે. આથી જ સાધન-નિધિથી સંપન્ન થવું માનવ-માત્ર માટે વર્તમાનનો પ્રશ્ન છે, અને તે હલ થઈ શકે છે.

## પોતનાં માટે ઉપયોગી થવું

માનવ-જીવન જો કે દરેક માટે ઉપયોગી છે, પરંતુ જ્યાં સુધી માનવ પોતાનાં માટે ઉપયોગી નથી થતો, ત્યાં સુધી જગત અને જગતપતિ માટે પણ ઉપયોગી નથી થઈ શકતો. આ દૃષ્ટિએ સર્વ પ્રથમ આ વાત પર વિચાર કરવાનો છે કે આપણે પોતાનાં માટે ક્યારે ઉપયોગી થઈ શકીએ છીએ.

**(૧) ભૂલ-રહિત થવું :-** જ્યાં સુધી માનવ મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય વગેરેને પોતાની માને છે તથા પોતાનાં માટે માને છે, ત્યાં સુધી ભૂલ-રહિત નથી થઈ શકતો. ભૂલનાં રહેતાં તો માનવ અનુપયોગી જ રહે છે. આથી ભૂલ-રહિત થવું અનિવાર્ય છે.

આ કોઈનો અનુભવ નથી કે જેને જે મળ્યું છે, તેનાં પર તેનો સ્વતંત્ર અધિકાર થઈ જાય; કારણ કે, મળેલું કહે જ એને છે, જે તેનું પોતાનું નથી.

જે પોતાનું નથી, તે પોતાનાં માટે હોઈ જ નથી શકતું. તેનો ઉપયોગ દાતાને નાતે, પ્રતીત થવાવાળા જગત પ્રત્યે જ થઈ શકે છે. દાતા કોણ છે ? આમાં અનેક મત ભલેને હોય, પરંતુ મળેલું પોતાનું નથી, આમાં બે મત નથી.

એટલું જ નહિ, જો મળેલું પોતાનું હોત, તો તેના પર પોતાનો સ્વતંત્ર અધિકાર હોત, અને જો પોતાનાં માટે હોત, તો પછી કોઈ બીજી માંગ શેષ ન રહેત. પરંતુ એ બન્ને જ વાતો અનુભવથી સિદ્ધ છે કે જે મળેલું છે, તેનાં રહેતાં પણ અભાવ શેષ છે અને તેને જ્યાં સુધી રાખવા ચાહીએ, રાખવાની સ્વાધીનતા પણ નથી.

આથી એ નિર્વિવાદ સિદ્ધ છે કે મળેલું પોતાનું નથી. આ અનુભવ-સિદ્ધ તથ્યને અપનાવવાનો અર્થ નિર્મમ થવાની પ્રેરણા આપે છે. નિર્મમ થવાથી મળેલાનાં સદુપયોગમાં કોઈ બાધા નથી થતી, પરંતુ સદુપયોગ સહજ સ્વાભાવિક થઈ જાય છે, જેનાં થતાં જ સુંદર સમાજનું નિર્માણ આપો-આપ થવા લાગે છે.

મળેલાનાં દુરુપયોગથી જ સમાજમાં સંઘર્ષ થવા લાગે છે. મળેલાનો દુરુપયોગ માનવ ત્યારે કરે છે, જ્યારે તે તેને પોતાનું અને પોતાનાં માટે માને છે. આ માન્યતા સર્વથા ભૂલ-જનિત છે. ભૂલ-રહિત થવું માનવ-માત્ર માટે અનિવાર્ય છે; કારણ કે ભૂલથી જ માનવ અનુપયોગી થયો છે, અને ભૂલ-રહિત થવાથી તે સ્વતઃ દરેક માટે ઉપયોગી સિદ્ધ થાય છે.

કોઈ પણ ભૂલને અપનાવી લેવાથી અનેક ભૂલો ઉત્પન્ન થાય છે, અથવા એમ કહો કે એક જ ભૂલ અનેક રૂપો ધારણ કરીને માનવને અનુપયોગી કરી દે છે.

ભૂલ પ્રાકૃતિક દોષ નથી, પરંતુ માનવ પોતાનાં અનુભવનાં અનાદરથી જ ભૂલને ઉત્પન્ન કરે છે. આ કારણે ભૂલ-રહિત થવાનું દાયિત્વ માનવ ઉપર જ છે. જો કે માનવનાં રચયિતાએ ભૂલ-રહિત થવાનું સામર્થ્ય આપીને જ તેનું નિર્માણ કર્યું છતાં પણ માનવ પોતાની તરફ નથી જોતો, આ કારણે પોતાની ઉત્પન્ન કરેલી ભૂલમાં પોતે બંધાઈ જાય છે.

**(૨) નિર્મમ થવું :-** નિર્મમતા, જે અનુભવ-સિદ્ધ સત્ય છે, અકર્તવ્યની નાશક અને કર્તવ્યની જનની છે. કર્તવ્ય-પરાયણતા કર્તાને રાગ-રહિત કરી દે છે અને તેનાંથી સુંદર સમાજનું નિર્માણ સ્વતઃ થાય છે. આ દૃષ્ટિએ નિર્મમ થઈને મળેલાનો સદુપયોગ કરવો અનિવાર્ય છે. અથવા એમ કહો કે નિર્મમ થયા વિના, મળેલાનો સદુપયોગ સંભવ જ નથી.

નિર્મમ થવાની સ્વાધીનતા સ્વયં પ્રાપ્ત છે. નિર્મમ થવા માટે કોઈ વસ્તુ, અવસ્થા, પરિસ્થિતિ વગેરેની અપેક્ષા નથી. જેને માટે કોઈ વસ્તુ, અવસ્થા, પરિસ્થિતિ વગેરેની અપેક્ષા ન હોય, તેને માનવ સ્વયં સ્વાધીનતાપૂર્વક કરી શકે છે. 'નિર્મમ' શબ્દનાં ઉચ્ચારણમાં ભલે શ્રમ તથા કાળ અપેક્ષિત હોય, પરંતુ નિર્મમ થવામાં કોઈ પ્રકારનાં શ્રમ તથા કાળની અપેક્ષા નથી. આથી માનવ સ્વયં વર્તમાનમાં જ નિર્મમ થઈ શકે છે, કારણ કે, નિર્મમતા માનવનાં નિજ-જ્ઞાનનાં પ્રભાવનું પરિણામ છે. જેની ઉપલબ્ધિ નિજ-જ્ઞાનથી સિદ્ધ થાય છે, તેનાં માટે કોઈ અભ્યાસ અપેક્ષિત નથી હોતો. આ જ્ઞાનનો મહિમા છે.

પ્રત્યેક માનવને નિજ-જ્ઞાનથી એ સિદ્ધ છે કે મળેલું શરીર તેનું પોતાનું નથી અને ન તે પોતાને માટે પણ છે. આ જ્ઞાનનો પ્રભાવ સાધકે અપનાવવાનો છે.

મમતા કરવા માત્રથી જ પોતાનાં ઉદ્દેશ્યની પૂર્તિ નથી, પરંતુ અનેક વિકારોની જ ઉત્પત્તિ થાય છે. વિકાર-યુક્ત જીવન કોઈને પણ અભિષ્ટ નથી. આ દૃષ્ટિએ મમતાની ગંધ પણ સાધકનાં જીવનમાં નહિ રહેવી જોઈએ.

હવે વિચાર કરવાનો છે કે મમતા પ્રાકૃતિક દોષ છે, અથવા પોતાની ભૂલથી ઉત્પન્ન થાય છે ? તો એ જ વિદિત થાય છે કે મમતા મળેલા જ્ઞાનનાં અનાદરથી ઉત્પન્ન થાય છે, પ્રાકૃતિક દોષ નથી.

જેણે સાધકને જ્ઞાન આપ્યું છે, તેણે એટલી આત્મીયતાથી આપ્યું છે કે એ જ્ઞાન સાધકને પોતાનું જ માલૂમ થાય છે. જો કે સાધકને જેનાથી જ્ઞાન મળ્યું છે, તેનાથી જ શરીર વગેરે વસ્તુઓ પણ મળી છે, પરંતુ એ સાધકનાં પોતાનાં માટે નથી. મળેલું જ્ઞાન જ પોતાનાં માટે છે.

જ્યારે સાધક ભૂલથી જ્ઞાનને પોતાનાં માટે ન માનીને, મળેલી યોગ્યતા, વસ્તુ તેમજ સામર્થ્યને પોતાનાં માટે માને છે, ત્યારે મમતા ઉત્પન્ન થાય છે. આ કારણે એ અનિવાર્ય થઈ જાય છે કે પ્રત્યેક સાધક નિજ-જ્ઞાન દ્વારા વર્તમાનમાં જ નિર્મમ થઈ જાય. નિર્મમ થતાં જ સ્વતઃ નિષ્કામ થવાનું સામર્થ્ય આવી જાય છે. જ્યારે મળેલું શરીર જ પોતાનું નથી, ત્યારે કોઈ પણ વસ્તુ, અવસ્થા અને

પરિસ્થિતિની આવશ્યકતા પોતાનાં માટે નથી રહેતી.

કામના સાધકને કોઈ-ને-કોઈ વસ્તુ, અવસ્થા, પરિસ્થિતિ વગેરેમાં બાંધી દે છે. પ્રાકૃતિક નિયમાનુસાર દરેક વસ્તુ, અવસ્થા, પરિસ્થિતિ વગેરેમાં સતત પરિવર્તન થઈ રહ્યું છે – આ પણ નિજ-જ્ઞાનથી જ સિદ્ધ છે. સતત પરિવર્તનમાં સ્થિતિ સ્વીકાર કરવી ભૂલ છે. આ ભૂલથી જ કામનાઓની ઉત્પત્તિ થાય છે. પરંતુ વૈધાનિક તથ્ય એ છે કે દરેક કામનાઓ પૂરી નથી થતી. આથી કામના-પૂર્તિમાં જીવન-બુદ્ધિ સ્વીકાર કરવી ભૂલ સિવાય બીજું કાંઈ નથી. પરંતુ મમતાનાં રહેતાં સાધક કામનાની પૂર્તિ-અપૂર્તિના દ્વંદ્વથી રહિત નથી થઈ શકતો. આ દૃષ્ટિએ નિર્મમતા નિજ-વિકાસની ભૂમી છે, જેને પ્રત્યેક સાધક સ્વાધીનતાપૂર્વક અપનાવી શકે છે.

કેટલાક સાધકોને એ ભય હોય છે કે મમતા વિના શરીર, પરિવાર, સમાજ વગેરેની સેવા કેવી રીતે થઈ શકે છે ? આ સંબંધમાં વિચાર કરવાથી એ સ્પષ્ટ સિદ્ધ થાય છે કે મમતા તો સાધકને સેવાથી વિમુખ જ કરે છે. શરીરની મમતા પરિવારનાં હિતથી, પરિવારની મમતા સમાજનાં હિતથી, સમાજની મમતા દેશનાં હિતથી અને દેશની મમતા વિદેશનાં હિતથી વિમુખ કરી દે છે. સેવા તેને નથી કહેતાં, જે દરેક માટે હિતકર ન હોય. આથી જ એ સ્પષ્ટ જ સિદ્ધ છે કે મમતાએ તો સાધકને સેવાથી વિમુખ કરીને સ્વાર્થમાં, અસીમથી સીમિતમાં, નિત્યથી અનિત્યમાં તથા ચેતનાથી જડતામાં જ આબદ્ધ કર્યો છે. આથી એ સ્વીકાર કરવું કે મમતા વિના સેવા નથી થઈ શકતી, ભારે ભૂલ છે.

જે મમતાએ પોતાનો જ વિકાસ રોકી દીધો, ભલા એ બીજાઓને માટે હિતકર કેવી રીતે થઈ શકે છે ? અર્થાત્ તેનાથી બીજાઓનો વિકાસ થઈ જ નથી શકતો. એટલું જ નહિ, મમતા જેનામાં ઉત્પન્ન થાય છે અને જેનાં પ્રત્યે થાય છે, બન્ને જ માટે અહિતકર છે. આથી જ મમતાનું સાધકનાં જીવનમાં કોઈ સ્થાન જ નથી.

નિર્મમ થવાની સ્વાધીનતાનો ઉપયોગ ન કરવો અને હાર માનીને બેસી જવું દરેક સાધકો માટે સર્વથા ત્યાજ્ય છે. એ વૈધાનિક તથ્ય છે કે મળેલી

સ્વાધીનતાનો ઉપયોગ પોતે જ કરવો પડશે.

એ અવશ્ય છે કે ક્યારેક-ક્યારેક સાધક પ્રમાદવશ જે કરી શકે છે, તેને જ કરવામાં પોતાને અસમર્થ માની લે છે. એવી દશામાં નિર્મમ થવાની ઉત્કટ લાલસા તેને પ્રાર્થી બનાવી દે છે. વૈધાનિક પ્રાર્થનાની પૂર્તિ મંગલમય વિધાનથી અવશ્ય પૂરી થાય છે.

હવે રહી કેવળ નિર્મમ થવાની તીવ્ર આવશ્યકતા અનુભવ કરવી. એટલું જ દાયિત્વ જો સાધક પૂરું કરી નાખે, તો નિર્મમ થવું સહજ તથા સ્વાભાવિક થઈ જશે; કારણ કે, જ્યારે સાધક વાસ્તવિકતા તરફ અગ્રેસર થાય છે, ત્યારે સમસ્ત સૃષ્ટિ અને તેનાં આશ્રય તથા પ્રકાશક તેને હર્ષપૂર્વક અપનાવે છે. આ દૃષ્ટિએ સાધકનાં જીવનમાં હાર માની લેવા અથવા નિરાશ થવા માટે કોઈ સ્થાન જ નથી.

અલ્પ-થી-અલ્પ આયુ તથા સામર્થ્ય કેમ ન રહી જાય, વાસ્તવિકતાની ઉત્કટ માંગની જાગૃતિમાં સફળતા અનિવાર્ય છે. આ સાધકનાં જીવનનો મહિમા છે, જે તેનાં રચયિતાએ પોતાની અહેતુની કૃપાથી પ્રેરિત થઈને પ્રદાન કર્યો છે. મળેલા મહિમાનો આદર કરો અને એ મહા મહિમાવાનને પોતાના સ્વીકાર કરો, આ જ સફળતાની કુંજી છે.

**(૩) કામના-રહિત થવું :-** મમતાનો સર્વાંશમાં અંત થતાં જ કામનાઓનો નાશ સુલભ થઈ જાય છે; કારણ, કે મળેલા શરીર અને જોયેલા જગતમાં જાતીય એકતા છે. જે ધાતુથી શરીર નિર્મિત છે, એ જ ધાતુથી જગત પણ નિર્મિત છે. જ્યારે મળેલું જ આપણું નથી, તો પછી પ્રતીત થવાવાળા જગતની કામનાઓનું સાધકનાં જીવનમાં કોઈ સ્થાન જ નથી રહેતું; કારણ કે, મળેલામાં અહં-બુદ્ધિ અને મમ-બુદ્ધિ સ્વીકાર કરવાથી જ કામનાઓની ઉત્પત્તિ થાય છે. પરંતુ દરેક કામનાઓની પૂર્તિ નથી થતી. જો કે પ્રત્યેક કામના-પૂર્તિનાં સુખનો ભોગ નવીન કામનાઓને જન્મ આપે છે અને અંતમાં કામના-અપૂર્તિનું દુઃખ જ શેષ રહે છે. આ દૃષ્ટિએ કામનાઓની પૂર્તિ અને અપૂર્તિ બન્ને એક જ સિક્કાની બે બાજુઓની સમાન છે. એટલું જ નહિ, કામના-પૂર્તિનું સુખ માનવને

જડતામાં આબદ્ધ કરે છે અને કામના-અપૂર્તિનાં દુઃખથી સજાગતા આવે છે. આ કેવું અનુપમ મંગલકારી વિધાન છે કે જે સાધકને જડતામાં આબદ્ધ રહેવા જ નથી દેતું ! કામના-પૂર્તિ કાળમાં માનવ પરાધીન થઈને પણ સુખનો અનુભવ કરે છે, આ કેવો પ્રમાદ છે ! આ પ્રમાદનો અંત કરવા માટે જ દુઃખનો પ્રાદુર્ભાવ થાય છે. પરંતુ દુઃખનાં પ્રભાવને ન અપનાવીને, કામના-પૂર્તિ જનિત પરાધીનતાને બનાવી રાખવાની અભિરુચિ, શું પોતાનાં જ દ્વારા પોતાનો વિનાશ કરવો નથી ? અવશ્ય છે.

તે શુભ કામનાઓ, જે મળેલી વસ્તુ, યોગ્યતા અને સામર્થ્ય દ્વારા બીજાઓનાં અધિકારની રક્ષામાં હેતુ છે, તેની પૂર્તિ વર્તમાન કર્તવ્ય-કર્મ દ્વારા થઈ શકે છે. પરંતુ તેનાં બદલામાં પોતાનાં માટે કાંઈ પણ જોઈએ, તો સાધક નિષ્કામ નથી થઈ શકતો. નિષ્કામ-કર્તાથી જ કર્તવ્ય-પાલન થાય છે. આ દૃષ્ટિએ સાધકનાં જીવનમાં કામનાઓનું કોઈ સ્થાન જ નથી.

કર્તવ્ય-કર્મ દ્વારા પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ થાય છે. નિષ્કામ થતાં જ પરિસ્થિતિનાં સદુપયોગમાં કોઈ પ્રકારની અસુવિધા નથી થતી. કામના-યુક્ત પ્રાણી પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ નથી કરી શકતો અને ન અપ્રાપ્ત પરિસ્થિતિઓનાં ચિંતનથી તે મુક્ત થાય છે. એટલું જ નહિ, પરિસ્થિતિઓની દાસતામાં આબદ્ધ થઈને તે દીનતા અને અભિમાનની અગ્નિમાં દગ્ધ થતો રહે છે. આ બહુ જ શોચનીય દશા છે, જે એકમાત્ર નિષ્કામ થવાથી જ મટી શકે છે. નિષ્કામતાને અપનાવતાં જ પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ કરવાનું તથા અપ્રાપ્ત પરિસ્થિતિઓનાં ચિંતનથી રહિત થવાનું સામર્થ્ય સ્વતઃ આવી જાય છે. એટલું જ નહિ, દરેક પરિસ્થિતિઓ, અર્થાત્ સુખ-દુઃખથી અતીતનાં જીવનમાં પ્રવેશ સહજ તથા સ્વાભાવિક થઈ જાય છે. આ કારણે નિષ્કામતાને અપનાવવી પ્રત્યેક સાધક માટે અનિવાર્ય છે.

ભૂલથી ઉત્પન્ન થયેલી કામનાઓનો અંત ભૂલ-રહિત થવાથી જ સંભવ છે, કોઈ અભ્યાસથી કામનાઓનો નાશ નથી થતો. અભ્યાસ માટે તો દેહનો આશ્રય લેવો અનિવાર્ય હોય છે અને દેહનાં આશ્રય-માત્રથી જ કામનાઓની

ઉત્પત્તિ થાય છે. આથી એ નિર્વિવાદ સિદ્ધ થાય છે કે તપ વગેરેથી કામનાઓનો નાશ નથી થતો. તપથી શક્તિ વગેરેની ઉપલબ્ધિ થાય છે, પરંતુ નિષ્કામતા એકમાત્ર સત્સંગથી જ પ્રાપ્ત થાય છે. આ કારણે પ્રત્યેક સાધક માટે સત્સંગનાં પ્રકાશમાં પોતાને રાખવો અત્યંત આવશ્યક છે.

સત્સંગ કોઈ અભ્યાસ અથવા તપ નથી, પરંતુ સાધકનો 'સ્વ-ધર્મ'છે. અર્થાત્ પરાશ્રય વિના પોતાનાં જ દ્વારા જેની સિદ્ધિ થાય છે, એ જ 'સત્સંગ' છે. હવે વિચાર એ કરવાનો છે કે મળેલાં શરીરથી અહં-બુદ્ધિ તથા મમ-બુદ્ધિનો ત્યાગ, અથવા આસ્થા-શ્રદ્ધા-વિશ્વાસપૂર્વક શરણાગતિ, અથવા મળેલાંનો દુરુપયોગ ન કરવો, શું પ્રત્યેક સાધક પોતાનાં દ્વારા સ્વયં નથી કરી શકતો ?

આ દૃષ્ટિએ નિષ્કામ થવા માટે સાધકે સત્સંગી થવું પરમ આવશ્યક છે. સત્સંગની તીવ્ર માંગ પ્રત્યેક સાધકનાં જીવનમાં રહેવી જોઈએ. પ્રાકૃતિક નિયમાનુસાર એક કાળમાં એક જ માંગ રહે છે. સત્સંગની માંગ સાધકને ભૂલ-રહિત થવાનું સામર્થ્ય પ્રદાન કરે છે.

નિષ્કામતા એક વાસ્તવિકતા છે. આ દૃષ્ટિએ સત્સંગથી નિષ્કામતા અને નિષ્કામતાથી સત્સંગ સ્વતઃ સિદ્ધ છે. કામના અસત્નો સંગ ઉત્પન્ન કરે છે. અસત્નાં સંગથી જ સમસ્ત વિકારો તથા અભાવોનો જન્મ થાય છે. આ કારણે કામનાઓનો અંત કરવો અત્યંત આવશ્યક છે.

કામના-માત્રથી કોઈ ઇચ્છિત વસ્તુની ઉપલબ્ધિ નથી થતી. આ દૃષ્ટિએ પણ સાધકનાં જીવનમાં કામનાનું કોઈ સ્થાન નથી. કામના વ્યર્થ-ચિંતનમાં આબદ્ધ કરીને, વર્તમાન પરિસ્થિતિનાં સદુપયોગમાં બાધક થાય છે. વ્યર્થ-ચિંતનથી પ્રાપ્ત સામર્થ્યનો હ્રાસ જ થાય છે.

કામનાઓનાં ત્યાગમાં કોઈ પરિશ્રમ નથી અને ન કોઈ વસ્તુ, વ્યક્તિ વગેરેની અપેક્ષા જ હોય છે. આ કારણે કામનાઓનો ત્યાગ પ્રત્યેક સાધક માટે સંભવ છે. કામનાપૂતિમાં પરાધીનતા છે, ત્યાગમાં નહિ. સ્વાધીનતાપૂર્વક સાધક સ્વાધીનતાનાં સામ્રાજ્યમાં સદાને માટે પ્રવેશ કરી શકે છે, પરંતુ કામનાઓને રાખતાં પરાધીનતા ક્યારેય નષ્ટ નથી થતી.

જ્યારે સાધકને પરાધીનતા અસહ્ય થઈ જાય છે, ત્યારે તેને નિષ્કામતા અપનાવવામાં કોઈ પ્રકારની કઠિનતા નથી થતી. પરાધીનતા સહન કરતા રહેવાથી જ કામનાઓ પોષિત થાય છે. પરાધીનતા માનવને ચિન્મય-જીવનથી વિમુખ કરીને જડતામાં આબદ્ધ કરે છે. આ દૃષ્ટિએ પરાધીનતા સહન કરવી ભારે ભૂલ છે.

સ્વાધીનતાપૂર્વક સાધક મૃત્યુનાં ભયથી રહિત થઈ, અમરત્વથી અભિન્ન થઈ શકે છે. એટલું જ નહિ, સ્વાધીન થઈને જ સાધક ઉદારતા તથા પ્રેમથી અભિન્ન થાય છે. પરાધીન પ્રાણીનાં જીવનમાં ન તો ઉદારતા જ આવે છે, અને ન પ્રેમની જ અભિવ્યક્તિ થાય છે. આ કારણે પરાધીનતાનો નાશ કરવો અનિવાર્ય છે, જે એકમાત્ર નિષ્કામતાથી જ સાધ્ય છે.

નિષ્કામતામાં ઐશ્વર્ય છે; કારણ કે નિષ્કામતા સાધકને વિશ્વ-વિજયી બનાવી દે છે. જેને કાંઈ નથી જોઈતું, તેના પર સંસાર વિજયી નથી થઈ શકતો, અર્થાત્ કામના-રહિત થતાં જ માનવનું મૂલ્ય સમસ્ત વિશ્વથી અધિક થઈ જાય છે અને તે વિશ્વનાં આશ્રય તથા પ્રકાશકનાં પ્રેમનો અધિકારી બની જાય છે. કામનાયુક્ત પ્રાણી મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય વગેરેનો સદુપયોગ નથી કરી શકતો. આ કારણે તે પરિવાર, સમાજ, સંસાર માટે અનુપયોગી થઈ જાય છે.

આ દરેકને વિદિત છે કે નિષ્કામતા વિના સ્વાધીનતા નથી આવતી અને સ્વાધીનતા વિના માનવ પોતાનાં માટે અનુપયોગી થાય છે. ભલા, જેને કાંઈ પણ જોઈએ, તે કોઈનો પ્રેમી કેવી રીતે થઈ શકે છે ? પ્રેમ-રહિત જીવન પ્રભુ માટે ઉપયોગી નથી થતું. આથી જ કામના માનવને દરેક માટે અનુપયોગી કરી દે છે.

આ દરેકને માન્ય છે કે કામનાની પૂર્તિમાં રાગ અને અપૂર્તિમાં ક્રોધની ઉત્પત્તિ થાય છે. રાગ માનવને જડતામાં આબદ્ધ કરે છે અને ક્રોધથી કર્તવ્યની, નિજ-સ્વરૂપની તથા પ્રભુની વિસ્મૃતિ થાય છે. અર્થાત્ તે વાસ્તવિકતાથી અપરિચિત થઈ જાય છે, જે વિનાશનું મૂળ છે. આ કારણે પ્રત્યેક સાધક માટે શીઘ્રાતિશીઘ્ર કામનાઓનો નાશ કરવો અત્યંત આવશ્યક છે.

આ કેવું આશ્ચર્ય છે કે જેને માનવ સ્વયં કરી શકે છે, તેને ન કરે ! શું આ

પોતાનાં જ દ્વારા પોતાનો વિનાશ કરવો નથી ? પોતાનાં વિનાશનું કારણ બીજાઓને માનવું અને પોતાનાં દ્વારા સ્વયં નિષ્કામ ન થવું તથા પોતાની અને બીજાઓની વચ્ચે વેર-ભાવ ઉત્પન્ન કરવો, શું સાધકની પોતાની જ ભૂલ નથી ? અવશ્ય છે.

નિષ્કામ થતાં જ નિર્વૈરતા, સમતા, મુદિતા વગેરે દિવ્ય ગુણો સ્વતઃ અભિવ્યક્ત થાય છે. યોગ, બોધ અને પ્રેમથી વિમુખ કરવામાં કામના જ હેતુ છે. નિષ્કામતાથી ચિત્ત સ્વતઃ શુદ્ધ, શાંત તથા સ્વસ્થ થાય છે, જેનાં થતાં જ કર્તવ્યપરાયણતા તથા યોગની પ્રાપ્તિ સ્વતઃ થાય છે. નિષ્કામતાથી ઉદિત શાંતિમાં જ આવશ્યક સામર્થ્યની અભિવ્યક્તિ થાય છે. અસમર્થતા જ માનવને પરાધીનતામાં આબદ્ધ કરે છે, અને આવશ્યક સામર્થ્યની ઉપલબ્ધિથી જ પરાધીનતાનો નાશ થાય છે. આ કારણે નિષ્કામતાથી પ્રાપ્ત શાંતિનું સંપાદન પ્રત્યેક સાધક માટે અનિવાર્ય છે.

**(૪) અધિકાર-લિપ્સાથી રહિત થવું :-** નિષ્કામ થતાં જ પોતાના અધિકારનાં ત્યાગનું બળ સાધકમાં સ્વતઃ આવી જાય છે. અથવા એમ કહો કે અધિકાર-લોલુપતામાં માનવને કામના જ આબદ્ધ રાખે છે. માનવની સ્વાધીનતા બીજાઓનાં અધિકારની રક્ષામાં જ છે, પોતાનાં અધિકારને મેળવવામાં માનવ સ્વાધીન નથી. હા, એ અવશ્ય છે કે જે બીજાઓનાં અધિકારની રક્ષા કરે છે, તેનાં પ્રત્યે જગતની ઉદારતા સ્વતઃ હોય છે. આ દૃષ્ટિએ અધિકાર દેવામાં જ અધિકાર છે. અધિકાર-લોલુપતા તો માનવને રાગમાં આબદ્ધ તથા ક્રોધથી આક્રાંત કરે છે, જે વિનાશનું મૂળ છે.

જ્યારે મળેલાં શરીર પર જ પોતાનો સ્વતંત્ર અધિકાર નથી, તો પછી તેની જ જાતિનો જે સંસાર છે, તેના પર અધિકાર માનવો ભૂલ સિવાય બીજું હોઈ જ શું શકે છે ? હા, પોતાનાં પર શરીર અને સંસારનો એ અધિકાર અવશ્ય છે કે તેનાં પ્રત્યે નિર્મમ તથા નિષ્કામ થઈને તેનાં હિત-ચિંતક બન્યા રહીએ, અર્થાત્ આળસ, અકર્મણ્યતા, અસંયમ વગેરેથી શરીરનું અહિત ન કરીએ અને શરીર

દ્વારા સમાજનું અહિત ન કરીએ. આ ત્યારે જ સંભવ થશે, જ્યારે માનવ શરીર વગેરે વસ્તુઓને કેવળ સાધન-સામગ્રીનાં રૂપમાં જ સ્વીકાર કરે.

સર્વ-હિતકારી પ્રવૃત્તિ અધિકાર-ત્યાગથી જ ઉદિત થાય છે અને સહજ નિવૃત્તિની ઉપલબ્ધિ પણ અધિકાર-લોલુપતાના નાશથી જ સિદ્ધ થાય છે. સર્વ-હિતકારી પ્રવૃત્તિ અને સહજ નિવૃત્તિ એક જ જીવનની બે બાજુઓ છે. ઉદારતા અને અસંગતા અધિકાર-ત્યાગની જ દેન છે.

ઉદારતા સમસ્ત વિશ્વ સાથે એકતા અને અસંગતા દેહાતીત જીવન સાથે અભિન્નતા પ્રદાન કરવામાં સમર્થ છે. આ દૃષ્ટિએ અધિકાર-ત્યાગનો બહુ જ મહિમા છે. અધિકાર દઈને પણ અધિકાર મેળવવાની અભિરુચિ દેહ સાથે તાદાત્મ્ય ઉત્પન્ન કરી દે છે, જે સમસ્ત દોષોની ભૂમિ છે. આ કારણે સાધકે શરીર, પરિવાર, સમાજ વગેરેથી પોતાનો અધિકાર હટાવી લેવો જોઈએ.

અધિકાર હટાવવાનો અર્થ શરીર વગેરેની ઉપેક્ષા નથી, પરંતુ દરેક પ્રત્યે સદ્‌ભાવના રાખતાં, પોતાને અધિકારનાં ભારથી મુક્ત કરીને, દરેકને અભય કરવા છે. અધિકારનાં ભારથી દબાયેલો સમાજ ભયભીત થઈને સ્વયં અધિકાર-લોલુપતામાં આબદ્ધ થઈ જાય છે. જેમ-જેમ અધિકાર-લોલુપતા વધતી જાય છે, તેમ-તેમ કર્તવ્યની વિસ્મૃતિ થતી જાય છે અને અનેક પારસ્પરિક સંઘર્ષ ઉત્પન્ન થઈ જાય છે. આ કારણે પ્રત્યેક સાધકે શીઘ્રાતિશીઘ્ર પોતાને અધિકાર-લોલુપતાથી રહિત કરવો અનિવાર્ય છે.

કર્તવ્યપરાયણતા, અર્થાત્ બીજાઓનાં અધિકારની રક્ષાથી દીર્ઘકાળનાં રાગની નિવૃત્તિ સ્વતઃ થઈ જાય છે અને પોતાનાં અધિકારનો ત્યાગ કરવાથી નવીન રાગ ઉત્પન્ન નથી થતો. આમ આ પ્રમાણે સાધક બહુ જ સુગમતાપૂર્વક રાગ-રહિત થઈ જાય છે, જે સર્વતોમુખી વિકાસની ભૂમિ છે. આ દૃષ્ટિએ બીજાઓનાં અધિકારની રક્ષા કરીને પણ પોતાનાં અધિકારનો ત્યાગ અનિવાર્ય છે.

અધિકારનું અપહરણ થવાથી ક્રોધથી આક્રાંત માનવમાં વિસ્મૃતિ ઉત્પન્ન થાય છે, જેનાં થતાં જ સાધક વાસ્તવિકતાથી વિમુખ થઈને અકર્તવ્ય,

દેહાભિમાન તેમજ અનેક પ્રકારની આસક્તિઓમાં આબદ્ધ થઈ જાય છે. આ કારણે અધિકાર અપહૃત થવાથી ક્ષોભ તથા ક્રોધથી આક્રાંત નહિ થવું જોઈએ.

આ ત્યારે જ સંભવ થશે, જ્યારે બધાથી પોતાનો અધિકાર ઉઠાવીને, દરેકનાં અધિકારની રક્ષા કરતાં, તે લક્ષ્ય તરફ ઉત્તરોત્તર અગ્રેસર થવા માટે અથાગ પ્રયત્નશીલ રહે.

પોતાનું લક્ષ્ય એ જ હોઈ શકે છે, જેની ઉપલબ્ધિ પોતાનાં જ દ્વારા પોતાને થઈ શકે. જ્યારે માનવનાં રચયિતાએ તેને પોતાનાં લક્ષ્યની પ્રાપ્તિની સ્વાધીનતા આપી છે, તો પછી તેણે શરીર વગેરે કોઈનાં ઉપર પણ પોતાનો અધિકાર માનવો અપેક્ષિત નથી.

પોતાનો અધિકાર ન માનવાથી પણ સાધક પ્રત્યે સમસ્ત વિશ્વની ઉદારતા સતત રહે છે. પરંતુ આનો અર્થ એ નથી કે સાધક પોતાનાં પ્રત્યે બીજાઓની ઉદારતા બનાવી રાખવા માટે પોતાનાં અધિકારનો ત્યાગ કરે.

અધિકારનો ત્યાગ કર્યા વિના સ્વાધીનતાનાં સામ્રાજ્યમાં સાધકનો પ્રવેશ જ નથી થતો અને સ્વાધીનતા વિના જગત પ્રત્યે ઉદારતા તથા જગત્પતિ પ્રત્યે પ્રેમનો પ્રાદુર્ભાવ થતો જ નથી, જે વાસ્તવિક જીવન છે.

એ દરેકને માન્ય હશે કે ઉદારતા, સ્વાધીનતા તેમજ પ્રેમની પ્રાપ્તિમાં જ માનવ-જીવનની પૂર્ણતા છે. આ દૃષ્ટિએ અધિકાર-લોલુપતાનું માનવનાં જીવનમાં કોઈ સ્થાન જ નથી. એટલું જ નહિ, બળપૂર્વક અથવા માગવાથી અધિકાર મળતો પણ નથી. શું કોઈ સબળ-થી-સબળ પણ પોતાનાં પ્રત્યે બળપૂર્વક પ્યાર કરાવી શકે છે ? કદાપિ નહિ. સબળ નિર્બળની શરીરાદિ વસ્તુઓનો નાશ કરી શકે છે, પરંતુ પોતાનાં પ્રત્યે શ્રદ્ધા, વિશ્વાસ તથા આત્મીયતા બળપૂર્વક નથી પ્રાપ્ત કરી શકતો.

અધિકાર દેવાની વસ્તુ છે, માગવાની નહિ. જો માનવ-સમાજ અધિકાર આપવાની સદ્‌ભાવનાને અપનાવી લે, તો દરેકનાં અધિકારો સુરક્ષિત થઈ જાય. અધિકાર આપવાની ભાવના ત્યારે જ વિભુ થઈ શકે છે, જ્યારે સાધક પોતાનાં અધિકારને ત્યાગી, બીજાઓનાં અધિકારની રક્ષા કરતો રહે. સાધકનું જીવન

સાધનનિષ્ઠ થયેથી સ્વતઃ વિભુ થઈ જાય છે. પરંતુ આ રહસ્ય ત્યારે સ્પષ્ટ થાય છે, જ્યારે સાધક પોતાનાં માટે ઉપયોગી થઈ જાય. પરાધીનતા રહેતાં પોતાનાં માટે ઉપયોગી થવું સંભવ નથી. સ્વાધીનતા એકમાત્ર પોતાનાં અધિકારનાં ત્યાગ અને બીજાઓનાં અધિકારને આપવામાં જ છે.

સ્વાધીનતા વર્તમાનની માંગ છે અને તેને સાધક સ્વાધીનતાપૂર્વક જ પ્રાપ્ત કરી શકે છે. જેમ-જેમ સ્વાધીનતાની માંગ સબળ તથા સ્થાયી થતી જાય છે, તેમ-તેમ પરાધીનતાનો નાશ કરવાનું સામર્થ્ય સાધકને મંગલમય વિધાનથી સ્વતઃ પ્રાપ્ત થાય છે. પરાધીનતા સહન કરવા સમાન માનવની બીજી કોઈ મોટી ભૂલ નથી.

લેશમાત્રની પરાધીનતા પણ માનવને દીન, હીન તથા મલિન બનાવી દે છે, આ અનુભવ સિદ્ધ તથ્ય છે. આથી સ્વાધીનતા પ્રાપ્ત કરવા માટે તેમજ મળેલી સ્વાધીનતા સુરક્ષિત રાખવા માટે સાધકે સજાગતાપૂર્વક દેહાદિ સમસ્ત દશ્યથી પોતાનો અધિકાર હટાવી લેવો જોઈએ.

દશ્યથી અધિકાર હટાવતાં જ સાધકની પ્રગતિ એમનાં તરફ સ્વતઃ થઈ જાય છે, જે સમસ્ત દશ્યનો આશ્રય તથા પ્રકાશક છે. જગતનાં ઉદ્‌ગમની શોધ પણ એ જ કરી શકે છે, જે સર્વ તરફથી વિમુખ થઈને, અધિકાર-લાલસાથી રહિત, પોતાને પોતાની માંગથી અભિન્ન કરવામાં સમર્થ થઈ જાય. જ્યારે સાધક પોતાનામાં પોતાની માંગથી ભિન્ન કાંઈ નથી પામતો, ત્યારે કરુણામયની કરુણા માંગને પૂરી કરી દે છે, આ નિર્વિવાદ સત્ય છે.

જો કે માનવમાત્રમાં તેની માંગ બીજરૂપથી વિદ્યમાન છે, પરંતુ ભૂલથી ઉત્પન્ન થયેલી અધિકાર-લોલુપતાએ તેને પૂર્ણ રૂપથી જાગ્રત નથી થવા દીધી. ગંભીરતાપૂર્વક વિચાર કરવાથી એ સ્પષ્ટ વિદિત થાય છે કે સમસ્ત વિશ્વ મળીને પણ સાધકની વાસ્તવિક માંગને પૂરી નથી કરી શકતું. આ દષ્ટિએ સાધકનું મૂલ્ય સૃષ્ટિથી અધિક છે. આવા મૂલ્યવાન જીવનને પામીને અધિકાર-લોલુપતાને કારણે માનવ પોતાની દુર્દશા પોતે કરી નાખે, આનાંથી વધીને શોચનીય દશા કઈ હોઈ શકે ?

આનો અર્થ એ નથી કે માનવ નિરાશ થઈને, હાર માનીને બેસી જાય. ભૂતકાળ ભલે કેવોય કેમ ન વીત્યો હોય, જો સાધક સજાગતાપૂર્વક પોતાનાં માટે ઉપયોગી થવાનો પ્રયાસ કરે, તો સફળતા અનિવાર્ય છે. પોતાનાં અધિકારનાં ત્યાગમાં પરાધીનતા તથા અસમર્થતાની ગંધ પણ નથી.

સુખ-લોલુપતાની દાસતાએ બિચારા માનવને અધિકારનો દાસ બનાવી દીધો છે. પરાધીનતા-જનિત વેદના જ્યારે સુખ-લોલુપતાને ખાઈ લે છે, ત્યારે સાધક સ્વાધીનતાપૂર્વક અધિકાર-લોલુપતાથી રહિત, કર્તવ્યનિષ્ઠ થઈ, કૃતકૃત્ય થઈ જાય છે, અર્થાત્ પછી તેને પોતાનાં માટે કાંઈ પણ કરવું શેષ નથી રહેતું.

**(૫) અહંકૃતિ-રહિત થવું :-** અહંકૃતિ-રહિત થતાં જ અહંભાવરૂપી અણુ સદાને માટે મટી જાય છે, જેનાં મટતાં જ, જે સદૈવ છે, તેનાંથી કોઈ પ્રકારની દૂરતા, ભેદ તથા ભિન્નતા નથી રહેતી, અર્થાત્ યોગ, બોધ અને પ્રેમની પ્રાપ્તિ સ્વતઃ થાય છે. આ અનંતનું મંગલમય વિધાન છે.

પોતાનાં માટે કાંઈ પણ કરવાનો પ્રશ્ન ત્યાં સુધી રહે છે, જ્યાં સુધી માનવ પરાધીનતાથી ઉત્પન્ન માન અને ભોગની રૂચિની પૂર્તિમાં જ જીવન-બુદ્ધિ સ્વીકાર કરે છે, જે વાસ્તવમાં ભૂલ છે, અર્થાત્ ભૂલકાળમાં જ પોતાનાં માટે કંઈક કરવાની વાત માનવ સ્વીકાર કરે છે.

જીવન ઉપયોગી થઈ જાય, આ ત્યારે સંભવ થશે, જ્યારે પોતાનાં માટે કાંઈ પણ કરવાનું શેષ ન રહે; કારણ, કે 'પોતાનાં માટે કંઈક કરવાનું છે', આ સ્વીકાર કરતાં જ કર્મ-સામગ્રીનો આશ્રય લેવો અનિવાર્ય થઈ જાય છે. સામગ્રીનો આશ્રય લેતાં જ સાધકનું મૂલ્ય પરિસ્થિતિથી ઘટી જાય છે અને પછી તે પરિસ્થિતિઓનો દાસ થઈ જાય છે.

પરિસ્થિતિઓની દાસતા સાધકને ન તો ઉદાર થવા દે છે અને ન સ્વાધીન રહેવા દે છે. ઉદારતા અને સ્વાધીનતા વિના જીવન જગત માટે અને પોતાનાં માટે ઉપયોગી નથી થઈ શકતું. જે જીવન પોતાનાં માટે અને જગત માટે અનુપયોગી હોય, શું એ જીવન પોતાનાં આશ્રય તથા પ્રકાશક તેમજ રચયિતા

માટે ઉપયોગી થઈ શકે છે ? કદાપિ નહિ; કારણ, કે પ્રેમનો પ્રાદુર્ભાવ જ જીવનને જગત્પતિ માટે ઉપયોગી સિદ્ધ કરે છે. સ્વાર્થ-ભાવ અને પરાધીનતામાં આબદ્ધ માનવનો ભલા, શું પ્રેમનાં સામ્રાજ્યમાં પ્રવેશ થઈ શકે છે ? કદાપિ નહિ. આ દૃષ્ટિએ પ્રત્યેક સાધકનાં જીવનમાં ઉદારતા તથા સ્વાધીનતાની અભિવ્યક્તિ થવી જોઈએ, જે એકમાત્ર ત્યારે જ થઈ શકે છે, જ્યારે સાધકને પોતાનાં માટે કાંઈ પણ કરવાનું શેષ ન રહે.

જ્યારે એ સ્પષ્ટ જ છે કે આ શરીરમાં અહં તથા મમ-બુદ્ધિ સ્વીકાર કરવી ભૂલ છે, ત્યારે એ અનિવાર્ય થઈ જાય છે કે મળેલું અને તેની જ જાતિનું જોયેલું પોતાના માટે નથી.

પોતાનાં માટે એકમાત્ર ચિર-વિશ્રામ જ ઉપયોગી છે. વિશ્રામની ઉપલબ્ધિ વિચાર-સિદ્ધ છે. વિચારનો ઉદય શારીરિક શ્રમથી નથી થતો, પરંતુ નિજ-જ્ઞાનનાં આદરમાં જ નિહિત છે, જે સાધકે પોતાના જ દ્વારા કરવાનો છે. જ્ઞાનનો આદર શ્રમ-સાધ્ય ઉપાય નથી, પરંતુ શ્રમ-રહિત થવાથી જ જ્ઞાનનો પ્રકાશ સ્પષ્ટ થાય છે.

'જ્ઞાન' અજ્ઞાનનું નાશક છે તથા પોતાનાં જ દ્વારા પોતાનું પ્રકાશક છે. જ્ઞાનથી જ દરેક પ્રકાશિત થાય છે, જ્ઞાનને કોઈ અન્ય પ્રકાશિત નથી કરતું. જેનાથી સર્વ કાંઈ જણાય છે, તેને કોઈ અન્ય દ્વારા નથી જાણવામાં આવતું. આથી પોતાનાં માટે કોઈ કૃતિ અપેક્ષિત નથી. નિજ-જ્ઞાનનાં આદર-માત્રથી જ સાધક દેહાભિમાનથી રહિત થઈ, વિશ્રામ પામે છે.

સાધક જે ઉપકરણોથી જગતને જુએ છે, તેનાંથી પોતાને નથી જોઈ શકતો. પોતાને પોતાનાં જ દ્વારા અનુભવ કરે છે. પોતાને અનુભવ કરવા માટે પોતાનાથી ભિન્ન કોઈ કરણની અપેક્ષા નથી હોતી. સમસ્ત પ્રવૃત્તિઓ, અર્થાત્ કર્મ શરીર, ઈન્દ્રિય, મન, બુદ્ધિ વગેરે દ્વારા જ સિદ્ધ થાય છે અને એ પ્રવૃત્તિઓનો સંબંધ જગત સાથે હોય છે, પોતાનાં પ્રત્યે નહિ.

અહિતકર પ્રવૃત્તિઓનો ત્યાગ કરવાથી હિતકર પ્રવૃત્તિઓ સ્વતઃ થવા લાગે છે. સાધક પ્રમાદવશ સર્વ-હિતકારી પ્રવૃત્તિઓનાં અભિમાનને પોતાનાંમાં

આરોપિત કરી, તેમાં આબદ્ધ થઈ જાય છે, અર્થાત્ સ્વતઃ થવાવાળી ભલાઈનું ફળ ભોગવવા લાગે છે. તેનું જ પરિણામ એ થાય છે કે ભોક્તા થઈને બુરાઈ કરવા લાગે છે. બુરાઈ-રહિત થવું ત્યાગ છે, કર્મ નહિ. બુરાઈ-રહિત થવાનું પરિણામ સ્વતઃ ભલાઈ થવી છે. આ સેવા છે, કર્મ નહિ. સેવા જગત માટે અને ત્યાગ પોતાનાં માટે ઉપયોગી છે.

સેવા અને ત્યાગ બન્નેય દૈવીસંપત્તિ છે, મનુષ્યની ઉપાર્જિત નથી, પરંતુ પ્રમાદવશ સાધક આરોપ કરી લે છે કે 'મેં ત્યાગ કર્યો છે' અને 'હું સેવા કરું છું.' જ્યારે પોતાનું કરીને પોતાનાંમાં કાંઈ છે જ નહિ, તો ત્યાગ કેવો ? અને જે વસ્તુ જેની છે, તેને મળી ગઈ, તો સેવા કેવી ? સેવા અને ત્યાગ તો વૈજ્ઞાનિક તથ્ય છે, જે સ્વતઃ સિદ્ધ છે. તેમાં કરવા-કરાવવાનું અભિમાન ભૂલ-જનિત છે. 'પોતાનાં માટે પોતાને કાંઈ નથી કરવાનું' — આ અપનાવી લેવાથી જ જીવન નિર્મમતા, નિષ્કામતા તેમજ અધિકાર-લોલુપતાથી રહિત થાય છે.

ક્યારેક-ક્યારેક સાધક એ અનુભવ કરે છે કે પોતાનું દુઃખ મટાડવા માટે જ તેણે સેવા તથા ત્યાગને અપનાવ્યા છે. આ દૃષ્ટિએ તો એવું પ્રતીત થવા લાગે છે કે સર્વ કાંઈ તેણે પોતાનાં માટે જ કર્યું છે. પરંતુ વિચાર એ કરવાનો છે કે દુઃખની ઉત્પત્તિનું મૂળ શું છે ? તો એ સ્પષ્ટ વિદિત થાય છે કે ભૂલ જ દુઃખની ઉત્પત્તિનું મૂળ છે. ભૂલ-રહિત થવાનું પરિણામ જ સેવા અને ત્યાગ છે. આથી જ ભૂલ-રહિત થવું જ્ઞાન છે, કર્મ નહિ. આ કારણે જ્ઞાનનાં પ્રભાવથી જ સેવા અને ત્યાગની સિદ્ધિ થાય છે.

જ્ઞાન પ્રત્યેક સાધકમાં મૌજુદ છે. જ્ઞાનનાં અનાદરથી જ ભૂલ ઉત્પન્ન થાય છે. નિજ-જ્ઞાનનો અનાદર માનવ સ્વયં કરી બેસે છે. જે અનંત-જ્ઞાનથી માનવને જ્ઞાન મળ્યું છે, તે માનવનો એટલો પોતાનો છે કે તેને એ અનુભવ જ નથી થવા દેતો કે પ્રાપ્ત જ્ઞાન તેનું પોતાનું નથી. આ માનવ પ્રત્યે અનંતની આત્મીયતા છે. પરંતુ માનવ પ્રમાદવશ, જે તેને પોતાનો માને છે, તેને તે પોતાનો નથી માનતો, પરંતુ તેની પાસેથી મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય વગેરેને પોતાનાં માની લે છે.

પ્રાપ્ત જ્ઞાનનો પ્રકાશ મળેલી સામર્થ્ય, વસ્તુ, યોગ્યતા વગેરેથી સંબંધ-વિચ્છેદ કરવાની પ્રેરણા આપે છે, અર્થાત્ વાસ્તવિકતાને સ્પષ્ટ કરે છે. વાસ્તવિકતાને અપનાવતાં જ પોતાનો કરીને એ જ સિદ્ધ થાય છે કે જે પોતાને જાણે છે. સાધક જેને જાણે છે, તે તેનું પોતાનું નથી, પોતાના માટે નથી, આ જ સિદ્ધ થાય છે. કેવી વિચિત્ર વાત છે કે પોતાનાં તેઓ છે, જેને આપણે નથી જાણતા, પરંતુ જેઓ આપણને જાણે છે. તેઓમાં જ અવિચળ આસ્થા-શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક આત્મીયતા સ્વીકાર કરવાની છે. મળેલી કોઈ પણ વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય વગેરેએ એક વાર પણ નથી કહ્યું કે અમે તમારા છીએ.

આપણે જે પોતાનાં છે, તેમને પોતાનાં ન માનીને, જે પોતાનું નથી, તેને પોતાનું માનીએ છીએ. આ ભૂલનો અંત કરવા માટે પ્રત્યેક સાધકે મમતા, કામના તથા અધિકાર-લોલુપતાને ત્યાગી, અહંકૃતિ-રહિત થવું અનિવાર્ય છે. ત્યારે જ જીવન પોતાનાં માટે ઉપયોગી થશે. પોતાનાં માટે ઉપયોગી થતાં જ જગત પ્રત્યે ઉદારતા અને જગત્પતિ માટે પ્રેમ સ્વતઃ જાગ્રત થાય છે. આ મંગલમય વિધાન છે.

જેમણે આપણું અને જગતનું નિર્માણ કર્યું, તેમણે પોતાનાંમાંથી જ કર્યું છે. આ દૃષ્ટિએ આપણે અને જગત તેમનાંથી અભિન્ન છીએ. પરંતુ પ્રમાદને કારણે આજે આપણને જગત અને જગત્પતિથી ભિન્નતા પ્રતીત થાય છે. આ ભિન્નતાનો અંત કર્યા વિના જીવન ઉપયોગી નથી થઈ શકતું.

જ્યારે આપણે જગત પાસેથી કંઈક આશા કરીએ છીએ, ત્યારે જગતથી ભિન્નતા પ્રતીત થાય છે અને જ્યારે જગત્પતિમાં આપણી અગાધ પ્રિયતા નથી રહેતી, ત્યારે તેમનાંથી આપણી ભિન્નતા પ્રતીત થાય છે.

જો વિચારપૂર્વક જગત પાસેથી આશા ન કરીએ અને મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય, જે જગત્પતિએ જગતની સેવા માટે આપી છે, તે તેમની જ સેવામાં અર્પિત કરી દઈએ, તો શરીર વગેરેથી અસંગતા અને જગતથી અભિન્નતા સ્વતઃ થઈ જશે, જેનાં થતાં જ શરીર અને વિશ્વની એકતા સ્વતઃ સિદ્ધ થશે. શરીર અને વિશ્વની એકતાનો અનુભવ આપણને જગત્પતિ સાથે નિત્ય-સંબંધ

તથા આત્મીયતા જાગ્રત કરવામાં સહયોગી થશે, કારણ, કે જ્યારે શરીર પોતાનું કરીને ન રહ્યું, ત્યારે પોતાની અહંતા તેમની જ આત્મીયતામાં પરિણત થઈ ગઈ, જેમણે મારું અને જગતનું નિર્માણ કર્યું હતું આ દષ્ટિએ માનવ અચાહ થઈને જગત્પતિ સાથે અભિન્ન થઈ કૃતકૃત્ય થઈ જાય છે.

અચાહ થતાં જ સેવા અને પ્રેમ સહજ થઈ જાય છે. પ્રેમથી સેવા અને સેવાથી પ્રેમ પોષિત થાય છે. અથવા એમ કહો કે પ્રેમનું ક્રિયાત્મક રૂપ સેવા અને સેવાનું લક્ષ્ય પ્રેમ છે. પ્રેમ કોઈ પ્રકારની ભિન્નતા નથી રહેવા દેતો, આ પ્રેમનો મહિમા છે.

પરંતુ જ્યાં સુધી સાધક પોતાનાં માટે કાંઈ પણ કરે છે, ત્યાં સુધી સેવા અને પ્રેમનો અધિકારી નથી થતો. જેને પોતાનાં માટે કાંઈ પણ કરવાનું નથી, તે જ પોતાનાં માટે ઉપયોગી સિદ્ધ થઈને દરેકને માટે ઉપયોગી થાય છે.

## જગત માટે ઉપયોગી થવું

પોતાનાં માટે ઉપયોગી થવાથી જીવન જગત અને જગત્પતિ માટે ઉપયોગી થાય છે, આ નિર્વિવાદ સત્ય છે. પરંતુ હવે વિચાર એ કરવાનો છે કે જગત માટે ઉપયોગી થવા માટે સાધકમાં કઈ સાધન-નિધિની અભિવ્યક્તિ થાય છે ? આ સંબંધમાં વિચાર કરવાથી એ સ્પષ્ટ વિદિત થાય છે કે જ્યારે સાધક પોતાનાં માટે ઉપયોગી થઈ જાય છે, ત્યારે તેને મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય વગેરેની અપેક્ષા નથી રહેતી. તેનું પરિણામ એ થાય છે કે તેમનાં દ્વારા મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્યનો દુરુપયોગ નથી થતો, પરંતુ સ્વભાવથી જ સદ્ઉપયોગ થવા લાગે છે. એટલું જ નહિ, બુરાઈના બદલામાં પણ તે બુરાઈ નથી કરતો. આ જ કર્તવ્ય-વિજ્ઞાન છે. કર્તવ્ય-વિજ્ઞાનથી સુંદર સમાજનું નિર્માણ થાય છે, આ મંગલમય વિધાન છે.

**(૧) કોઈની સાથે બુરાઈ ન કરવી**–બુરાઈને ‘બુરાઈ’ જાણીને ન કરવી કર્તવ્ય-વિજ્ઞાનનો આરંભ છે, પરંતુ બુરાઈની ઉત્પત્તિ જ ન થાય, આ કર્તવ્ય-વિજ્ઞાનની પૂર્ણતા છે.

કોઈ ભયથી ભયભીત થઈને બુરાઈ ન કરવી કર્તવ્ય તરફ અગ્રેસર થવાનો સહયોગી ઉપાય-માત્ર છે, બુરાઈ-રહિત થવું નથી. બુરાઈ-રહિત થયા વિના કર્તવ્ય-પરાયણતાની અભિવ્યક્તિ જ નથી થતી.

બળપૂર્વક કરેલી ભલાઈ કર્તામાં અભિમાનને જન્મ આપે છે, જે ભારે ભૂલ છે. જ્યાં સુધી માનવ બળપૂર્વક કરેલી ભલાઈનાં આધારે જીવિત રહે છે, ત્યાં સુધી તેનાંમાં પરદોષ-દર્શનની રુચિ બનેલી રહે છે, જે તેને કર્તવ્ય-વિજ્ઞાનથી પરિચિત નથી થવા દેતી. આનું પરિણામ એ થાય છે કે તે બીજાઓ પર શાસન કરવા લાગે છે, જેનું સાધકનાં જીવનમાં કોઈ સ્થાન જ નથી. શાસન દ્વારા સમાજમાંથી અકર્તવ્યનો અંત નથી થયો, આ દરેક વિચારશીલોનો અનુભવ છે. ભૂલ-જનિત વેદનાથી જ માનવ બુરાઈ-રહિત થાય છે. સજાગતા આવવાથી જ ભૂલ-જનિત વેદના ઉદિત થાય છે, જે કર્તવ્ય-નિષ્ઠ બનાવવામાં સમર્થ છે. આથી જ એ નિર્વિવાદ સિદ્ધ છે કે વ્યક્તિએ સમાજ પ્રત્યે બુરાઈ નથી કરવાની, પરંતુ પોતાનાં પ્રત્યે થવાવાળી બુરાઈનો ઉત્તર પણ બુરાઈથી નથી આપવાનો.

હવે વિચાર એ કરવાનો છે કે કોઈ પણ વ્યક્તિ બુરાઈ શા માટે કરે છે ? કર્મ કર્તાનું ચિત્ર છે બીજું કાંઈ નહિ, અર્થાત્ કર્તામાંથી કર્મની ઉત્પત્તિ થાય છે. જ્યાં સુધી માનવ ભૂલથી પોતાને બુરો નથી બનાવી લેતો, ત્યાં સુધી તેનાંથી બુરાઈ નથી થતી. બુરાઈ ત્યારે ઓછી થઈ શકે છે, જ્યારે કર્તા બુરો ન રહે. બુરાઈનાં બદલામાં બુરાઈ કરવાથી ઉત્તરોત્તર બુરાઈની વૃદ્ધિ થાય છે. તેનાંથી બુરાઈની નિવૃત્તિ નથી થતી. આથી જ બુરાઈનાં બદલામાં પણ બુરાઈ ન કરવી બુરાઈ મટાડવામાં હેતુ છે.

આ દૃષ્ટિએ સર્વપ્રથમ પ્રત્યેક માનવે પોતાને સાધક સ્વીકાર કરવો

અનિવાર્ય છે. પછી પોતાનાં અને જગતનાં સંબંધ પર વિચાર કરવો જોઈએ, ત્યારે જ કર્તવ્ય-વિજ્ઞાનનો સારી રીતે પરિચય થશે, જેનાં થવાથી કર્તવ્ય-પરાયણતા આવશે, જે જગત માટે ઉપયોગી સિદ્ધ થશે.

કર્તવ્ય-પરાયણતા પ્રાપ્ત પરિસ્થિતિ સાથે સંબંધ રાખે છે. આ જ કારણે તેને પાલન કરવામાં માનવ સર્વદા સ્વાધીન તથા સમર્થ છે. પરંતુ પોતાને સાધક સ્વીકાર કર્યા વિના પરિસ્થિતિમાં જીવન-બુદ્ધિ ઉત્પન્ન થાય છે, જેનાં થવાથી માનવ પરિસ્થિતિઓનો દાસ થઈ જાય છે અને પછી પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ નથી કરી શકતો અને અપ્રાપ્ત પરિસ્થિતિઓનાં ચિંતનમાં આબદ્ધ થઈ જાય છે, જે વિનાશનું મૂળ છે.

પરિવર્તનશીલ પરિસ્થિતિ માનવનું જીવન નથી હોઈ શકતી; કારણ કે, જીવન અવિનાશી છે, વિનાશી નહિ. અવિનાશી જીવનની ઉપલબ્ધિ કોઈ પરિસ્થિતિ-વિશેષ સાથે સંબંધ નથી રાખતી. આ જ કારણે દરેક પરિસ્થિતિઓમાં સાધકને જીવનની ઉપલબ્ધિ થઈ શકે છે. આ દૃષ્ટિએ સાધકનું પોતાનું મૂલ્ય પ્રત્યેક પરિસ્થિતિથી અધિક છે. પરંતુ આ રહસ્ય ત્યારે સ્પષ્ટ થાય છે, જ્યારે સાધકને કર્તવ્ય-વિજ્ઞાનનો બોધ થાય છે.

આ દરેકને માન્ય છે કે જ્યાં સુધી ભૂલ-રહિત થવાની તીવ્ર માંગ જાગ્રત નથી થતી , ત્યાં સુધી નિજ-વિવેકનાં પ્રકાશમાં પોતાની ભૂલ જોવી સંભવ નથી થતું, અર્થાત્ પોતાનાં દ્વારા પોતાની ભૂલનું જ્ઞાન નથી થતું. ભૂલનાં જ્ઞાનમાં જ ભૂલનો નાશ છે. આ મંગલમય વિધાન છે.

કર્તવ્ય-નિષ્ઠ જીવનથી બીજાઓમાં પોત-પોતાની ભૂલ જોવાની માંગ જાગ્રત થઈ જાય છે. કર્તવ્ય-નિષ્ઠ માનવ કોઈને ભયભીત નથી કરતો, પરંતુ ભયરહિત થવા માટે સહયોગ પ્રદાન કરે છે. કોઈને ભયભીત કરવાથી તેનું કલ્યાણ નથી થતું, પરંતુ કોઈ-ને-કોઈ અંશમાં અહિત જ થાય છે. ભય આપીને કોઈ પણ રાષ્ટ્ર પોતાની પ્રજાને નિર્દોષ નથી બનાવી શક્યું, આ અનુભવ-સિદ્ધ સત્ય છે.

નિર્દોષ જીવનથી જ સમાજમાં નિર્દોષતા વ્યાપક થાય છે. નિર્દોષ સાધક

દોષ-યુક્ત માનવને જોઈને, કરુણિત થાય છે, ક્ષોભિત નહિ. તેને પર-દુઃખ પોતાનું જ દુઃખ પ્રતીત થાય છે અને કરુણિત થઈને તેનાં પ્રત્યે ક્રિયાત્મક તથા ભાવાત્મક સહયોગ આપવા માટે તત્પર થઈ જાય છે. તેનું પરિણામ એ થાય છે કે અપરાધી સ્વયં પોતાનાં અપરાધને જોઈને, નિર્દોષ થવા માટે આકુળ તથા વ્યાકુળ થઈ જાય છે, અને પછી તે બહુ જ સુગમતાપૂર્વક વર્તમાન નિર્દોષતાને સુરક્ષિત રાખવામાં સમર્થ થાય છે. આ પ્રમાણે સાધન-નિષ્ઠ જીવનથી સમાજમાં નિર્દોષતા વ્યાપક થાય છે.

બળનો દુરુપયોગ ન કરવાથી જ કર્તવ્ય-પરાયણતા આવે છે અને પછી તેનાં દ્વારા દરેકનાં અધિકારો સુરક્ષિત થઈ જાય છે, જેથી સમાજમાં કર્તવ્ય-પરાયણતાની અભિરુચિ જાગ્રત થાય છે.

કર્તવ્ય-નિષ્ઠ થવાની માંગ સાધકને અકર્તવ્યથી રહિત કરી દે છે, જેનાં થતાં જ સ્વતઃ કર્તવ્ય-પરાયણતા આવી જાય છે. બુરાઈ-રહિત થવાથી બુરાઈનો નાશ થાય છે, કોઈ અન્ય પ્રકારથી નહિ. એટલું જ નહિ, બુરાઈનાં બદલામાં પણ જ્યારે ભલાઈ કરવામાં આવે છે, ત્યારે બુરાઈ કરવાવાળો બુરાઈ-રહિત થવા માટે તત્પર થઈ જાય છે.

આ દરેકને માન્ય હશે કે સર્વાંશમાં કોઈ બુરો નથી હોતો, દરેક માટે કોઈ બુરો નથી હોઈ શકતો અને બુરાઈ નથી કરી શકતો. બુરાઈની ઉત્પત્તિ થાય છે, અર્થાત્ તેનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી. આ જ કારણે બુરાઈ ન દોહરાવવાથી બુરાઈ સદાને માટે મટી જાય છે, આ મંગલમય વિધાન છે. આ વિધાનનો આદર કરવો પ્રત્યેક સાધક માટે અનિવાર્ય છે. આથી બુરાઈ કરવાનું સાધકનાં જીવનમાં કોઈ સ્થાન જ નથી.

જ્યારે સાધક આ મહાવ્રતને અપનાવી લે છે, ત્યારે બુરો નથી રહેતો અને જ્યારે બુરો નથી રહેતો, ત્યારે બુરાઈની ઉત્પત્તિ જ નથી થતી, જેનાં ન થવાથી કર્તવ્ય-પરાયણતા સ્વતઃ આવી જાય છે, આ નિર્વિવાદ સત્ય છે.

બુરાઈ ન કરવાનું વ્રત સાધકને વર્તમાન નિર્દોષતા સાથે અભિન્ન કરે છે. આ કારણે તેનાં અહમ્‌માંથી આ ધારણા સદાને માટે નીકળી જાય છે કે 'હું બુરો

છું'. પ્રાકૃતિક નિયમાનુસાર કર્તામાંથી જ કર્મની ઉત્પત્તિ થાય છે. જ્યારે સાધક વર્તમાન નિર્દોષતાને આધારે પોતાને નિર્દોષ સ્વીકાર કરી લે છે, ત્યારે તેનામાં પુનઃ દોષોની ઉત્પત્તિ નથી થતી. આ દૃષ્ટિએ બુરાઈ-રહિત થવાનું વ્રત પ્રત્યેક સાધક માટે અનિવાર્ય છે. એટલું જ નહિ, બીજાઓનાં સંબંધમાં પણ તેની એ જ ધારણા થઈ જાય છે કે વર્તમાન તો દરેકનો નિર્દોષ છે.

જો કોઈ સ્વયં પોતાને દોષી સ્વીકાર કરે, ત્યારે પણ સાધક તેને તેની વર્તમાન નિર્દોષતાનું સ્મરણ અપાવીને તેને સદાને માટે નિર્દોષતા સુરક્ષિત રાખવાની પ્રેરણા આપે છે અને તેની સાથે વર્તમાન નિર્દોષતાને અનુરૂપ જ વ્યવહાર કરે છે. આ દૃષ્ટિએ પરસ્પર નિર્દોષતા સુરક્ષિત રાખવાનું બળ પ્રાપ્ત થાય છે.

જગત પ્રત્યે આ પ્રકારનો સંબંધ સ્થાપિત કરવો જગત માટે મંગલકારી છે. પોતાનાં દ્વારા જગતનું અહિત ન થાય, આમાં સાધકની અવિચલ આસ્થા રહેવી જોઈએ. આ ત્યારે સંભવ થશે, જ્યારે તે વર્તમાન નિર્દોષતાનાં આધારે કોઈને બુરો ન સમજે અને ન કોઈનું બુરું ઇચ્છે તેમજ ન કોઈની સાથે બુરાઈ કરે. આવું થવાથી જ સુગમતાપૂર્વક જીવન જગત માટે ઉપયોગી થાય છે, અથવા એમ કહો કે જગતનાં અધિકારની રક્ષા થઈ જાય છે.

સાધક ઉપર જગત અને જગત્પતિ બન્નેનો જ અધિકાર છે. પોતાનાં માટે ઉપયોગી થઈ જવાથી, પોતાનાં અધિકારનો પ્રશ્ન જ શેષ નથી રહેતો, પરંતુ સાધક પ્રત્યે જગતની ઉદારતા અને જગત્પતિની કૃપાળુતા સદૈવ રહે છે, આ મંગલમય વિધાન છે.

**(૨) કોઈને બુરા ન સમજવા**-કોઈ પણ સાધકને કોઈને બુરા સમજવાનો અધિકાર જ નથી; કારણ કે, બીજાઓનાં સંબંધમાં પૂરું જાણવું સંભવ નથી; અધૂરી જાણકારીને આધારે નિર્ણય આપવો ન્યાય નથી. ન્યાય કરવાનો અધિકાર કોઈ વ્યક્તિને કોઈ પણ વ્યક્તિ પ્રત્યે નથી. વ્યક્તિ સમાજનાં

અધિકારની રક્ષા કરી શકે છે, કોઈનાં પ્રત્યે બળપૂર્વક ન્યાય નથી કરી શકતો.

ન્યાય તો પ્રત્યેક સાધક પોતાનાં જ પ્રત્યે કરી શકે છે. ન્યાયનું સર્વપ્રથમ અંગ છે 'અપરાધી પોતાનાં અપરાધથી પરિચિત થઈ જાય, અર્થાત્ પોતાની ભૂલથી ઉત્પન્ન થયેલા અપરાધનો સ્વીકાર કરે, પરંતુ હંમેશા માટે સર્વાંશમાં પોતાને અપરાધી ન માને.'

પ્રાકૃતિક નિયમાનુસાર કોઈ પણ હંમેશા માટે દોષી થઈને નથી રહેવા ઇચ્છતો અને સર્વાંશમાં કોઈ દોષી પણ નથી. દરેકમાં સ્વભાવથી જ નિર્દોષતાની માંગ છે. આંશિક દોષની ઉત્પત્તિ ભૂલ-જનિત છે, સ્વભાવ-જનિત નહિ; કારણ કે, દોષનું સ્વતંત્ર અસ્તિત્વ નથી.

જ્યારે અપરાધી ભૂલ-જનિત દોષથી પીડિત થાય છે, ત્યારે તેનાંમાંથી દોષ-જનિત સુખ-લોલુપતા મટી જાય છે, જેનાં મટતાં જ પુનઃ દોષ ન દોહરાવવાની તીવ્ર માંગ જાગ્રત થાય છે. પરંતુ જ્યારે તેને બીજો અપરાધી માનવા લાગે છે, ત્યારે તે ક્ષુભિત તથા ક્રોધિત થઈને બીજાઓનાં દોષો જોવા લાગે છે. બીજાઓનો દોષ જોતાં જ પોતાનાંમાંથી દોષી હોવાની વેદના શિથિલ થવા લાગે છે. આનાંથી તેનું અને બીજાઓનું અહિત જ થાય છે. આ જ કારણે બીજાઓ દ્વારા કરેલો ન્યાય નિર્દોષતાની સ્થાપના નથી કરી શકતો. પરંતુ જ્યારે વર્તમાન નિર્દોષતાનાં આધારે અપરાધીને કોઈ દોષી નથી માનતું, ત્યારે અપરાધી સ્વયં ભૂતકાળની ભૂલને ન દોહરાવવા માટે તત્પર થઈ જાય છે અને વર્તમાન નિર્દોષતામાં સ્થિર થઈને હંમેશા માટે નિર્દોષ થઈ જાય છે. આ દૃષ્ટિએ પોતાનાં દ્વારા જ પોતાનાં પ્રત્યે ન્યાય કરવો હિતકર સિદ્ધ થાય છે.

જો અપરાધીની વર્તમાન નિર્દોષતાને સ્વીકાર નથી કરવામાં આવતી, તો તેની અહંતામાંથી અપરાધી-ભાવ નિવૃત્ત નથી થતો અને પછી તે અપરાધી થઈને અપરાધ કરવામાં તત્પર થઈ જાય છે.

સર્વાંશમાં તો કોઈ અપરાધી હોતું જ નથી. મોટામાં મોટા હિંસકમાં પણ કોઈ ને કોઈનાં પ્રત્યે કરુણા હોય છે. બેઈમાન પણ પોતાનાં સાથી માટે ઈમાનદાર

સિદ્ધ થાય છે. એટલું બુરુ કોઈ હોઈ જ નથી શકતું, જે દરેકની સાથે હંમેશા બુરાઈ કરે. સર્વાંશમાં નિજ-જ્ઞાનનો અનાદર કરવો કોઈ પણ માનવ માટે સંભવ જ નથી. આ દૃષ્ટિએ સર્વાંશમાં કોઈ દોષી હોતું જ નથી, આ પ્રાકૃતિક તથ્ય છે. આથી કોઈને બુરો સમજવો બુરાઈ કરવાની અપેક્ષાએ ગુરુતર ભૂલ છે.

કોઈમાં બુરાઈની સ્થાપના કરવી, તેનાં માટે અને પોતાનાં માટે અહિતકર જ છે. કોઈને બુરો સમજવાથી પોતાનાંમાં અશુદ્ધ સંકલ્પોની ઉત્પત્તિ થાય છે અને ક્ષોભ તથા ક્રોધ ઉત્પન્ન થાય છે, જે કર્તવ્યની વિસ્મૃતિમાં હેતુ છે. અશુદ્ધ સંકલ્પોથી કોઈ-ને-કોઈ અંશમાં અશુદ્ધ કર્મ થવા જ લાગે છે. આ દૃષ્ટિએ બીજાઓને બુરા સમજવાથી પોતાનાંમાં બુરાઈ ઉત્પન્ન થઈ જાય છે. જો કોઈને કોઈ બુરો ન સમજે, તો તેનાંમાં અશુદ્ધ સંકલ્પો ઉત્પન્ન નથી થતા અને ન વેરભાવની ઉત્પત્તિ થાય છે, પરંતુ સમતા આવી જાય છે, જેનાં આવતાં જ સર્વાત્મ-ભાવ જાગ્રત થાય છે, જે વિકાસની ભૂમિ છે. કોઈ-ને-કોઈ નાતે સમસ્ત વિશ્વ આપણું છે. પોતાનાંમાં દોષની સ્થાપના કરવી, ન તો ન્યાય છે અને ન પ્રેમ.

હવે જો કોઈ એમ કહે કે દોષી ન માનવાથી, તેને ભયભીત ન કરવાથી દોષીમાં દોષોની પ્રવૃત્તિ ઉત્તરોત્તર વધતી જ રહેશે, જે સમાજ માટે અહિતકર છે. પણ વાસ્તવમાં વાત એવી નથી; કારણ, કે કોઈનામાં દોષોની ઉત્પત્તિ થાય છે જ ક્યારે ? જ્યારે તે પોતાને દોષી બનાવી લે છે.

હવે વિચાર એ કરવાનો છે કે તે પોતાને દોષી શા માટે બનાવી લે છે ? પર-દોષ જોવાથી, ક્ષુભિત થવાથી, અથવા એમ કહો કે જ્યારે તેની સાથે કોઈ બુરાઈ કરે છે, ત્યારે પોતાને નિર્દોષ માનીને બુરાઈનાં બદલામાં બુરાઈ કરવા માટે પોતાને બુરો બનાવે છે. પરંતુ તેને એ વાતની સ્વયં ખબર નથી રહેતી કે બુરાઈનો પ્રતિકાર કરવા માટે હું સ્વયં બુરો થઈ ગયો. બુરાઈનો પ્રતિકાર પ્રાકૃતિક નિયમાનુસાર બુરાઈ કરવી નથી, પરંતુ ક્ષમાશીલ થઈને, કરુણિત થઈને તેનાં પ્રત્યે ભલાઈ કરવી અથવા હિત-કામના કરવી છે. દરેક પ્રત્યે હિત-કામના વિના સ્વીકાર કર્યે, નિર્દોષતા વ્યાપક નથી થઈ શકતી. આ કારણે બુરાઈ-કાળમાં જ

જો આપણે તેને બુરાઈ ન કરવા દઈએ, આત્મીયતાપૂર્વક આદર અને પ્યાર આપીએ, કરુણિત થઈને તેની ભૂલથી સ્વયં દુઃખી થઈ જઈએ, તેનાં કર્તવ્ય તરફ સંકેત કરીએ તથા તેને તેનાં મહિમાથી પરિચિત કરાવીને હૃદય સાથે લગાવીએ તો તે અવશ્ય બુરાઈ-રહિત થઈ જશે.

અધિકતર તો સાંભળીને, અથવા અનુમાન-માત્રથી જ બીજાઓને બુરા સમજી લેવામાં આવે છે. એટલું જ નહિ, ઇન્દ્રિય-દૃષ્ટિથી કોઈની વાસ્તવિકતાનો બોધ જ નથી થતો. અધૂરી જાણકારીનાં આધારે કોઈને દોષી માની લેવો, તેનાં પ્રત્યે અન્યાય અને પોતાનામાં બુરાઈને જન્મ આપવા સિવાય બીજું કાંઈ નથી. પરંતુ આ રહસ્ય એ જ સાધકો જાણી શકે છે, જેમણે સૌનાં પ્રત્યે સદ્‌ભાવના તથા આત્મીયતા સ્વીકાર કરી છે.

સમસ્ત દોષોનું મૂળ માનવની પોતાની અસમર્થતા છે, બીજું કાંઈ નહિ. અસમર્થતા જીવનમાં ત્યારે આવે છે, જ્યારે માનવ પોતાનાં લક્ષ્યને ભૂલે છે. લક્ષ્યની વિસ્મૃતિથી જ મળેલા સામર્થ્યનો દુરુપયોગ કરે છે અને તેનાં પરિણામમાં સ્વયં અસમર્થ થઈ જાય છે. સામર્થ્યના દુરુપયોગથી જ સમાજમાં દોષોની ઉત્પત્તિ થાય છે. સામર્થ્યનો સદુપયોગ અસમર્થની અસમર્થતા મટાડવામાં છે, કોઈને અસમર્થ બનાવવામાં નહિ. પરંતુ આ વાસ્તવિકતાને ભૂલી જવાથી સામર્થ્યનો દુરુપયોગ રોકવા માટે મળેલા સામર્થ્ય દ્વારા તેને અસમર્થ બનાવે છે. તેનું પરિણામ ક્યારેય પણ હિતકર નથી થતું.

થોડીવાર માટે એવું પ્રતીત થવા લાગે છે કે બળપૂર્વક સામર્થ્યનો દુરુપયોગ રોકી દીધો, પરંતુ વાસ્તવમાં એવું થતું નથી. સામર્થ્યનાં દુરુપયોગથી દરેકમાં અસમર્થતાની જ વૃદ્ધિ થાય છે અને તેની પ્રતિક્રિયા સામર્થ્યનો દુરુપયોગ કરવા માટે જ પ્રેરિત કરે છે. આથી સામર્થ્યનો ઉપયોગ અસમર્થતા મટાડવામાં છે, કોઈને અસમર્થ બનાવવામાં નહિ.

હવે વિચાર એ કરવાનો છે કે વ્યક્તિ તથા સમાજમાંથી અસમર્થતાનો નાશ કેવી રીતે થાય ? સર્વહિતકારી સદ્‌ભાવના તથા પ્રાપ્ત સામર્થ્યનાં સદુપયોગથી જ અસમર્થતા મટી શકે છે. સામર્થ્યનાં સદુપયોગથી ઉત્તરોત્તર

સામર્થ્યની વૃદ્ધિ થાય છે, આ પ્રાકૃતિક વિધાન છે.

સામર્થ્યનો દુરુપયોગ ન કરો, આનાં માટે એ આવશ્યક છે કે સાધક કોઈને બુરો ન સમજે. બીજાઓને બુરા સમજવા માત્રથી જ ક્ષોભ તથા ક્રોધ ઉત્પન્ન થાય છે, જે સામર્થ્યનો સદુપયોગ નથી કરવા દેતા. આ કારણે બહુ જ સજાગતાપૂર્વક બીજાઓ પ્રત્યે પોતાનાં કર્તવ્યનો નિર્ણય કરવો જોઈએ.

અસમર્થતાનું મૂળ માનવની પોતાની ભૂલ છે, બીજું કાંઈ નહિ. ભૂલ-રહિત કરવા માટે સાધકે સ્વયં ભૂલ-રહિત થવું અનિવાર્ય છે. પોતાની ભૂલથી જ માનવ પોતે પરાધીનતામાં જીવન-બુદ્ધિ સ્વીકાર કરે છે અને જન્મજાત સ્વાધીનતાથી વિમુખ થઈ જાય છે. જેનાંમાં પરાધીનતા નથી રહેતી, તે અસમર્થ નથી રહેતો, અને જે અસમર્થ નથી રહેતો, તે મળેલા સામર્થ્યનો દુરુપયોગ નથી કરતો. આ દૃષ્ટિએ પરાધીનતાનો સર્વાંશમાં નાશ કરવો અનિવાર્ય છે, જે એકમાત્ર સત્સંગથી પ્રાપ્ત સાધન-નિધિથી જ સંભવ છે.

પરાધીનતાથી જ વિવશ થઈને માનવ એ કરવા લાગે છે, જે નહિ કરવું જોઈએ. તેનાંથી ઉત્તરોત્તર પરાધીનતાની જ વૃદ્ધિ થાય છે. વાસ્તવમાં તો જે નહિ કરવું જોઈએ, તેને ન કરવામાં જ માનવની સ્વાધીનતા છે, અને આ જ પ્રયોગથી પરાધીનતા નષ્ટ થાય છે. આ દૃષ્ટિએ સ્વાધીનતાપૂર્વક જ સ્વાધીનતાની ઉપલબ્ધિ થાય છે.

સ્વાધીન થવા માટે પોતાનાં તરફ ન જોવું અને બીજાઓ પાસે આશા કરવી ભારે ભૂલ છે. 'બીજા' દ્વારા આપણને જે કાંઈ મળે છે, તે પરાધીનતામાં જ આબદ્ધ કરે છે. સાધકે જગત માટે ઉપયોગી થવાનું છે, જગત પાસેથી કાંઈ લેવાનું નથી. ભલા પર-પ્રકાશ્ય, પરિવર્તનશીલ, ઉત્પત્તિ-વિનાશ-યુક્ત જગત પાસે આશા કરવામાં આવે ! એ બિચારુ આપી જ શું શકે છે ! જ્યારે સાધક કોઈને બુરો નથી સમજતો, કોઈની બુરાઈ નથી ઇચ્છતો અને કોઈ પણ ભય તથા પ્રલોભનથી બુરાઈ કરવા માટે તત્પર નથી થતો, ત્યારે તેનું જીવન જગત માટે અનુપયોગી નથી રહેતું, પરંતુ ઉપયોગી થઈ જાય છે. આ મંગલમય વિધાન છે.

**(૩) કોઈનું બુરુ ન ઈચ્છવું**-બુરાઈ કરવાની અપેક્ષાએ કોઈનું બુરુ ઈચ્છવું બહુ મોટી બુરાઈ છે. જો કે કોઈનું બુરુ ઈચ્છવાથી તેનું બુરુ થઈ નથી જતું, પરંતુ બુરુ ઈચ્છવાથી બુરુ ઈચ્છવાવાળાની બહુ ભારે ક્ષતિ થાય છે. એટલું જ નહિ, બુરાઈ કરવાથી તો કરવાવાળામાં પરિવર્તન પણ આવે છે અને તે બુરાઈ કરવાથી પોતાને બચાવવાનો પ્રયાસ પણ કરવા લાગે છે, પરંતુ બુરુ ઈચ્છવાથી તો ભાવમાં અશુદ્ધિ આવી જાય છે. ભાવ કર્મની અપેક્ષાએ અધિક વિભુ અને સ્થાયી હોય છે. આ કારણે બુરુ ઈચ્છવાથી બુરાઈ કરવાની અપેક્ષાએ અધિક ક્ષતિ થાય છે. જે કોઈનું બુરુ નથી ઈચ્છતો, તેનાંમાં સર્વહિતકારી ભાવના તથા કરુણા સ્વતઃ જાગ્રત થાય છે. આ દૃષ્ટિએ બુરુ ઈચ્છવાની પ્રવૃત્તિ સર્વથા ત્યાજ્ય છે.

જ્યારે સાધક કોઈનું બુરુ નથી ઈચ્છતો, ત્યારે તેનામાં તેનાં પ્રત્યે પણ કરુણા જાગ્રત થાય છે, જે તેને બુરાઈ કરતો પ્રતીત થાય છે અને તેનાં પ્રત્યે પણ, કે જેનાં પ્રત્યે બુરાઈ કરવામાં આવી રહી છે. તેની સદ્ભાવના બન્ને જ પક્ષો પ્રત્યે સમાન રહે છે. આ કારણે તેનાંમાં ક્ષોભ તથા ક્રોધની ઉત્પત્તિ જ નથી થતી, જેથી તે સ્વભાવથી જ કર્તવ્યનિષ્ઠ થઈ જાય છે અને તેનાંથી દરેકનું હિત થવા લાગે છે. આ ધ્રુવ સત્ય છે.

ક્ષુભિત તથા ક્રોધિત થવાથી તો માનવમાં વિનાશની ભાવના ઉત્પન્ન થાય છે, જે કોઈ પણ બુરાઈથી ઓછી નથી. વિનાશની ભાવનામાં પોતાનો જ વિનાશ નિહિત છે; કારણ કે, 'બીજા' પ્રત્યે જે કરવામાં આવે છે, તે પોતાનાં પ્રત્યે થઈ જાય છે, આ વૈધાનિક તથ્ય છે.

પરહિતમાં, પર-સેવામાં સાધકનો અધિકાર છે. કોઈને બુરો સમજવામાં, બુરુ ઈચ્છવામાં તેમજ કોઈની સાથે બુરાઈ કરવામાં સાધકને કોઈ અધિકાર નથી. એટલું જ નહિ, પરચિંતન-માત્રથી જ સાધકનું અહિત થાય છે. જો કે કોઈ-ને-કોઈ નાતે સૌ આપણાં છે. પરંતુ જેમને નાતે સૌ આપણાં છે, આપણાં તો એ જ છે. પોતાનાંની પ્રિયતા અને તેમને નાતે સૌની સેવા જ તો

સાધકનું જીવન છે.

સેવા ત્યારે જ સિદ્ધ થાય છે, જ્યારે શાસકની ભાવનાનો સર્વાંશમાં નાશ થઈ જાય. સેવક શાસક નથી હોતો અને શાસક સેવા નથી કરી શકતો. કોઈને બુરો સમજવો, કોઈનું બુરુ ઇચ્છવું અને કોઈનાં પ્રત્યે કોઈ પણ કારણથી બુરાઈ કરવી શાસનની પ્રવૃત્તિ છે, સેવા નહિ. શાસક શાસિતનો વિકાસ નથી કરી શકતો. સેવક દ્વારા સૌનો વિકાસ થાય છે. સાધક સૌનાં માટે ઉપયોગી થાય, એ જ તો તેની વાસ્તવિક માંગ છે. જે કોઈનાં માટે પણ અનુપયોગી હોય છે, તે સાધક નથી. કોઈનાં માટે ઉપયોગી અને કોઈનાં માટે અનુપયોગી થઈ જવું શાસન કરવું છે, સેવા નહિ. તેનું પરિણામ ક્યારેય પણ હિતકર સિદ્ધ નથી થતું. એટલું જ નહિ, બે દેશો, દળો, વર્ગો, વ્યક્તિઓ વગેરેમાં પરસ્પર વેર-ભાવ જ દૃઢ થાય છે, જે વિનાશનું મૂળ છે. હા, સાધક પોતાનાં જ દ્વારા પોતાનાં પર શાસન કરે છે અને કરેલી ભૂલ દોહરાવતો નથી, અર્થાત્ વર્તમાન નિર્દોષતા સુરક્ષિત રાખે છે, જે સર્વતોમુખી વિકાસની ભૂમિ છે.

પોતાનાં પર પોતાનું શાસન કરવાની ભાવના તેમજ પ્રવૃત્તિ ત્યારે જાગ્રત થાય છે, જ્યારે તેને કોઈ બીજો શાસિત ન કરે, પરંતુ આત્મીયતાપૂર્વક પીડિત થઈને સહયોગ પ્રદાન કરે. આ કારણે કોઈને બુરો સમજવો, કોઈનું બુરુ ઇચ્છવું અને કોઈનાં પ્રત્યે બુરાઈ કરવી સર્વથા ત્યાજ્ય છે. આ જ સર્વાંશમાં બુરાઈ-રહિત થવાનો અચૂક ઉપાય છે.

બુરાઈ-રહિત જીવનની માંગ હંમેશા સૌને રહે છે. અને બુરાઈ-રહિત જીવનમાં જ સાધકનો સર્વતોમુખી વિકાસ થાય છે. આ દૃષ્ટિએ બુરાઈ-રહિત થવું વર્તમાનનો પ્રશ્ન છે, જે એકમાત્ર સાધન-નિધિનાં સંપાદનથી જ સંભવ છે. સાધન-નિધિમાં જ સાધકનું જીવન અને સાધ્યની પ્રસન્નતા નિહિત છે. સાધન-નિધિ પ્રત્યેક સાધકને ઉપલબ્ધ થઈ શકે છે. તેનાંથી નિરાશ થવું, પોતાને તેનો અધિકારી ન માનવો સાધકની જ મોટી ભૂલ છે, જેનો શીઘ્રાતિશીઘ્ર અંત કરવો અનિવાર્ય છે.

કોઈને બુરો ન સમજવો, કોઈનું બુરુ ન ઇચ્છવું અને કોઈનાં પ્રત્યે બુરાઈ ન કરવાનો નિર્ણય શ્રમ-સાધ્ય ઉપાય નથી, પરંતુ પોતાનાં જ દ્વારા પોતાએ સ્વીકાર કરવાનું છે. જે પોતાનાં દ્વારા કરવાનું છે, તેમાં પરાધીનતા તથા અસમર્થતા નથી — આ પ્રાકૃતિક વિધાન છે. વિધાનનાં આદરમાં જ માનવનો અધિકાર છે. આ સ્વાધીનતા તેને તેનાં નિર્માતાએ આપી છે. મળેલી સ્વાધીનતાનો સદુપયોગ જ તો માનવનો પરમ પુરુષાર્થ છે. આ દૃષ્ટિએ સાધન-નિધિનાં સંપાદનમાં પ્રત્યેક સાધક સર્વદા સમર્થ છે.

જ્યારે એમ કહેવામાં આવે છે કે કોઈને બુરો ન સમજો, કોઈનું બુરુ ન ઇચ્છો તેમજ કોઈની બુરાઈ ન કરો, ત્યારે એ પ્રશ્ન સ્વતઃ ઉત્પન્ન થાય છે કે જ્યારે સબળ નિર્બળોને સતાવી રહ્યા છે, ત્યારે બિચારો નિર્બળ કેમ કોઈને બુરો ન સમજે, તથા કોઈનું બુરુ ન ઇચ્છે ? આ સમસ્યા પર વિચાર કરવાથી વિદિત થાય છે કે સબળ નિર્બળ પ્રત્યે બળનો દુરુપયોગ ત્યારે કરે છે, જ્યારે કોઈને નિર્બળ જુએ છે. જો જીવનમાં નિર્બળતા ન રહે, તો સબળ અત્યાચાર નથી કરી શકતો, આ નિર્વિવાદ સિદ્ધ છે.

સૌથી મોટી નિર્બળતા જીવનમાં ક્યારે આવે છે ? જ્યારે માનવ પ્રસન્નતાપૂર્વક મૃત્યુને નથી અપનાવતો, પરંતુ સબળનાં અત્યાચારને સ્વીકાર કરીને જીવવા ચાહે છે. આ નિર્બળતાએ જ સબળની બળનો દુરુપયોગ કરવાની પ્રવૃત્તિને પોષિત કરી છે. માનવને પોતાનું લક્ષ્ય પોતાનાં પ્રાણોથી અધિક પ્રિય હોવું જોઈએ. લક્ષ્યની સિદ્ધિ માટે હર્ષપૂર્વક પ્રાણોનો ત્યાગ કરવાનું આવડી જાય, તો કોઈ પણ સબળ નિર્બળને પોતાને આધીન નથી કરી શકતો. પરંતુ પ્રાણોનું પ્રલોભન તેની પાસે અમાનવતાપૂર્ણ અત્યાચાર સહન કરાવે છે.

ભૌતિક નિર્બળતાઓને કારણે સબળ દ્વારા કરવામાં આવેલા બળનાં દુરુપયોગને સહન કરવો અને તેને આધીન થઈ જવું, આ સાધકનો પ્રમાદ છે, બીજું કાંઈ નહિ.

ભૌતિક બળ ક્યારેય પણ સાધન-નિધિથી સંપન્ન સાધક પર વિજયી નથી થઈ શકતું. તેની દૃષ્ટિમાં શરીરનું રહેવું, ન રહેવું સમાન અર્થ રાખે છે;

કારણ કે, તેણે પોતોનામાં જ સર્વ કાંઈ મેળવી લીધું છે. તેનાંમાં પરાધીનતાની ગંધ પણ નથી. આ સાધનનિષ્ઠ થવાનો મહિમા છે. આ કારણે કેટલુંય પણ ભૌતિક બળ કેમ ન હોય, જો માનવ સાધક થઈને સાધનનિષ્ઠ થઈ જાય છે, ત્યારે કોઈ સબળનો અત્યાચાર તેને પોતાની નિષ્ઠાથી વિચલિત નથી કરી શકતો, તેનાં શરીર વગેરે વસ્તુઓનો ભલેને નાશ કરી દે. બળના દુરુપયોગથી તેને કોઈ પોતાને આધીન નથી કરી શકતું. સાધન-નિધિથી સંપન્ન સાધકની દૃષ્ટિમાં શરીર વગેરે વસ્તુઓનો નાશ કાંઈ અર્થ નથી રાખતો; કારણ કે, તે અવિનાશી જીવન સાથે અભિન્ન થઈ જાય છે. એટલું જ નહિ, સર્વાત્મભાવ હોવાને કારણે તે બળનો દુરુપયોગ કરવાવાળા ઉપર પણ પોતાનાં પ્રાણોની આહુતિ આપતો તેની હિત-કામનાથી તેનાં પર વિજયી થાય છે.

પ્રાકૃતિક નિયમાનુસાર બળનો દુરુપયોગ નિર્બળતાને જન્મ આપે છે, અર્થાત્ સબળ બળનાં દુરુપયોગને કારણે સ્વયં નિર્બળ થઈ જાય છે. હા, એ અવશ્ય છે કે જે સાધક સાધન-નિધિથી સંપન્ન નથી, તેનાં જ ઉપર ભૌતિક બળનો પ્રહાર પોતાનો અધિકાર જમાવે છે. આથી કોઈને બૂરો ન સમજીને, કોઈનું બૂરું ન ઇચ્છીને તથા કોઈની સાથે બૂરાઈ ન કરીને સાધન-નિધિથી સંપન્ન સાધક બળનાં દુરુપયોગની ભાવનાને નાશ કરવામાં સમર્થ થાય છે. પરાધીનતાથી ઉત્પન્ન થયેલી સુખ-લોલુપતા તેની પાસે સબળનાં અત્યાચારને સહન કરાવે છે, જેનો નાશ એકમાત્ર દુઃખનાં પ્રભાવથી પ્રભાવિત થઈને સાધન-નિધિથી સંપન્ન થવાથી જ સંભવ છે.

પ્રલોભન અને ભયે જ માનવને નિર્બળ બનાવ્યો છે, જેની નિવૃત્તિ એકમાત્ર ભૂલ-રહિત થવાથી જ સંભવ છે. એ દરેકને વિદિત છે કે મળેલું શરીર હંમેશા નહિ રહે, છતાં પણ એ ટકી રહે, આ કામના કરવી અને શરીરને ટકાવી રાખવા માટે બધું જ સહન કરવું, ક્યાં સુધી ન્યાય-યુક્ત છે ? આનાં પર વિચાર કરવાથી એ જ વિદિત થાય છે કે શરીરનો ઉપયોગ વિશ્વની સેવામાં છે, તેનાં દ્વારા કામના-પૂર્તિનાં સુખનું પ્રલોભન રાખવું ભૂલ જ છે. શરીરનાં ન રહ્યા પછી પણ જીવન છે, તો પછી શરીરને ટકાવી રાખવાની કામના શું અર્થ રાખે છે ? કાંઈ

નહિ.

જેને પોતાનું કર્તવ્ય પ્રાણોથી પણ વધારે પ્રિય છે, તેને કોઈ પણ સામર્થ્યવાન કર્તવ્યથી ચ્યુત નથી કરી શકતો. આથી જ બળનો દુરુપયોગ તેનાં ઉપર જ વિજયી થાય છે, જે પોતાનાં કર્તવ્યને પ્રાણોથી પણ વધારે નથી માનતા. પ્રાણોનું મૂલ્ય કર્તવ્યથી ઓછું છે. કર્તવ્ય-પાલન માટે પ્રસન્નતાપૂર્વક પ્રાણોનો ત્યાગ કરી દેવો સાધન-નિધિ-સંપન્ન સાધકનો સહજ સ્વભાવ છે.

પોતાનાં પ્રત્યે અત્યાચાર કરવા છતાં પણ અત્યાચારીનું હિત થાય, આ સદ્ભાવના ત્યારે જાગ્રત થાય છે, જ્યારે સાધક સાધન-નિધિથી સંપન્ન થાય છે. એની પૂર્વે અન્યાયનો પ્રતિકાર અન્યાયપૂર્વક કરવાની રુચિ ઉત્પન્ન તો થાય છે, પરંતુ તેમાં અન્યાયનો પ્રતિકાર તથા ન્યાયની સ્થાપના નથી થઈ શકતી, પરંતુ ઉત્તરોત્તર અન્યાયની જ વૃદ્ધિ થતી રહે છે. આ દૃષ્ટિએ અન્યાયનો વાસ્તવિક પ્રતિકાર પોતાનાં પ્રત્યે ન્યાય અને બીજાઓ પ્રત્યે પ્રેમથી જ થશે.

પ્રેમ સૌનો, સર્વદા, સર્વાંશમાં, સ્વભાવથી જ હિતૈષી હોય છે; કારણ, કે પ્રેમને પામીને જીવનમાં કોઈ પ્રકારનો અભાવ, જડતા, નીરસતા તથા પરાધીનતા નથી રહેતી. પ્રેમનાં પ્રાદુર્ભાવ માટે એ અનિવાર્ય છે કે સાધક કોઈને બુરો ન સમજે, કોઈનું બુરું ન ઇચ્છે તેમજ કોઈનાં પ્રત્યે બુરાઈ ન કરે, અર્થાત્ બુરાઈ-રહિત થઈને દરેક માટે ઉપયોગી થવામાં જ માનવ-જીવનની પૂર્ણતા છે.

## પ્રભુ માટે ઉપયોગી થવું

પોતનાં માટે તથા જગત માટે ઉપયોગી થવાથી પોતાનાં રચયિતા માટે ઉપયોગી થવાનો પ્રશ્ન સ્વતઃ આવી જાય છે. સિદ્ધાંતરૂપથી જ આ સર્વદા માન્ય છે કે પોતાનાં માટે અને જગત માટે ઉપયોગી થવાથી પોતાનાં રચયિતા માટે ઉપયોગી થવું સ્વાભાવિક જ છે. પરંતુ છતાં પણ જો આ સમસ્યા પર વિચાર કરવામાં આવે કે સાધક પોતાનાં રચયિતા માટે કેવી રીતે ઉપયોગી સિદ્ધ થાય છે

? તો એ સ્પષ્ટ વિદિત થાય છે કે રચયિતાએ જે ભાવ-શક્તિ આપી છે, તેનાં જ ઉપયોગ દ્વારા તે પોતાનાં આશ્રય તથા પ્રકાશક માટે ઉપયોગી થઈ શકે છે.

**(૧) સાંભળેલા પ્રભુની સત્તાનો સ્વીકાર કરવો**-ભાસિત થવાવાળા 'હું' અને પ્રતીત થવાવાળા 'જગત'નો કોઈ આશ્રય તથા પ્રકાશક છે, તેનાંમાં અવિચલ આસ્થા કરવી અનિવાર્ય છે. તે કેવો છે, ક્યાં છે, શું કરે છે ? એ જાણવું આવશ્યક નથી. પરંતુ તેને સ્વીકાર કરવો અત્યંત આવશ્યક છે.

કોઈ પણ ઉત્પત્તિ તેનાં વગર સિદ્ધ નથી થતી, જેનો આશ્રય અનુત્પન્ન, અર્થાત્ અવિનાશી ન હોય. જે સદૈવ મૌજુદ છે, તેનાંમાં જ સૌની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય થઈ શકે છે. તેને ઉત્પન્ન થયેલા ઇન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરે દ્વારા ભલે જ વિષય ન કર્યો હોય, પરંતુ ભાવ-શક્તિ દ્વારા તેને સ્વીકાર કરવો અનિવાર્ય છે.

ઉત્પત્તિ પોતાનાં આશ્રયને પોતાનાં દ્વારા વિષય નથી કરી શકતી. તો પછી ઉત્પન્ન થયેલી ઇન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરે દ્વારા તેને કેવી રીતે જાણી શકાય ? જે મૌજુદ છે અને અવિનાશી છે, તેને તો માનવો જ પડશે. હા, એ અવશ્ય છે કે માનવાથી તેનાંમાં અવિચલ આસ્થા થશે. પોતાનાં દ્વારા કરેલી આસ્થાને કોઈ બીજું નથી મટાડી શકતું. આથી એ સિદ્ધ થાય છે કે આસ્થા કરવામાં સાધક સર્વથા સ્વાધીન છે.

જો માનવ વગર જોયેલાંમાં આસ્થા નથી કરતો, તો મળેલું શરીર તથા ઇન્દ્રિય, મન, બુદ્ધિ દ્વારા પ્રતીત થવાવાળું જગત તો આસ્થાને યોગ્ય છે જ નહિ. મળેલાનો ઉપયોગ કરી શકાય છે, તેમાં આસ્થા નથી કરી શકાતી. અને જોયેલાં પર વિચાર કરી શકાય છે, આસ્થા નથી કરી શકાતી. સાંભળેલામાં આસ્થા કરી શકાય છે, તેનાં પર વિચાર નથી કરી શકાતો.

સાંભળેલાનાં સંબંધમાં જેણે જે કાંઈ કહ્યું છે, એ સાચું હોવા છતાં પણ અધૂરું છે. પરંતુ એ કોઈએ નથી કહ્યું કે તે અદ્વિતીય નથી, સદૈવ નથી, સમર્થ

નથી, સૌનો નથી, સર્વત્ર નથી. તેને તો સૌ સમર્થ સ્વીકાર કરે છે.

સાંભળેલા પ્રભુની આસ્થા સ્વીકાર કરવાથી મળેલા શરીર અને જોયેલા જગતની આસ્થા નિર્જીવ થઈ જાય છે; કારણ કે, બે આસ્થાઓ એક કાળમાં જીવિત નથી રહી શકતી. અને પ્રભુનાં મહિમાનો સ્વીકાર કરવાથી આસ્તિક સાધકમાં શ્રદ્ધા સ્વતઃ જાગ્રત થાય છે. પછી સાધક વિશ્વાસી થઈ જાય છે. વિશ્વાસી વિશ્વાસ-પાત્રથી ભિન્નની સ્વતંત્ર સત્તા સ્વીકાર જ નથી કરતો. ત્યારે વિશ્વાસીમાં સ્વતઃ સ્મૃતિ જાગ્રત થાય છે, જેનાં થતાં જ વિશ્વાસ-પાત્રથી ભિન્નની વિસ્મૃતિ થઈ જાય છે. પછી સ્મૃતિ વિશ્વાસીને વિશ્વાસ-પાત્રની પ્રીતિથી અભિન્ન કરી દે છે, અર્થાત્ વિશ્વાસીનું અસ્તિત્વ પ્રીતિથી ભિન્ન કાંઈ નથી રહેતું.

પ્રીતિ સ્વભાવથી જ દૂરતા, ભેદ, ભિન્નતાને નથી રહેવા દેતી, અર્થાત્ યોગ, બોધ અને પ્રેમ, જે વિશ્વાસ-પાત્રનો સ્વભાવ છે, વિશ્વાસી તેની સાથે જ અભિન્ન થઈ જાય છે. પરંતુ આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ વિના કોઈ પણ સાધક વિશ્વાસ-પાત્ર સાથે આત્મીયતા સ્વીકાર નથી કરી શકતો. આત્મીયતામાં જ અગાધ પ્રિયતા રહેલી છે, જે શ્રદ્ધાસ્પદને રસ દેવામાં સમર્થ છે. આ દૃષ્ટિએ સાધક આસ્થા, શ્રદ્ધા તેમજ વિશ્વાસપૂર્વક આત્મીયતાથી જાગ્રત પ્રિયતા દ્વારા પોતાનાં રચયિતા માટે ઉપયોગી થાય છે.

**(૨) શ્રદ્ધા તેમજ વિશ્વાસ કરવો**-આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસનો પથ પણ સ્વતંત્ર પથ છે. પરંતુ જે સાધક પોતાની અસમર્થતાથી પીડિત થઈને પોતાનાં લક્ષ્યથી નિરાશ નથી થતો, તે જ શ્રદ્ધા-વિશ્વાસનાં પથનો અધિકારી થાય છે.

વાસ્તવિક જીવનથી નિરાશ થવું માનવની પોતાની ભૂલ છે; કારણ, કે તેનું નિર્માણ તેનાં રચયિતાએ લક્ષ્યની પ્રાપ્તિ માટે જ કર્યું છે.

માનવનો રચયિતા સર્વ પ્રકારે પૂર્ણ તથા સમર્થ છે. જ્યારે તેણે માનવનું નિર્માણ લક્ષ્યની પ્રાપ્તિ માટે કર્યું છે, તો પછી લક્ષ્યની પ્રાપ્તિ અવશ્યંભાવી છે. આ દૃષ્ટિએ સાધકમાં લક્ષ્ય-પ્રાપ્તિ માટે પ્રત્યેક પરિસ્થિતિમાં નિત્ય, નવો ઉત્સાહ

તથા ઉત્કંઠા ઉત્તરોત્તર વધતી રહેવી જોઈએ. પરંતુ જ્યારે સાધક પોતાની જ ભૂલથી પોતાને અસમર્થ બનાવી લે છે, ત્યારે ક્યારેક-ક્યારેક પોતાનાં લક્ષ્યથી નિરાશ થવા લાગે છે. પરંતુ જ્યારે પોતાનાં રચયિતાનાં મહિમામાં અવિચલ શ્રદ્ધા તથા વિશ્વાસ કરે છે, ત્યારે નિરાશા આશામાં પરિણત થઈ જાય છે અને લક્ષ્યની પ્રાપ્તિ માટે પરમ વ્યાકુળતા જાગ્રત થાય છે, જે સફળતાની ચાવી છે.

માનવનું જે લક્ષ્ય છે, તેનાથી તેની દેશ, કાળ વગેરેની દૂરતા નથી; કારણ કે, લક્ષ્ય એ જ હોઈ શકે છે, જે ઉત્પત્તિ-વિનાશ-રહિત, સર્વત્ર, સર્વદા વિદ્યમાન છે. જે મૌજુદ છે, તેની ઉપલબ્ધિ વર્તમાનમાં થઈ શકે છે.

હવે વિચાર એ કરવાનો છે કે જે મૌજુદ છે, તેનાંથી દૂરતા, ભેદ, ભિન્નતા કેમ પ્રતીત થાય છે? આ સંબંધે વિચાર કરવાથી એ સ્પષ્ટ વિદિત થાય છે કે જ્યારે સાધક પોતાનાં લક્ષ્યને મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય દ્વારા પ્રાપ્ત કરવા ઇચ્છે છે, જે તેને વિશ્વ-સેવા માટે મળી છે, ત્યારે લક્ષ્યથી દૂરતા, ભેદ, ભિન્નતા પ્રતીત થાય છે. જો કે જે સર્વત્ર, સર્વદા છે તેનાંથી સ્વરૂપથી દૂરતા થઈ જ નથી શકતી, પરંતુ મળેલી શરીર વગેરે વસ્તુઓનો આશ્રય લક્ષ્યથી વિમુખ કરી દે છે.

જો સાધક પોતાનાં સાધ્યની ઉપલબ્ધિ માટે પોતાનાંથી ભિન્ન શરીર, ઇન્દ્રિય, મન, બુદ્ધિ વગેરેનો આશ્રય સ્વીકાર ન કરે, પરંતુ પોતાનાં જ દ્વારા શરણાગત થઈ જાય, અથવા તીવ્ર આવશ્યકતા અનુભવ કરે, તો લક્ષ્યથી દૂરતા, ભેદ, ભિન્નતા પ્રતીત નહિ થાય.

**(૩) આત્મીયતા સ્વીકાર કરવી**-પોતાની અસમર્થતાથી પીડિત સાધક જ્યારે શ્રદ્ધા, વિશ્વાસપૂર્વક સર્વ-સમર્થની નિર્ભરતા સ્વીકાર કરે છે, ત્યારે સ્વતઃ તેઓ પોતાની અહેતુની કૃપાથી પ્રેરિત થઈ, તેને અપનાવી લે છે અને પછી દૂરતા, ભેદ, ભિન્નતા શેષ નથી રહતી. સમર્થ તેને જ કહે છે, જે સૌને અપનાવી શકે.

જેમણે પોતાનાંમાંથી જ સૌનું નિર્માણ કર્યું છે, તેમનાંથી નિર્મિત સમસ્ત વિશ્વ તેમનાં જ એક અંશ-માત્રમાં છે. આ દૃષ્ટિએ આપણે સૌ તેમનાંમાં જ છીએ અને તેઓ સૌમાં હોવા છતાં પણ સૌથી અતીત પણ છે. તેમનાં મહિમાનો કોઈ પારાવાર નથી. તેમનાં મહિમાની વિસ્મૃતિએ જ અસમર્થ સાધકમાં નિરાશા ઉત્પન્ન કરી છે.

જો સાધક તેમનાં મહિમામાં અવિચલ આસ્થા કરીને દરેક પ્રકારે તેમનો થઈ જાય, તો બહુ જ સુગમતાપૂર્વક લક્ષ્યને પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થઈ શકે છે.

સાધકનું લક્ષ્ય સૌનાં માટે ઉપયોગી થવું છે. આ માંગ સાધકની વૈધાનિક માંગ છે. તેની પૂર્તિ અનિવાર્ય છે. જ્યારે સાધક પોતાનું અસ્તિત્વ પોતાની માંગથી ભિન્ન નથી પામતો ત્યારે સર્વ-સમર્થની કરુણાથી તેની પૂર્તિ સ્વતઃ થાય છે.

એ મહા-મહિમની કરુણા અપાર છે, અનંત છે, તેનો કોઈ પારાવાર નથી .

સાધક તો આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસપૂર્વક તેમને પોતાનાં સ્વીકાર કરે છે, પરંતુ તેઓ સ્વયં જાણે છે કે સૌ મારા પોતાનાં જ છે; કારણ કે, તેમણે પોતાનાંમાંથી જ સૌનું નિર્માણ કર્યું છે. સાધકથી મોટી ભૂલ એ જ થાય છે કે પોતાનાં નિર્માતાનાં મહિમાને ભૂલી જાય છે અને તેમની આપેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્યને પોતાની માની લે છે અને તેનો દુરુપયોગ કરવા લાગે છે. તેનું જ પરિણામ એ આવે છે કે સાધક પોતાને અસમર્થ જુએ છે.

આ અસમર્થતા સાધકે પોતાની ભૂલથી ઉત્પન્ન કરી છે. પરંતુ અસમર્થતાથી પીડિત થઈને જ્યારે તે સર્વ-સમર્થ સામે એકવાર પણ જુએ છે, તો તેઓ તેની અસમર્થતાનું અપહરણ કરીને, તેને અપનાવી લે છે, આ એમનો સહજ સ્વભાવ છે.

'સર્વ-સમર્થ', સાધકનો ભૂતકાળ નથી જોતાં. તેની વર્તમાન વેદનાથી જ કરુણિત થઈ, અપનાવી લે છે. પરંતુ આ રહસ્ય એ જ સાધકો જાણી શકે છે,

જેમણે પોતાની અસમર્થતાનો અનુભવ કર્યો છે અને તેમનાં મહિમાને સ્વીકાર્યો છે.

જેને પોતાનું કોઈ બીજું પ્રતીત નથી થતું, જેને પોતાનાંમાં પોતાનો કરીને કોઈ ગુણ નથી દેખાતો અને જે લક્ષ્યથી નિરાશ નથી થતો, તે બહુ જ સુગમતાપૂર્વક તેમનાં મહિમાને સ્વીકાર કરીને, તેમનાં પર નિર્ભર થઈ જાય છે.

નિર્બળતાની પીડામાં સમર્થની નિર્ભરતા રહેલી છે. નિર્ભર થતાં જ બીજું કાંઈ કરવાનું બાકી નથી રહેતું. જે કાંઈ નથી કરી શકતો, એ જ નિર્ભર થાય છે. આ દૃષ્ટિએ બીજું કાંઈ કરવાનો પ્રશ્ન જ નથી રહેતો. નિર્ભર થતાં જ નિશ્ચિંતતા, નિર્ભયતા તેમજ પ્રિયતાની અભિવ્યક્તિ સ્વતઃ થાય છે, આ મંગલમય વિધાન છે.

નિશ્ચિંતતાથી અસમર્થતા અને નિર્ભયતાથી અકર્તવ્ય તેમજ પ્રિયતાથી નીરસતાનો સદાને માટે સ્વતઃ નાશ થઈ જાય છે. આ દૃષ્ટિએ અસમર્થથી અસમર્થ સાધક પણ લક્ષ્યને પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થાય છે. આ સર્વ-સમર્થનો મહિમા છે.

અસમર્થ સાધકનાં જીવનમાં સર્વ-સમર્થથી ભિન્ન કોઈ અન્ય વિશ્વાસ, સંબંધ તથા ચિંતન માટે કોઈ સ્થાન જ નથી રહેતું; કારણ કે, અન્ય વિશ્વાસ, અન્ય સંબંધ તથા અન્ય ચિંતનનાં રહેતાં પ્રભુ-વિશ્વાસ સજીવ નથી થતો. જ્યારે જીવનમાં એક જ વિશ્વાસ રહી જાય છે, ત્યારે જ સાધક વિશ્વાસ-પથનો અધિકારી થાય છે.

પ્રભુ-વિશ્વાસનો ઉપયોગ તેમની અગાધ પ્રિયતાની પ્રાપ્તિમાં જ થવો જોઈએ; કારણ કે, તેમનાં પ્રેમની અભિવ્યક્તિ કોઈ અન્ય ઉપાયથી સાધ્ય નથી.

પ્રેમનો પ્રાદુર્ભાવ થતાં જ ઉદારતા તથા અસંગતા આપોઆપ આવી જાય છે; કારણ કે, પથનો ભેદ હોવા છતાં પણ વાસ્તવિકતામાં કોઈ ભેદ નથી રહેતો. સત્ય એક છે, પ્રાપ્તિનાં ઉપાયો અનેક છે.

વ્યક્તિગત ભિન્નતાને કારણે ઉપાયમાં ભલેને ભેદ હોય, પરંતુ સાધ્યમાં કોઈ ભેદ નથી; કારણ કે, સાધ્ય અદ્વિતીય છે. ઉપાયનો આરંભ ભિન્ન-ભિન્ન

પ્રકારે થઈ શકે છે, પરંતુ અંતમાં દરેક ઉપાયો સાધ્યની અગાધ પ્રિયતામાં જ વિલીન થાય છે.

પ્રિયતાની જાગૃતિ વિના અહં-ભાવ રૂપી અણુનો નાશ નથી થતો. અને તેનાં વિના સર્વાંશમાં દૂરતા, ભેદ, ભિન્નતાનો નાશ નથી થતો. નિર્વિકારતા, શાંતિ, સ્વાધીનતા વગેરે ગુણોનો આશ્રય મેળવીને અહં-ભાવ જેમનો-તેમ જીવિત રહે છે, પરંતુ અગાધ પ્રિયતાની જાગૃતિ થયેથી અહં-ભાવ રૂપી અણુ પ્રિયતા સાથે અભિન્ન થઈ, પ્રેમાસ્પદને રસ આપવામાં સમર્થ થાય છે. આ પ્રીતિનો મહિમા છે.

જેને ભોગ અને મોક્ષ પણ નથી ગમતાં, તેને જ કરુણામય પોતાની પ્રીતિ પ્રદાન કરે છે. આનું કારણ એ છે કે તેની પાસે તેમને આપવા માટે બીજું કાંઈ બાકી જ નથી રહેતું. સાધક તેમની આપેલી પ્રીતિને પામીને જ તેમનાં માટે ઉપયોગી બને છે. મોક્ષાર્થી પોતાનાં માટે ઉપયોગી બને છે.

બિચારો ભોગાર્થી તો સુખની દાસતા તથા દુઃખનાં ભયમાં જ બંધાયેલો રહે છે, અર્થાત્ તે પોતાનાં જ માટે અનુપયોગી થઈ જાય છે. જો કે માનવ-જીવન સૌનાં માટે ઉપયોગી થવા માટે મળ્યું છે, પરંતુ માનવ પોતાનાં લક્ષ્યની વિસ્મૃતિથી આપોઆપ પોતાની દુર્દશા કરી લે છે.

જો સાધક બીજ-રૂપથી વિદ્યમાન માંગને જાગૃત કરીને અસમર્થ તેમજ ભયભીત દશામાં પણ પોતાનાં રચયિતાનાં મહિમાને સ્વીકાર કરે, તો તેને પણ એ જ જીવન મળી શકે છે, જે કોઈ પણ મહામાનવને મળ્યું છે; કારણ કે, લક્ષ્ય સાથે માનવની જાતીય તથા સ્વરૂપની એકતા છે. બિચારો માનવ પ્રમાદવશ માનવ-જીવનનાં મહિમાને નથી અપનાવતો, આ તેની પોતાની બનાવેલી દશા છે. પ્રાકૃતિક નિયમાનુસાર પ્રત્યેક દશામાં સતત પરિવર્તન થતું રહે છે. આ દૃષ્ટિએ દરેક અવસ્થાઓથી અતીતનાં જીવનની માંગ જાગ્રત થતાં જ તેની પૂર્તિ સ્વતઃ થાય છે. આથી જ વાસ્તવિક જીવનથી કોઈ પણ સાધકે નિરાશ નહિ થવું જોઈએ. મહામહિમની અહેતુની કૃપા સતત વરસી રહી છે. તેમાં આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ કરતાં જ સાધકનો સર્વતોમુખી વિકાસ થાય છે.

કામના-પૂર્તિ-અપૂર્તિનાં દ્વંદ્વમાં બંધાયેલો માનવ જ્યારે પોતાને પરાધીનતા, નીરસતા અને અભાવથી પીડિત જુએ છે, ત્યારે વાસ્તવિક માંગની જાગૃતિ થાય છે, જેની પૂર્તિ કોઈ પણ પરિસ્થિતિથી સંભવ નથી. એટલું જ નહિ, સમસ્ત સૃષ્ટિ મળીને કોઈ એક વ્યક્તિની પણ પરાધીનતા, અભાવ તથા નીરસતાનો અંત નથી કરી શકતી. ત્યારે સ્વભાવથી જ એ સાંભળેલા પ્રભુની તરફ આકર્ષણ થાય છે, જેમને જોયા નથી, પરંતુ સંતો, ભક્તો તથા સદ્‌ગ્રંથોથી સાંભળ્યા છે.

સાંભળેલામાં આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસપૂર્વક આત્મીયતા સ્વીકાર કરવી અનિવાર્ય છે; કારણ, કે આત્મીયતાથી જ પ્રિયતાની અભિવ્યક્તિ થાય છે, અથવા એમ કહો કે સાધક જેને પોતાનાં કહીને સ્વીકારે છે તથા જેમની આવશ્યકતા અનુભવે છે, તેમની અખંડ સ્મૃતિ સ્વતઃ જાગ્રત થાય છે. આવું થતાં જ ઇન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરે દરેક કરણો પોતપોતાનાં વિષયથી વિમુખ થઈ, સ્મૃતિમાં વિલીન થઈ જાય છે અને પછી આત્મીયતાથી જાગ્રત પ્રિયતા જ શેષ રહે છે.

પ્રિયતા જેમ-જેમ સબળ તથા સ્થાયી થતી જાય છે, તેમ-તેમ પ્રેમાસ્પદથી દૂરતા, ભેદ, ભિન્નતા સ્વતઃ મટતી જાય છે, અર્થાત્ યોગ, બોધ અને પ્રેમની પ્રાપ્તિ સ્મૃતિની જાગૃતિ-માત્રથી જ થઈ જાય છે. સ્મૃતિ સાધકમાં જાગ્રત થાય છે, આ શરીર-ધર્મ નથી. શરીર પર સ્મૃતિનો પ્રભાવ થાય છે. એટલું જ નહિ, સ્મૃતિની જાગૃતિ શરીરનાં તાદાત્મ્યને નષ્ટ કરી દે છે. શરીરનું તાદાત્મ્ય તો કેવળ તે જ સમય સુધી રહે છે, જ્યાં સુધી માનવ પ્રમાદવશ કામના-પૂર્તિમાં જ જીવન-બુદ્ધિ સ્વીકાર કરે છે.

શ્રદ્ધા તથા વિશ્વાસ-પથનો સાધક પોતાની નિર્બળતાઓથી પીડિત થઈ, પ્રભુનાં મહિમાને સ્વીકારે છે, જેનાથી વિશ્વાસની અભિવ્યક્તિ થાય છે. વિશ્વાસીનું વિશ્વાસથી ભિન્ન બીજું કોઈ અસ્તિત્વ નથી રહેતું. પરંતુ જ્યાં સુધી તે એકથી વધારે વિશ્વાસ રાખે છે, ત્યાં સુધી વિશ્વાસી અને વિશ્વાસમાં ભેદ પ્રતીત થાય છે.

હવે જો કોઈ એમ કહે કે વિશ્વાસી તો વિશ્વાસની પહેલાં પણ પોતાનું અસ્તિત્વ સ્વીકાર કરતો હતો. આ સંબંધમાં વિચાર કરવાથી એ સ્પષ્ટ વિદિત થાય છે કે પ્રભુ-વિશ્વાસી અન્ય વિશ્વાસોને ત્યાગ કરી, પોતાનાં દ્વારા પ્રભુ-વિશ્વાસને સ્વીકારે છે, અર્થાત્ વિશ્વાસની સ્થાપના વિશ્વાસી પોતાનામાં કરે છે, જેનાં કરતાં જ વિશ્વાસ-પાત્ર સાથે નિત્ય-સંબંધ સિદ્ધ થાય છે અને પછી વિશ્વાસીમાં અખંડ સ્મૃતિ જાગ્રત થાય છે.

સ્મૃતિ જેનામાં જાગ્રત થાય છે, તેને પોતાનાંથી અભિન્ન કરી લે છે, અર્થાત્ સ્મૃતિ-માત્ર જ તેનું અસ્તિત્વ રહી જાય છે. પરંતુ જેમનાં પ્રત્યે થાય છે, તેમનાં માટે રસ-રૂપ હોય છે. આ સ્મૃતિનો મહિમા છે. એટલું જ નહિ, સ્મૃતિમાં એમની જ સત્તા છે, જેમની એ સ્મૃતિ છે. આ દૃષ્ટિએ અખંડ સ્મૃતિ સાધકનું જીવન અને સાધ્યનો સ્વભાવ છે.

જેમની ઉપલબ્ધિ કોઈ અન્ય પ્રકારે નથી થતી, તેમની ઉપલબ્ધિ સ્મૃતિ-માત્રથી જ થાય છે. સ્મૃતિ તેમની જ થાય છે, જેમનું સ્વતંત્ર અસ્તિત્વ છે અને જેઓ સદૈવ, સર્વત્ર, સૌનાં પોતાનાં છે, અર્થાત્ પોતાનાંની જ પોતાનાંમાં સ્મૃતિ જાગ્રત થાય છે, જે વિસ્મૃતિનો અંત કરીને સાધકને સાધ્ય સાથે અભિન્ન કરે છે.

અભિન્નતા પ્રીતિની પ્રતીક છે, અર્થાત્ સાધક પ્રીતિ થઈને પોતાનાં પ્રીતમ માટે ઉપયોગી થાય છે — આ પ્રીતિનો મહિમા છે, જે એકમાત્ર અખંડ સ્મૃતિથી જ સાધ્ય છે. સ્મૃતિ જાગ્રત થતાં જ પ્રત્યેક પ્રવૃત્તિ પૂજા થઈ જાય છે અને પ્રત્યેક ઘટનામાં સાધકને પોતાનાં સાધ્યની અનુપમ લીલાનાં જ દર્શન થાય છે. આથી સ્મૃતિની જાગૃતિ માટે નિર્મમ, નિષ્કામ થઈને સાધ્ય સાથે આત્મીયતા સ્વીકાર કરવી અનિવાર્ય છે.

મળેલું શરીર અને જોયેલો સંસાર આસ્થા કરવા યોગ્ય નથી; કારણ, કે આસ્થા તેમનાંમાં જ કરી શકાય છે, જેમનું સ્વતંત્ર અસ્તિત્વ હોય, અર્થાત્ જે અવિનાશી હોય. ઇન્દ્રિય, મન, બુદ્ધિ વગેરે દ્વારા અવિનાશીને જોયા નથી, પરંતુ પોતાનાંમાં અવિનાશી જીવનની માંગ અવશ્ય છે. માંગ તેમની જ થાય છે, જેમનું

અસ્તિત્વ છે.

વિચારશીલ માંગને આધારે અને વિશ્વાસી ભક્તો, સંતો તથા ગ્રંથોને આધારે તેમનામાં આસ્થા કરે છે, જે અગોચર છે. માનવ માટે જે અગોચર છે, તે સ્વયં સૌનાં જ્ઞાતા છે. સાધકે કોનામાં આસ્થા કરવાની છે ? જેમને તે નથી જાણતો, પરંતુ જેઓ તેને જાણે છે.

હવે જો કોઈ એમ કહે કે આપણે કેમ સ્વીકાર કરીએ કે તેઓ આપણને જાણે છે, જેમને આપણે નથી જાણતા ? આ સંબંધમાં એ સ્પષ્ટ સિદ્ધ થાય છે કે શું કોઈ પણ મિલ્કત માલિક વગરની હોય છે ? શું કોઈ પણ ઉત્પત્તિ આશ્રય વિના થાય છે ? શું કોઈ પણ પ્રતીતિ પ્રકાશક વિના થાય છે ? કદાપિ નહિ. શું કોઈ પોતાનાં રચયિતાને જાણી શકે છે ? ક્યારેય નહિ. પરંતુ રચનાનો કોઈ રચયિતા છે, એમાં કોઈને વિકલ્પ નથી થતો. આ દૃષ્ટિએ શરીર અને સંસારની ઉત્પત્તિ જેમનાંથી થઈ છે, એમને સ્વીકાર કરવા અનિવાર્ય છે. આથી જે કાંઈ મળેલું તથા જોયેલું પ્રતીત થાય છે, એ મિલ્કતનો કોઈ માલિક છે.

વિકલ્પ-રહિત ભાવથી તેમને સ્વીકાર કરવાનું નામ જ આસ્થા છે. સાધકે જેનાંમાં આસ્થા કરી છે, તે કેવો છે, ક્યાં છે, શું કરે છે — આ પ્રશ્નો આવશ્યક નથી; કારણ કે, સૌનો આશ્રય તથા પ્રકાશક અદ્વિતીય છે. તેણે પોતાનાંમાંથી સૌનું નિર્માણ કર્યું છે અને પોતાનાંમાં જ સૌને આશ્રય આપ્યો છે. એમનાં સંબંધમાં જે કોઈએ જે કાંઈ કહ્યું છે, તે તેની દૃષ્ટિએ સાચું હોવા છતાં પણ અધૂરું છે; કારણ કે, વિશ્વ-નિયંતા એક છે, તેનાંથી નિર્મિત માનવ તેનાં સંબંધમાં સીમિત દૃષ્ટિથી જેટલું કહેશે, ઓછું હશે, અર્થાત્ વિશ્વનાં રચયિતાનું વર્ણન તેની રચના નથી કરી શકતી, પરંતુ સાધક તેમાં અવિચલ આસ્થા કરી શકે છે. તેનાં મહિમાને સ્વીકારવો આસ્થાવાનમાં શ્રદ્ધા ઉત્પન્ન કરે છે.

જ્યારે સાધક એ સ્વીકાર કરી લે છે કે 'એ મહામહિમનાં મહિમાનો પારાવાર નથી', ત્યારે તેમાં સ્વતઃ શ્રદ્ધાની અભિવ્યક્તિ થાય છે.

શ્રદ્ધા જાગ્રત થતાં જ અન્ય વિશ્વાસ, અન્ય સંબંધ, અન્ય ચિંતન નથી રહેતાં અને પછી એક જ વિશ્વાસ, એક જ સંબંધ, એક જ ચિંતન રહી જાય છે.

આ દષ્ટિએ આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસપૂર્વક સાધક એ અદ્વિતીય, સર્વ-સમર્થ સાથે જાતીય એકતા તથા નિત્ય સંબંધ સ્વીકાર કરે છે અને પછી સ્વતઃ અખંડ સ્મૃતિ જાગ્રત થાય છે.

શરીર વગેરે સમસ્ત વિશ્વ એમનું છે અને તેઓ આપણાં છે. તેમનાં જ નાતે, તેમની જ આપેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય દ્વારા તેમનાં જ વિશ્વની પૂજા-ભાવથી સેવા કરવી અને દરેક પ્રકારે તેમનાં જ થઈને રહેવું સાધકનો સહજ સ્વભાવ થઈ જાય છે. સેવા-સામગ્રી તેઓ સ્વયં પ્રદાન કરતા રહે છે. સેવા દ્વારા તેઓ સાધકનાં જીવનને વિશ્વ માટે ઉપયોગી સિદ્ધ કરે છે, આ એમનો મહિમા છે.

સેવા પરાધીનતાથી સ્વાધીનતા તરફ સ્વતઃ અગ્રેસર કરી દે છે, જેથી સાધક પોતાનાં માટે ઉપયોગી થઈ જાય છે. તેનાંમાં કોઈ પ્રકારની પરાધીનતા નથી રહેતી.

વિશ્વાસી સાધક સ્વાધીનતાનો આશ્રય મેળવીને સંતુષ્ટ નથી થતો, પરંતુ પોતાનાં વિશ્વાસ-પાત્રની આત્મીયતાથી જાગ્રત પ્રિયતા જ તેને ગમે છે, જેથી સાધકનું જીવન પોતાનાં રચયિતા માટે ઉપયોગી થાય છે. આ દષ્ટિએ સાધ્યની અહેતુની કૃપાથી નિર્મિત સાધક સૌનાં માટે ઉપયોગી થઈ જાય છે. આ વાસ્તવમાં સાધ્યનો જ મહિમા છે. પરંતુ આ રહસ્ય એ જ સાધકો જાણી શકે છે, જેમણે આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસપૂર્વક શરણાગતિ સ્વીકારી છે.

શરણાગત સાધક પોતાનાંમાં પોતાનું કરીને કાંઈ નથી જોતો. શરણ્યની અહેતુની કૃપાનો આશ્રય જ તેનું સર્વસ્વ છે. શરણ્ય પોતાની કૃપાથી પોતે મોહિત થઈ, શરણાગતને અપનાવી લે છે અને પછી તેનું જીવન દરેક માટે ઉપયોગી બનાવી દે છે. આ દષ્ટિએ એમનાં મહિમાનો કોઈ પારાવાર નથી. એ મહામહિમનાં મહિમાની વિસ્મૃતિથી જ માનવ અનાથ થઈ જાય છે. પરંતુ અનાથ થવા છતાં પણ સનાથ થવાની અભિરુચિ બીજ-રૂપથી માનવમાં બનેલી જ રહે છે. જો માનવ એ અભિરુચિને સબળ બનાવીને કોઈ પણ પ્રકારે મહામહિમનાં મહિમાને સ્વીકારી લે, તો દીર્ઘકાળનું અનાથપણું તુરંત નાશ થઈ જાય છે અને પછી સાધક સનાથ થઈને કૃતકૃત્ય થઈ જાય છે, આ નિર્વિવાદ સત્ય છે.

જો કોઈ માનવ ન જોયેલા, સાંભળેલા વિશ્વ-નિયંતામાં આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ નથી કરી શકતો, તો પછી તેનાં જીવનમાં આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ કરવા માટે કોઈ સ્થાન જ નથી રહેતું. વિશ્વાસથી સંબંધની સ્થાપના થાય છે અને સંબંધથી સ્મૃતિ જાગ્રત થાય છે.

જો માનવ મળેલાં શરીર તથા જોયેલાં સંસાર પર વિશ્વાસ કરશે, તો તેનાંમાં અનેક આસક્તિઓ ઉત્પન્ન થશે, પરંતુ મળેલાં શરીર વગેરેને પણ રાખી નહિ શકે. કેવળ લોભ, મોહ, દીનતા, અભિમાન, પરિચ્છિન્નતા વગેરે વિકારોમાં જ બંધાઈ જશે. આ દૃષ્ટિએ સાંભળેલા પ્રભુથી ભિન્ન કોઈ પણ આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસને યોગ્ય નથી.

હવે જો કોઈ એમ કહે કે સંસાર અને શરીર ઉપર તો વિશ્વાસ નહિ કરું, પરંતુ પોતાનાંમાં વિશ્વાસ કરીશ. તો આ સંબંધમાં એ અનિવાર્ય થશે કે 'હું શું છું' તેની શોધ કરવામાં આવે. શરીર વગેરે સમસ્ત દૃશ્ય, જેને માનવ 'આ' કરીને સ્વીકારે છે, તેને 'હું' કહી નથી શકતો અને આત્મા, પરમાત્મા કરીને જેમને સાંભળ્યા છે, તેમને પણ 'હું' નથી કહી શકતો. 'આ' અને 'તે' થી રહિત જેને 'હું' કરીને સ્વીકારે છે, તેનાંમાં કોઈ માંગ છે. સ્વભાવ-જનિત જિજ્ઞાસા અને લાલસા અને ભૂલ-જનિત કામ માનવ પોતાનાંમાં જુએ છે. કામની નિવૃત્તિ ભૂલ-રહિત થવાથી થાય છે. કામની નિવૃત્તિથી જ જિજ્ઞાસા-પૂર્તિનું સામર્થ્ય આવે છે. જિજ્ઞાસાની પૂર્તિ થવાથી સ્વતઃ લાલસાની પૂર્તિ થાય છે અને પછી માનવ અનુપયોગી નથી રહેતો. આથી સાંભળેલા પ્રભુમાં આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ કરવો અથવા પોતાની શોધ કરવી — આ બન્ને સ્વતંત્ર પથ છે.

બન્ને પથથી જે વાસ્તવિક જીવનની ઉપલબ્ધિ થાય છે, એ જીવન એક છે.

આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ એકમાત્ર એમનામાં જ કરી શકાય છે, જેમને સાંભળ્યા છે, ઇન્દ્રિય, મન, બુદ્ધિ વગેરેથી જાણ્યા નથી. ઇન્દ્રિય વગેરેથી જે કાંઈ જાણવામાં આવે છે, તેનાં પર વિચાર કરી શકાય છે, વિશ્વાસ નહિ. શરીર વગેરે મળેલી વસ્તુઓનો સદુપયોગ કરી શકાય છે, વિશ્વાસ નહિ. આથી એ નિર્વિવાદ

સિદ્ધ છે કે આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ એકમાત્ર પોતાનાં રચયિતામાં જ કરી શકાય છે.

પુરુષાર્થનાં આધારે સાધક નિર્વિકારતા, શાંતિ, સ્વાધીનતા પ્રાપ્ત કરી શકે છે, પરંતુ એ સૌને તે પોતાનાંમાં જ સ્થાપિત કરશે અર્થાત્ 'હું નિર્વિકાર, શાંત, સ્વાધીન છું.' પરંતુ આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસપૂર્વક શરણાગતિ વિના નિર્વિકારતા, શાંતિ, સ્વાધીનતામાં રમણનો ત્યાગ નથી કરી શકતો, કારણ કે, અહં-ભાવરૂપી અણુ નિર્વિકારતા, શાંતિ, સ્વાધીનતા વગેરેનો આશ્રય મેળવીને, જેમ-નો-તેમ પુષ્ટ રહે છે અને એ અનુભવ કરે છે કે હું પોતાની ભૂલથી વિકારોમાં બંધાઈ ગયો હતો. અને ભૂલ-રહિત થવાથી નિર્વિકારતા પ્રાપ્ત થઈ ગઈ.

હવે વિચાર એ કરવાનો છે કે ભૂલ-રહિત થવાનું સામર્થ્ય જો આપણું જ હતું, તો પછી ભૂલ કેમ કરી ? પોતાને વિકારી બનાવવામાં પ્રવૃત્તિ કેમ થઈ ? ક્યારેક તો ભૂલ-રહિત હતો જ, અર્થાત્ નિર્વિકારતાથી વિકારોમાં બંધાઈ કેમ ગયો ? આથી એ સ્પષ્ટ વિદિત થાય છે કે સાધક પોતાનાં રચયિતાનાં મહિમાને સ્વીકારીને શરણાગત નથી થયો, અથવા એમ કહો કે મળેલી સ્વાધીનતા વગેરેને પોતાની માની લીધી. આ જ કારણે નિજ-જ્ઞાનનો અનાદર કરીને વિકારોમાં બંધાઈ ગયો.

જ્યાં સુધી સાધક મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્યને કોઈની દેન નહિ માને અને પોતાનાં આશ્રય તથા પ્રકાશકને સ્વીકાર નહિ કરે, ત્યાં સુધી અહં-ભાવને કારણે મળેલી સ્વાધીનતાનો દુરુપયોગ કરી શકે છે. આ કારણે પોતાનાં આશ્રયની આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસપૂર્વક શરણાગતિ સ્વીકારવી અનિવાર્ય છે.

શરણાગતિ સ્વીકાર કરતાં જ, 'આ' અને 'હું' બન્ને ઉપર શરણ્યનું સીલ લાગી જાય છે, જેનાં લાગતાં જ પોતાનામાં પોતાનું કરીને કાંઈ નથી રહેતું, કેવળ તેઓ જ પોતાનાં રહી જાય છે. જે સર્વ-સમર્થ સૌનાં પોતાનાં છે, તેમની આત્મીયતા જ પોતાનું જીવન રહી જાય છે. આત્મીયતા અગાધ પ્રિયતાની જનની છે. આત્મીયતા પ્રિયતા થઈને સર્વાધારને રસ આપવામાં સમર્થ થાય છે. સાધકનો અહં-ભાવ સાધ્યની પ્રીતિ થઈ જાય છે, જે એકમાત્ર આસ્થા, શ્રદ્ધા,

વિશ્વાસપૂર્વક શરણાગતિથી જ સાધ્ય છે.

અહંનો નાશ ગુણ-દોષ રહિત થવાથી જ સંભવ છે. સાધક પુરુષાર્થપૂર્વક દોષ-રહિત થઈને કોઈ ને કોઈ ગુણમાં બંધાઈ જાય છે. સાધ્યનો મહિમા સ્વીકારતાં જ સાધ્ય પોતાની અહેતુની કૃપાથી પ્રેરિત થઈ, ગુણોનાં આશ્રયથી રહિત કરી, પોતાની પ્રિયતા પ્રદાન કરે છે. એટલું જ નહિ, પોતાની પ્રિયતા આપીને પોતે રીઝી જાય છે. આ સાધ્યનો મહિમા છે. છતાં પણ સાધક એ મહામહિમનાં મહિમાને અપનાવી, આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસપૂર્વક તેમનો ન થઈ જાય, એનાથી વધીને બીજી કોઈ મોટી ભૂલ થઈ જ શું શકે છે ? આ ભૂલનો અંત શીઘ્રાતિશીઘ્ર કરવો આસ્તિક માટે અનિવાર્ય છે.

શરણાગતિ દીનતા નથી, પરંતુ નિત્ય-સંબંધની સ્મૃતિ છે. નિત્ય-સંબંધનાં વિસ્મૃતિ-કાળમાં જ માનવ દીનતા, અભિમાન વગેરે વિકારોમાં બંધાય છે. અભિમાન રહેતાં ભેદ અને ભિન્નતાનો નાશ નથી થતો. તેનો નાશ થયા વિના પરાધીનતા, જડતા,અભાવ વગેરે શેષ રહે જ છે. આ કારણે સાધકે પોતાનાં નિત્ય-સંબંધની સ્મૃતિ જાગ્રત કરવી અનિવાર્ય છે, જે એકમાત્ર આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસપૂર્વક શરણાગતિથી જ સાધ્ય છે.

વિસ્મૃતિથી જ સમસ્ત વિકારોની ઉત્પત્તિ થાય છે. કર્તવ્યની વિસ્મૃતિથી અકર્તવ્યની, નિજ-સ્વરૂપની વિસ્મૃતિથી દેહાભિમાનની તેમજ પ્રભુની વિસ્મૃતિથી અનેક અનિત્ય સંબંધોની ઉત્પત્તિ થાય છે, જે વિનાશનું મૂળ છે. આ કારણે પ્રત્યેક સાધકે પોતાની ભૂલથી ઉત્પન્ન થયેલી વિસ્મૃતિનો અંત કરવો અનિવાર્ય છે, જે એકમાત્ર સાધન-નિધિનાં સંપાદનથી જ સંભવ છે.

કોઈ પણ માનવ મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય દ્વારા વાસ્તવિક જીવન સાથે અભિન્ન નથી થઈ શકતો; કારણ, કે મળેલી વસ્તુ, સામર્થ્ય, યોગ્યતા વગેરેનો સદુપયોગ જગત માટે ઉપયોગી હોય છે, પોતાનાં માટે નહિ. હા, એ અવશ્ય છે કે જગત માટે ઉપયોગી થવાથી સાધક જગતથી અતીતનાં જીવનનો અધિકારી થઈ જાય છે, અર્થાત્ તે પોતાનાં માટે જગત તરફ નથી જોતો. જગત પાસેથી આવેલું માન અને ભોગ પણ તેને સંતુષ્ટ નથી કરી શકતું. ત્યારે સાધક

અત્યંત વ્યાકુળ થઈ, એ જીવન માટે આકુળ થઈ જાય છે, જેમાં કોઈ પ્રકારની નીરસતા, પરાધીનતા તથા અભાવ નથી, અર્થાત્ અત્યંત દુઃખની નિવૃત્તિ જ તેની માંગ રહી જાય છે. પરંતુ તેની પૂર્તિ માટે સ્વયં કાંઈ નથી કરી શકતો. એ માંગ-માત્રને જોઈ, કોઈ તેનું પોતાનું છે, જેને તેણે સ્વીકાર્યા પણ નથી, તેની માંગ પૂર્તિ કરી દે છે. જેનાં થતાં જ અહં નાશ થઈ જાય છે.

પરમ વ્યાકુળતાની જાગૃતિ પુરુષાર્થની સમાપ્તિમાં થાય છે. અર્થાત્ વ્યાકુળતાથી જેની ઉપલબ્ધિ થાય છે, તે પુરુષાર્થ-સાધ્ય નથી, પરંતુ વ્યાકુળતા તેને માટે હોય છે, જેનું સ્વતંત્ર અસ્તિત્વ છે. એમાં જ જીવન છે. એમની જ પ્રાપ્તિ અભાવનો અભાવ કરે છે. આથી એ સ્પષ્ટ વિદિત થાય છે કે જે સદાય, સૌનો છે, તેની જ પ્રાપ્તિ થાય છે. તેનો સ્વીકાર કરવાથી તેનો કોઈ મહિમા નથી વધતો અને અસ્વીકાર કરવાથી તેની કોઈ ક્ષતિ નથી થતી, પરંતુ તેમની માંગ તો સૌમાં છે જ.

જ્યારે કેવળ માંગ રહી જાય છે, તેની પૂર્તિ તેનાં દ્વારા થાય છે જે 'છે'. 'છે' ને સ્વીકાર કરો અથવા ન કરો, પરંતુ પ્રાપ્તિ તો 'છે'ની જ થાય છે. આ 'છે'નો જ મહિમા છે. સાધકની પરમ વ્યાકુળતા જેનાંથી સહન નથી થતી, તે પોતાની કરુણાથી કરુણિત થઈ, સાધકની વાસ્તવિક માંગની પૂર્તિ કરી દે છે, આ તેનો સ્વભાવ છે.

માંગ જેની હોય છે, તેમાં વિલીન થતાં જ સીમિત અહં-ભાવ હંમેશા માટે નષ્ટ થઈ જાય છે. ત્યારે કોઈ પ્રકારની પરાધીનતા, અભાવ તથા નીરસતા શેષ નથી રહેતી. આ દૃષ્ટિએ વાસ્તવિક માંગની જાગૃતિમાં જ જીવનની પૂર્ણતા નિહિત છે.

જેણે સાધકનું નિર્માણ કર્યું છે, તેણે જ માંગ પ્રદાન કરી છે અને એ જ પૂર્તિ કરે છે. તેમાં આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ કરવો અથવા તેની આપેલી માંગ માટે પરમ વ્યાકુળ થવું, બન્ને જ પ્રકારે સાધક સાધન-નિષ્ઠ થઈ, કૃતકૃત્ય થઈ જાય છે. આથી પોતાનાં રચયિતામાં આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ કરવો જો કે સાધક માટે સ્વાભાવિક છે, પરંતુ જો કોઈ સાધક પોતાનાં રચયિતામાં આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ કરવો સ્વીકાર નથી કરતો, તો પણ તેણે પોતાની માંગની પૂર્તિ માટે પરમ વ્યાકુળ

તો થવાનું જ છે. માંગની પૂર્તિ થવાથી તો જે સૌનો પોતાનો છે, તેની સાથે અભિન્નતા થાય જ છે. આથી સાધક પોતાની રુચિ, યોગ્યતા, સામર્થ્ય અનુસાર સાધન-નિધિથી સંપન્ન થવામાં સર્વદા સ્વાધીન તથા સમર્થ છે.

## ઉપસંહાર

આ સૌને માન્ય હશે કે અસત્‌નાં સંગથી જ માનવમાં અકર્તવ્ય, અસાધન અને આસક્તિ વગેરે વિકારોનો જન્મ થાય છે. પરંતુ પ્રાકૃતિક નિયમાનુસાર કોઈ પણ માનવ સર્વાંશમાં અસત્‌નો સંગ નથી કરી શકતો, એ કારણે પ્રત્યેક માનવમાં આંશિક કર્તવ્ય, સાધન તથા અનાસક્તિ રહે જ છે. આ દ્વંદ્વાત્મક સ્થિતિમાં જ્યારે માનવ પોતાને સાધક સ્વીકારી લે છે, ત્યારે સત્સંગી થઈને, ઉત્પન્ન થયેલા અકર્તવ્ય, અસાધન તથા આસક્તિઓથી રહિત થઈ, સાધન-નિધિથી સંપન્ન થાય છે.

સાધન-નિધિ સાધકની ઉપજ નથી, પરંતુ શોધ છે. શોધથી એ જ ઉપલબ્ધ થાય છે, જે સદૈવ, સર્વત્ર વિદ્યમાન છે. સાધન-નિધિ સાધ્યનો સ્વભાવ છે અને સાધકનું જીવન છે. આ દૃષ્ટિએ પ્રત્યેક સાધક સાધન-નિધિથી અભિન્ન થઈ, સાધ્યને પામે છે.

સત્સંગ સાધકનો સહજ તથા સ્વાભાવિક સ્વધર્મ છે. તેને અપનાવી લેવામાં કોઈ પ્રકારની અસમર્થતા તથા પરાધીનતા નથી. પરંતુ સાધન તથા અસાધનનાં દ્વંદ્વમાં બંધાયેલો માનવ સર્વાંશમાં જ્યાં સુધી સત્સંગને અપનાવ્યા વિના, બળપૂર્વક પોતાનાંમાં સાધનોનો આરોપ કરી, અસાધનથી રહિત થવાનો પ્રયાસ કરતો રહે છે, ત્યાં સુધી અસફળતા જ મેળવે છે.

બળપૂર્વક કરવામાં આવેલું સાધન, સાધકમાં મિથ્યા અભિમાન જ ઉત્પન્ન કરે છે, જે વાસ્તવમાં પ્રમાદ જ છે, જેનું સાધકનાં જીવનમાં કોઈ સ્થાન જ નથી; કારણ કે, પ્રમાદ જ સર્વનાશનું મૂળ છે.

સાધન-નિધિ અવિનાશી સાધ્યનો અવિનાશી સ્વભાવ છે. સત્સંગથી

જ સાધન-નિધિ સાથે અભિન્નતા થાય છે. સત્સંગ તેને નથી કહેતાં, જેને સાધક પ્રત્યેક પરિસ્થિતિમાં સ્વાધીનતાપૂર્વક નથી કરી શકતો.

પ્રત્યેક પરિસ્થિતિ સુખ-દુઃખથી ભિન્ન કાંઈ નથી. સુખની દાસતા, દુઃખનો ભય કોઈ પણ માનવને અભીષ્ટ નથી. સુખ ટક્યું રહે, દુઃખ ન આવે, એ ભલેને કોઈ પસંદ કરતું હોય, પરંતુ સુખનું ચાલ્યું જવું તથા દુઃખનું આવવું — આ વૈધાનિક તથ્ય છે. અર્થાત્ સુખ જાય જ છે અને દુઃખ આવે જ છે. આ વિધાનમાં માનવનું અમંગલ નથી, પરંતુ મંગલ જ છે.

જો આવેલું સુખ ન જાત, તો જડતાનો ક્યારેય નાશ ન થાત અને જો દુઃખ ન આવેત, તો કોઈ પણ સજાગતાપૂર્વક દુઃખ-નિવૃત્તિ માટે તત્પર ન થાત. જો દુઃખનો અંત સુખમાં થઈ જાત અને પુનઃ સુખ નવીન દુઃખને જન્મ ન આપેત, તો માનવ સાધક થવા માટે ક્યારેય તત્પર જ ન થાત. અને સાધક થયા વિના સત્સંગનો પ્રશ્ન જ ન આવેત તથા સત્સંગ વિના સાધન-નિધિની અભિવ્યક્તિ જ ન થાત. એવી દશામાં માનવ પોતાનાં પરમ સુહૃદ રચયિતાથી વિમુખ જ રહેત. આ દૃષ્ટિએ સુખનું ચાલ્યું જવું અને દુઃખનું આવવું મંગલકારી છે.

માનવ મળેલી સ્વાધીનતાનાં દુરુપયોગથી પોતાનો વિનાશ પોતે કરે છે. આથી જ સ્વાધીનતાનાં દુરુપયોગનું સાધકનાં જીવનમાં કોઈ સ્થાન જ નથી.

મળેલી સ્વાધીનતાનાં સદ્દુપયોગ અને દુરુપયોગનું પરિણામ વૈધાનિક છે, પરંતુ મળેલી સ્વાધીનતાનો દુરુપયોગ અથવા સદ્દુપયોગ માનવ સ્વયં કરે છે. સ્વાધીનતાનો દુરુપયોગ ન કરવાથી સદ્દુપયોગ સ્વતઃ થવા લાગે છે.

હવે વિચાર એ કરવાનો છે કે મળેલી સ્વાધીનતાનો દુરુપયોગ શું છે, જેને ન કરવો જોઈએ ? આ સંબંધમાં વિચાર કરવાથી એ સ્પષ્ટ વિદિત થાય છે કે પ્રત્યેક માનવને વિચાર, ભાવ તથા ક્રિયા-શક્તિ મળી છે. જ્યારે માનવ નિજ-વિવેકનાં પ્રકાશથી પ્રકાશિત તથા પવિત્ર ભાવથી ભાવિત થઈ, લક્ષ્ય પર દૃષ્ટિ રાખતાં, મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય વગેરેનો ઉપયોગ નથી કરતો — આ જ મળેલી સ્વાધીનતાનો દુરુપયોગ છે.

માનવ એ જાણવા છતાં પણ કે તેને ઈમાનદાર, શ્રમી તથા હિત-ચિંતક

સાથી જોઈએ છે, તે સ્વયં પોતાનાં સાથીઓ માટે તેવો નથી થતો. શું આ માનવની પોતાની જ ભૂલ નથી ? આ ભૂલને રાખતાં શું કોઈ પોતાનાં સત્યને અપનાવી શકે છે ? આ પોતાનાં સત્યને અપનાવ્યા વિના, શું કોઈ સુંદર થઈ શકે છે ? સુંદર થયા વિના, પોતાની, સમાજની તથા રચયિતાની દૃષ્ટિમાં, શું કોઈ આદરને યોગ્ય થઈ શકે છે ? કદાપિ નહિ.

પોતાની દૃષ્ટિમાં પોતાને આદરને યોગ્ય એ જ રાખી શકે છે, જેણે સત્સંગથી પ્રાપ્ત સાધન–નિધિને અપનાવી છે.

આ સૌને વિદિત છે કે મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય કોઈની દેન છે. એ દાતા ભલેને આપણો હોય, પરંતુ તેની આપેલી વસ્તુ, યોગ્યતા વગેરે આપણી નથી. આ પ્રાકૃતિક નિયમ છે કે જે પોતાની નથી, તે પોતાનાં માટે પણ નથી. પોતાનું જ પોતાનાં માટે હોય છે. આ જાણતા હોવા છતાં પણ મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્યની મમતા અને તેનો દુરુપયોગ માનવ પોતાની જ ભૂલથી કરે છે. તેનું પરિણામ તેને દરેકને માટે અનુપયોગી સિદ્ધ કરી દે છે.

મળેલી વસ્તુ વગેરેની મમતા અનેક વિકારોને જન્મ આપે છે. વિકાર–યુક્ત જીવન સૌના માટે અનુપયોગી જ હોય છે. નિર્મમતાથી પ્રાપ્ત 'નિર્વિકારતા' અને મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય વગેરેનાં સદુપયોગથી પ્રાપ્ત 'ઉદારતા' સૌના માટે ઉપયોગી છે.

જ્યારે સાધકમાં નિર્વિકારતા તથા ઉદારતાની અભિવ્યક્તિ થઈ જાય છે, ત્યારે તેનાંમાં નિષ્કામતા તથા પોતાનાં અધિકારનાં ત્યાગનું બળ પણ આવી જાય છે, જેનાં આવતાં જ સાધકમાં ચિર–શાંતિ તથા રાગથી રહિત સ્વાધીનતાની અભિવ્યક્તિ તેમજ ક્રોધથી રહિત સ્મૃતિની જાગૃતિ થાય છે, જેનાં થતાં જ સાધકને પોતાનાં માટે કાંઈ પણ કરવાનું બાકી નથી રહેતું.

અહંકૃતિ–રહિત થતાં જ અહં–ભાવ રૂપી અણુ ગળી જાય છે. પછી સાધકની સાધ્યથી દૂરતા, ભેદ, ભિન્નતા નથી રહેતી, અર્થાત્ યોગ, બોધ, પ્રેમની પ્રાપ્તિ થાય છે, અથવા એમ કહો કે સાધન–નિધિ સાથે અભિન્નતા થઈ જાય છે.

આ મળેલી સ્વાધીનતાનાં સદુપયોગનું પરિણામ છે.આ દૃષ્ટિએ મળેલી

સ્વાધીનતાનાં દુરુપયોગથી જ માનવનો વિનાશ થયો છે, જેનું સાધકનાં જીવનમાં કોઈ સ્થાન જ નથી.

જીવનને પોતાનાં માટે ઉપયોગી સિદ્ધ કરવા નિર્મમતા, નિષ્કામતા, પોતાનાં અધિકારનો ત્યાગ તથા અહંકૃતિ-રહિત થવું અનિવાર્ય છે. પોતાનાં માટે ઉપયોગી થવાથી જ સાધક જગત તથા જગત્પતિ માટે ઉપયોગી થાય છે, આ નિર્વિવાદ સત્ય છે.

પોતાનાં માટે ઉપયોગી થવાથી ઉદારતા અને પ્રિયતા સ્વતઃ જાગ્રત થાય છે; કારણ કે, જેને પોતાનાં માટે કાંઈ પણ કરવાનું શેષ નથી રહેતું, એ સાધક મળેલી વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય દ્વારા જગતની સેવા સ્વતઃ કરવા લાગે છે, અથવા એમ કહો કે સેવા તેનાંથી આપોઆપ થવા લાગે છે. ક્રિયાત્મક સેવાથી ભાવાત્મક સેવા ઉદિત થાય છે, જેનાંથી સાધકનાં જીવનમાં ઉદારતાની અભિવ્યક્તિ થાય છે. ઉદારતા આવતાં જ સાધકની સૌની સાથે આત્મીયતા થઈ જાય છે, અર્થાત્ તે પોતાની સમાન જ સમસ્ત વિશ્વને માનવા લાગે છે.

તે કોઈને ભય નથી આપતો અને ન કોઈથી ભયભીત થાય છે. એટલું જ નહિ, તે સૌની વર્તમાન નિર્દોષતામાં અવિચળ આસ્થા રાખે છે.

જો કોઈ અપરાધી પોતાની ભૂલ સ્વયં સ્વીકાર કરે, તો પણ તે તેને એ જ પરામર્શ આપે છે કે તું સ્વયં કરેલી ભૂલ ન દોહરાવ, વર્તમાન તો નિર્દોષ છે જ. આ ભાવના અને પ્રવૃત્તિથી અપરાધી નિરપરાધ થવામાં તત્પર થાય છે. આ દૃષ્ટિએ ઉદારતા સાધકને જગત માટે ઉપયોગી સિદ્ધ કરે છે.

જો કોઈ આ ઉદાર સાધકની સાથે સ્વયં બુરાઈ કરે, તો પણ તેને તેનાં પર કરુણા જ આવે છે, ક્રોધ નથી આવતો; કારણ કે, પોતાને માટે ઉપયોગી હોવાને નાતે, તેનાં જીવનમાં કોઈ પ્રકારની પરાધીનતા, અભાવ અને નીરસતા તો રહેતી નથી, બીજાઓ તરફથી થવાવાળી બુરાઈ તેને ક્ષુભિત નથી કરી શકતી, પરંતુ તેનું હૃદય કરુણાથી ભરાઈ જાય છે.

તે આ વાસ્તવિકતાથી સારી રીતે પરિચિત છે કે જે બિચારાએ પ્રમાદવશ પોતાની જ સાથે બુરાઈ કરી છે, તેનાથી જો શરીર, વસ્તુ વગેરેની કોઈ ક્ષતિ થઈ

રહી છે, તો તે કરુણાનું પાત્ર છે, ક્રોધનું નહિ.

સાધકની એ કરુણા નિરર્થક નથી જાતી, પરંતુ બુરાઈ કરવાવાળા માટે પણ મંગલકારી સિદ્ધ થાય છે. સાધકની ઉદારતા સાધ્યની કરુણા છે; કારણ કે, સાધકમાં સાધ્યની સત્તાથી ભિન્ન બીજું કાંઈ રહેતું જ નથી. ઉદારતાની અભિવ્યક્તિ થવાથી સાધકને એ ભાસ નથી થતો કે મારામાં ઉદારતા છે.

પોતાનાંમાં ગુણોનો ભાસ થવો એ તો પોતાને માટે અનુપયોગી થવું છે; કારણ કે, ગુણોનો આશ્રય લઈને અહં-ભાવ રૂપી અણુ પોષિત થાય છે અને ગુણોનો ભાસ પર-દોષદર્શનને જન્મ આપે છે, જે વિનાશનું મૂળ છે.

પોતાને માટે ઉપયોગી થતાં દોષોની ઉત્પત્તિ નથી થતી અને ગુણોનું અભિમાન નથી રહેતું અથવા એમ કહો કે સાધ્યનો મહિમા જ સાધક દ્વારા પ્રસારિત થતો રહે છે; કારણ કે, ઉપયોગી સાધકમાં પોતાનાંમાં પોતાનું કરીને કાંઈ નથી રહી જાતું.

સાધન-નિધિ સાધ્યનો જ તો સ્વભાવ છે અને એ જ સાધકનું જીવન છે. સાધન અને જીવનમાં ભિન્નતા અનુપયોગી દશામાં જ શેષ રહે છે. ઉપયોગી થતાં સાધન અને જીવનમાં ભિન્નતા નથી રહેતી. સાધન જીવન અને જીવન સાધન થઈ જાય છે. સાધકની દૃષ્ટિમાં સાધ્યથી ભિન્નની સત્તા જ નથી રહેતી. સાધક સાધ્યની પ્રિયતાથી ભિન્ન પોતાનું કોઈ અસ્તિત્વ નથી પામતો. સાધ્યની પ્રિયતા જ જગત પ્રત્યે ઉદારતા છે. આથી જે પોતાનાં માટે ઉપયોગી સિદ્ધ થાય છે, એ જ જગત અને જગત્પતિ માટે ઉપયોગી સિદ્ધ થાય છે.

કોઈને બુરો સમજવો, કોઈનું બુરુ ઇચ્છવું અને કોઈ પણ કારણે કોઈનાં પ્રત્યે બુરાઈ કરવાની પ્રવૃત્તિ તો એ જ માનવમાં રહે છે, જે પોતાનાં માટે અનુપયોગી છે.

પોતાનાં માટે અનુપયોગી થયા વિના કોઈ પણ કોઈની ક્ષતિ નથી કરી શકતો. કોઈ દુઃખી થઈને જ અન્યને દુઃખ આપે છે. દુઃખની અંતતઃ નિવૃત્તિ ન થવી પોતાનાં માટે અનુપયોગી થવું સિદ્ધ કરે છે.

જ્યાં સુધી માનવ પોતાનાં માટે અનુપયોગી છે, ત્યાં સુધી તેણે સર્વ

તરફથી વિમુખ થઈને પોતાનાં માટે ઉપયોગી થવા માટે સતત પ્રયત્નશીલ રહેવું અનિવાર્ય છે.

એ દશામાં પણ પર-દોષદર્શન માટે સાધકનાં જીવનમાં કોઈ સ્થાન જ નથી; કારણ કે, પર-દોષદર્શન કરવાથી પોતાનાં દોષોનું સ્પષ્ટ દર્શન નથી થતું, પરંતુ સાધક પોતાની દોષ-યુક્ત દશાને સહન કરતો રહે છે, જે વિકાસમાં બાધક છે.

એ સૌને માન્ય હશે કે પ્રભુ, આત્મા અને જગતને નાતે સૌ પોતાનાં છે. પછી સૌનાં પ્રત્યે પોતાની સમાન ઉદારતા અને પોતાનાં પ્રત્યે બીજાઓની સમાન ન્યાય ન કરવો ભૂલ છે, જેનું સાધકનાં જીવનમાં કોઈ સ્થાન જ નથી. જેનાંથી ક્યારેય કોઈ ભૂલ ન થઈ હોય, એ તો સાધક શ્રેણીમાં આવતો જ નથી. તેને તો જન્મજાત સ્વતઃ સિદ્ધ માનવો જોઈએ. જેનો ભૂતકાળ સદોષ રહ્યો હોય, તેને કોઈને ભયભીત કરવાનો અધિકાર નથી રહેતો.

વાસ્તવિક ન્યાય તો પોતાનાં દ્વારા પોતાનાં જ પ્રત્યે થાય છે. પોતાની ભૂલથી પીડિત થવું, તેને પુનઃ ન દોહરાવવી જ તો ન્યાય છે. ન્યાયથી વર્તમાન નિર્દોષતા સુરક્ષિત રહે છે. પરંતુ બીજાઓ પ્રત્યે ન્યાય કરવાનો અધિકાર સાધકને નથી. રાષ્ટ્ર દ્વારા પણ સમુચિત ન્યાય થઈ નથી શકતો. જો એવું સંભવિત હોત, તો સમાજમાં બુરાઈ ન રહેત. આ દૃષ્ટિએ ભયભીતને વર્તમાન નિર્દોષતાની આસ્થા આપીને કરુણા અને સ્નેહપૂર્વક સહયોગ આપવો એ જ સાધકનો સ્વભાવ છે.

જે માનવ કોઈ અપરાધીને ભયભીત કરે છે અને એ વિચારે છે કે ભય આપવાથી સમાજમાં બુરાઈ નહિ ફેલાય, આ માન્યતા ભ્રમાત્મક છે. બુરાઈ-રહિત થઈને સૌને આદર, પ્યાર આપવાથી જ સમાજમાં નિર્દોષતા વ્યાપક થાય છે.

જે પ્રાણી સૂર્યનો પ્રકાશ મેળવે છે, જળ જેની તરસ છીપાવે છે, વાયુ જેને શ્વાસ લેવા દે છે, આકાશ જેને અવકાશ આપે છે, વિશ્વ-નિયંતાની અહેતુની કૃપા જેને અપનાવવા માટે તત્પર છે, શું એ માનવની તુચ્છ ઉદારતાનો અધિકારી નથી

? અવશ્ય છે. પરંતુ આ રહસ્ય ત્યારે સ્પષ્ટ થાય છે, જ્યારે માનવ પોતાને સાધક સ્વીકાર કરી, પોતાની તરફ જુએ.

ક્યા અપરાધીએ જગત અને જગત્પતિ પાસે ક્ષમાની યાચના નથી કરી ? વર્તમાન નિર્દોષતાને સુરક્ષિત રાખવાથી, ક્યા સાધકને જગતની ઉદારતા તેમજ પ્રભુની કૃપાળુતાનો અનુભવ નથી થયો ? અર્થાત્ સૌને થયો.

હવે કેવળ આ જ પ્રશ્ન રહી જાય છે કે સાધકે જગત પ્રત્યે શું કરવું જોઈએ ? તો સત્સંગથી પ્રાપ્ત સાધન-નિધિથી એ જ પ્રેરણા મળે છે કે કોઈને બુરો ન સમજો, કોઈનું બુરુ ન ઇચ્છો, કોઈનાં પ્રત્યે બુરાઈ ન કરો. આ મહામંત્રને અપનાવતાં જ જીવન જગત માટે તો ઉપયોગી થાય જ છે, પરંતુ પોતાનું પણ કલ્યાણ થાય છે; કારણ કે, જે જીવન બીજાઓ માટે ઉપયોગી થઈ જાય છે, તેનું પરિણામ પોતાનાં માટે પણ ઉપયોગી થાય છે. અને જે પોતાનાં માટે ઉપયોગી થઈ જાય છે, તે સૌનાં માટે ઉપયોગી થઈ જાય છે. આ દૃષ્ટિએ સાધકે સજાગતપૂર્વક બીજાઓ માટે ઉપયોગી થઈને, પોતાનાં માટે ઉપયોગી થવું અને પોતાનાં માટે ઉપયોગી થઈને સૌનાં માટે ઉપયોગી થવું અનિવાર્ય છે.

એ સૌને માન્ય હશે કે સાધકનું અસ્તિત્વ જગત અને જગત્પતિથી ભિન્ન નથી. જે કોઈમાં જે કાંઈ છે, તે જગત અને જગત્પતિનું જ છે. જો સાધકનાં શરીરનો સંબંધ જગત સાથે છે, તો તેનો સંબંધ જગત્પતિ સાથે છે. જો પોતાને જગત્પતિને અર્પિત કરવાનો છે, તો શરીરને જગત્પતિની સેવામાં લગાડવાનું છે. વાસ્તવમાં તો જગત જગત્પતિનો જ પ્રકાશ છે. શરીર દ્વારા જગતની સેવા કરવામાં પણ જગત્પતિની જ સેવા છે. જગત્પતિએ જગતનું નિર્માણ પોતાનાંમાંથી જ કર્યું છે. આ દૃષ્ટિએ જગતનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી. આથી જગતની સેવા જગત્પતિની પૂજા છે અને જગત્પતિની આત્મીયતાથી જાગ્રત જે અખંડ સ્મૃતિ તથા અગાધ પ્રિયતા છે, તે જગત્પતિ માટે રસરૂપ છે જ, તેની સદ્ભાવના અને ઉદારતા જગત્પતિને નાતે, જગત માટે છે. જગતને સાધકની ઉદારતા અને જગત્પતિને તેની પ્રિયતા અભીષ્ટ છે.

પ્રિયતા અને ઉદારતા ત્યારે સુરક્ષિત રહે છે, જ્યારે સાધકને કોઈ પાસેથી

કાંઈ નથી જોઈતું. જગત્પતિની પ્રિયતામાં જ જીવનની પૂર્ણતા છે. નિર્વિકારતા, શાંતિ, સ્વાધીનતા વગેરેમાં સંતુષ્ટ ન થવાથી જ જગત્પતિ પોતાની પ્રિયતા પ્રદાન કરે છે. આથી જ પ્રિયતાની જાગૃતિ થવાથી કાંઈ પણ પામવાનું બાકી નથી રહેતું. આ દૃષ્ટિએ જેને પોતાનાં માટે કાંઈ પણ કરવાનું અને પામવાનું બાકી નથી રહેતું, તેનાંમાં જ જગત પ્રત્યે ઉદારતા અને જગત્પતિ પ્રત્યે પ્રિયતાની જાગૃતિ થાય છે.

માનવનું નિર્માણ તેનાં રચયિતાએ સાધન-નિધિથી સંપન્ન થવા માટે કર્યું છે. આ જ કારણે માનવને સત્સંગની સ્વાધીનતા આપી છે. પરંતુ માનવ મળેલી સ્વાધીનતાનો દુરુપયોગ કરી, અસત્‌નાં સંગથી દરેકને માટે અનુપયોગી થઈ ગયો છે.

અનુપયોગી થવાથી પ્રભુની અહેતુની કૃપાથી દુઃખનો પ્રાદુર્ભાવ થાય છે. જ્યારે સાધક દુઃખનાં પ્રભાવથી પ્રભાવિત થઈ, અસત્‌ના સંગનો ત્યાગ કરી, સત્‌નો સંગી થઈ જાય છે, ત્યારે શીઘ્રાતિશીઘ્ર મહામહિમની કૃપાળુતા તેને અપનાવીને, સાધન-નિધિથી સંપન્ન કરી દે છે અને પછી સાધક સૌનાં માટે ઉપયોગી સિદ્ધ થાય છે, આ નિર્વિવાદ સિદ્ધ છે.

## સાધક સાધ્યને પ્રાપ્ત કરવામાં સ્વાધીન છે

એ સૌને માન્ય હશે કે અસત્‌નાં સંગથી જ માનવમાં અકર્તવ્ય, અસાધન અને આસક્તિ વગેરે વિકારોનો જન્મ થયો છે. પરંતુ પ્રાકૃતિક નિયમાનુસાર કોઈ પણ માનવ સર્વાંશમાં અસત્‌નો સંગ નથી કરી શકતો, આ કારણે પ્રત્યેક માનવમાં આંશિક કર્તવ્ય, સાધન તથા અનાસક્તિ રહે છે. આ દ્વંદ્વાત્મક સ્થિતિમાં જ્યારે માનવ પોતાને સાધક સ્વીકાર કરી લે છે, ત્યારે સત્સંગી થઈને, ઉત્પન્ન થયેલા અકર્તવ્યથી રહિત થઈ, સાધન-નિધિથી સંપન્ન થાય છે.

સાધન-નિધિ સાધકની ઉપજ નથી, પરંતુ શોધ છે. શોધથી એ જ ઉપલબ્ધ થાય છે, જે સદૈવ, સર્વત્ર વિદ્યમાન છે. સાધન-નિધિ સાધ્યનો સ્વભાવ છે અને સાધકનું જીવન છે. આ દૃષ્ટિએ પ્રત્યેક સાધક સાધન-નિધિ સાથે અભિન્ન થઈ, સાધ્યને પામે છે.

## સેવા

* સેવા સ્વાર્થભાવને મટાડી દે છે.
* સેવાથી પવિત્રતા સ્વતઃ આવી જાય છે.
* સેવાથી ચિત્ત શુદ્ધ, સ્વસ્થ તેમજ પ્રસન્ન થાય છે.
* સેવા સેવકને વિભુ બનાવે છે.
* સેવકથી સમાજમાં સુંદરતા આવે છે.
* સેવાથી સર્વતોમુખી વિકાસ થાય છે.
* સેવકમાં નિર્વેરતા સ્વતઃ આવી જાય છે.
* સેવક સમાજનાં હૃદયમાં નિવાસ કરે છે.
* કર્મવાદી સંસારને પ્યાર કરે છે, સેવકને સંસાર પ્યાર કરે છે.

શરણાનન્દજીની ક્રાંતિકારી વિચારધારામાં
સાધકે કોઈનાં પદચિહ્નો પર નથી ચાલવાનું,
પણ નિજ-વિવેકનાં પ્રકાશમાં રહેવાનું છે અર્થાત્
સ્વાધીનતાથી પોતાની આંખે જોવાનું છે,
પોતાનાં પગે ચાલવાનું છે.

**मूल पुस्तकमें जो विशेषता होती है, वह अनुवादमें नहीं आ पाती। अनुवादमें प्रायः लेखकके कई भाव पूरी तरह व्यक्त नहीं हो पाते। इसलिये जिज्ञासु पाठकोंसे निवेदन है कि यदि उन्हे हिन्दी भाषाका ज्ञान हो तो वे मूल हिन्दी पुस्तकको भी अवश्य पढनेकी कृपा करें।**

વિશ્વ-શાંતિ, દુઃખ નિવૃત્તિ તથા માનવ કલ્યાણ માટે આવશ્યક

# માનવતાનાં મૂળ સિદ્ધાંતો

૧. આત્મ-નિરીક્ષણ, અર્થાત્ પ્રાપ્ત વિવેકનાં પ્રકાશમાં પોતાનાં દોષોને જોવા.

૨. કરેલી ભૂલને ફરી ન દોહરાવવાનું વ્રત લઈને સરળ વિશ્વાસપૂર્વક પ્રાર્થના કરવી.

૩. વિચારનો પ્રયોગ પોતાનાં પર અને વિશ્વાસનો બીજાઓ પર, અર્થાત્ ન્યાય પોતાનાં પર અને પ્રેમ તથા ક્ષમા અન્ય પર.

૪. જિતેન્દ્રિયતા, સેવા, ભગવદ્ ચિંતન અને સત્યની શોધ દ્વારા પોતાનું નિર્માણ.

૫. બીજાઓનાં કર્તવ્યને પોતાનો અધિકાર, બીજાઓની ઉદારતાને પોતાનો ગુણ અને બીજાઓની નિર્બળતાને પોતાનું બળ, ન માનવું.

૬. પારિવારિક તથા જાતીય સંબંધ ન હોવા છતાં પણ પારિવારિક ભાવનાને અનુરૂપ જ પારસ્પરિક સંબોધન તથા સદ્ભાવ, અર્થાત્ કર્મની એકતા હોવા છતાં પણ સ્નેહની એકતા.

૭. નિકટવર્તી જન-સમાજની યથાશક્તિ, ક્રિયાત્મક રૂપે સેવા કરવી.

૮. શારીરિક હિતની દૃષ્ટિએ આહાર, વિહારમાં સંયમ તથા દૈનિક કાર્યોમાં સ્વાવલંબન.

૯. શરીર શ્રમી, મન સંયમી, બુદ્ધિ વિવેકવતી, હૃદય અનુરાગી તથા અહંને અભિમાન શૂન્ય કરીને પોતાને સુંદર બનાવવા.

૧૦. સિક્કથી વસ્તુ, વસ્તુથી વ્યક્તિ, વ્યક્તિથી વિવેક તથા વિવેકથી સત્યને વધારે મહત્ત્વ આપવું.

૧૧. વ્યર્થ-ચિંતન ત્યાગ તથા વર્તમાનનાં સદુપયોગ દ્વારા ભવિષ્યને ઉજ્જવળ બનાવવું.

(વિસ્તૃત વ્યાખ્યા માટે શ્રી શરણાનંદજી મહારાજનું
'માનવતાનાં મૂળ સિદ્ધાંતો' પુસ્તક જોવું.)


## બ્રહ્મલીન શ્રદ્ધેય સ્વામીજી શ્રી શરણાનન્દજી મહારાજનું અનમોલ સાહિત્ય

1. सन्त समागम भाग-1 से 3
2. सन्त वाणी भाग-1 से 8
3. प्रश्नोत्तरी (सन्त वाणी) भाग-1 व 2
4. सन्त सौरभ (सन्त वाणी)
5. सन्त उद्‌बोधन
6. प्रेरणा पथ
7. सन्त पत्रावली भाग-1 से 3
8. जीवन दर्शन भाग-1 व 2
9. चित्त शुद्धि भाग-1 व 2
10. जीवन पथ
11. मानव की माँग
12. मानव दर्शन
13. मूक सत्संग और नित्य योग
14. मानवता के मूल सिद्धान्त
15. सत्संग और साधन
16. साधन तत्त्व
17. साधन त्रिवेणी
18. दर्शन और नीति
19. दुःख का प्रभाव
20. मंगलमय विधान
21. जीवन विवेचन भाग-1 से 7
22. सन्त जीवन दर्पण
23. मानव सेवा संघ का परिचय
24. साधन निधि
25. पाथेय भाग-1 व 2
26. पथ प्रदीप
27. प्रार्थना तथा पद
28. मैं की खोज
29. क्रान्तिकारी सन्तवाणी
30. सन्त हृदयोद्‌गार
31. रजत स्मारिका
32. Ascent Triconfluent
33. A Saint's call to Mankind
34. Sadhna Spot light by a Saint
35. Revelation of the Spiritual Path
36. Pathway to Life

## Published and Potential other books

1. मानवमात्र के शरणानन्दजी
2. यह नियम है कि- (हिन्दी-English)
3. Sant Hridayōdgār (हिन्दी-English)
4. Krāntikārī Santvānī
5. Prashnōttarī
6. Sant Jīvan Darpaṇ
7. Humanity's own Sharnānandji
8. માનવમાત્રના શરણાનંદજી
9. સાધન નિધિ
10. મૂક સત્સંગ તથા નિત્યયોગ
11. સત્સંગ અને સાધન
12. દર્શન અને નીતિ
13. ચિત્ત-શુદ્ધિ - ભાગ 1
14. ચિત્ત-શુદ્ધિ - ભાગ 2
15. ક્રાંતિકારી સંતવાણી
16. સંત હૃદયોદ્ગાર
17. तरुतले भाग-1 से 3 (जयपुर)
18. साधन-सूत्र (लखनऊ)

।। હરિઃ શરણમ્ ।।



અનંતનાં સખા, માનવતાનાં મસીહા, બ્રહ્મનિષ્ઠ, ક્રાન્તદર્શી, પ્રજ્ઞા-ચક્ષુ, સંત શિરોમણિ

## સ્વામી શરણાનન્દજી મહારાજ

સ્વામીજી પુસ્તકોમાં પોતાનું નામ તથા ચિત્ર પ્રકાશિત કરવા માટે ક્યારેય અનુમતિ નહોતા આપતાં, પરંતુ દેશ, કાળ, પરિસ્થિતિ પરિવર્તન તથા કંઈક વ્યાવહારિક કારણોસર એમનું નામ તથા ચિત્ર આપવામાં આવ્યા છે.

## પ્રાર્થના

મારા નાથ !

આપ આપની સુધામયી, સર્વ-સમર્થ, પતિત પાવની,
અહેતુની કૃપાથી દુઃખી પ્રાણીઓનાં હૃદયમાં ત્યાગનું બળ તેમજ
સુખી પ્રાણીઓનાં હૃદયમાં સેવાનું બળ પ્રદાન કરો,
જેથી તેઓ સુખ-દુઃખનાં બંધનથી મુક્ત થઈ,
આપનાં પવિત્ર પ્રેમનું આસ્વાદન કરીને કૃતકૃત્ય થઈ જાય.

ૐ આનંદ ! ૐ આનંદ !! ૐ આનંદ !!!

**(પ્રાર્થના આસ્તિક પ્રાણીનું જીવન છે તથા સાધકનાં વિકાસનો અચૂક ઉપાય છે.)**

## પરમાત્માની પ્રાપ્તિ

ભાવમાં પવિત્રતા હોય, કાર્યમાં કુશળતા હોય અને લક્ષ્ય પર દૃષ્ટિ હોય, તો પ્રત્યેક પ્રવૃત્તિથી પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે.

પ્રભુકૃપાનો સહારો જ મહાન સહારો છે. ચારિત્ર્યબળ જ મહાન બળ છે.

## પૂર્ણ જીવન

શરીર વિશ્વનાં કામમાં આવી જાય,
હૃદય પ્રીતિથી છલકાયેલું રહે,
અહં અભિમાનશૂન્ય થઈ જાય.

મોહયુક્ત ક્ષમા, ક્રોધયુક્ત ત્યાગ, લોભયુક્ત ઉદારતા નિરર્થક છે.

## નિશ્ચિંતતા નિર્ભયતા પ્રિયતા

જે કાંઈ થઈ રહ્યું છે, તે મંગલમય વિધાનથી થઈ રહ્યું છે, એવું માની લેવાથી **નિશ્ચિંતતા** આવે છે.

જે શરીર, પ્રાણ વગેરે વસ્તુ, વ્યક્તિને પોતાનાં નથી માનતો, તે **નિર્ભય** થઈ જાય છે.

જે ‘છે’ (ભગવાન) એ જ મારા પોતાનાં છે, આમાં જેણે આસ્થા સ્વીકારી લીધી, તેમાં જ **પ્રિયતા** ઉદિત થાય છે.

નિશ્ચિંતતાથી **શાંતિ**, નિર્ભયતાથી **સ્વાધીનતા** તથા પ્રિયતાથી **રસ**ની અભિવ્યક્તિ થાય છે, આ જ માનવની માંગ (લક્ષ્ય) છે.

તેને સર્વ કાંઈ મળી જાય છે, જે કોઈનું બુરુ નથી ઇચ્છતો.

કાર્ય તેનું જ સિદ્ધ થાય છે, જે બીજાઓને કામ આવે છે.

# શરણાનન્દજીની વાણી પ્રત્યે ૧૦ સન્તોનાં વિચારો

## ૮. સ્વામી રામસુખદાસજી મહારાજ– (નયે રાસ્તે નયી દિશાયેં, MSS Q-A, ૧૫-૮-૯૮, ૨૭-૫-૨૦૦૦, ૫-૫-૨૦૦૦, ૧૨-૧૧-૯૭)

આચાર્યોનાં મુખ્ય છ મત છે – શંકરાચાર્યનો અદ્વૈતવાદ, રામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈતવાદ, મધ્વાચાર્યનો દ્વૈતવાદ, નિમ્બાર્કાચાર્યનો દ્વૈતાદ્વૈતવાદ, વલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈતવાદ અને ચૈતન્યમહાપ્રભુનો અચિન્ત્યભેદાભેદવાદ. એક શરણાનન્દજીનો મત છે, જે સર્વ આચાર્યોથી નિરાળો છે અને ખૂબ જલદી કલ્યાણ કરવાવાળો છે ! શરણાનન્દજીની સૂઝ વિલક્ષણ છે ! સૌનું જે પરિણામ છે, એ પરિણામ એમણે પકડ્યું છે ! તેઓ સૌની આગળ છે ! **ભગવાનનાં શરણાગત થવાથી શરણાનન્દજીમાં જ્ઞાનનો પ્રવાહ આવી ગયો. એમની વાણીમાં સ્વતઃ ગીતાનું તત્ત્વ ઉતરી આવ્યું. એમની વાતો સમ્પૂર્ણ શાસ્ત્રોનું અન્તિમ તાત્પર્ય છે. એમણે જે લખ્યું છે, તેનાંથી આગળ કાંઈ નથી.** શરણાનન્દજી સમાન હું માનતો નથી કોઈ સંતને. **શરણાનન્દજીમાં ખૂબ સરળતા છે, પરંતુ લોકો સમજતા નથી.** એમની ક્રાન્તિકારી વાતોથી ખળભળાટ મચી જશે સર્વ શાસ્ત્રોમાં, સર્વ દર્શનોમાં. **મારી દૃષ્ટિમાં ખૂબ સારા મહાત્મા છે તેઓ, મારી દૃષ્ટિમાં તો એવા છે કે સૌથી શ્રેષ્ઠ મહાત્મા છે. તત્ત્વજ્ઞ, જીવન્મુક્ત મહાપુરુષો જે પહેલાં થઈ ગયા, એમાં પણ કોઈ એવા દેખાતા નથી, એવા વિશેષ છે.** એવી વિચિત્ર વાતો બતાવી છે, જેથી માણસનાં કાન ખુલી જાય, આંખ ખુલી જાય, હોશ આવી જાય. **શરણાનન્દજીની જે વાતો છે એવી વાતો મળતી નથી. શાસ્ત્રોમાં મળે છે તો પાછળથી મળે છે. એમની વાતો સાંભળ્યા પછી મળશે. પરન્તુ (પહેલાં) મળતી જ નથી. અને એટલી ઊંડી વાતો છે મહારાજ! ખૂબ વિચિત્ર વાતો છે, ખૂબ વિચિત્ર !! ખૂબ અકાટ્ય યુક્તિઓ આપી એમણે, છયે દર્શનો છે ને, તેનાંથી તેજ છે.**


## ૯. સ્વામીનારાયણ સન્ત રામકૃષ્ણદાસજી સ્વામી, ધ્રાંગધ્રા–(આત્મીય સભા ૦૩-૦૯-૨૦૧૭)

જેમને પોતાનાં ઈષ્ટમાં અસાધારણ પ્રીતિ કરવી હોય તેણે ઋષિ–પરમહંસ શરણાનન્દજી જેવા ભાગવત પુરુષમાં પ્રેમ કરવો જોઈએ. આવા અદ્ભુત અનુભવી મહાપુરુષ ભારત દેશને મળ્યા છે, પણ હૃદયમાં ભક્તિ ન હોવાને કારણે માણસ તેનો લાભ નથી ઉઠાવી શકતો.


## ૧૦. સ્વામી શરણાનન્દજી મહારાજ (કેસેટ ૩૫A, ૦૫A)

**સન્તવાણી (મારી વાતો)થી વિરુદ્ધ મોટા–મોટા લોકોનું પ્રમાણ મળી જાય તો પણ ડરી ન જશો ગભરાઈને; પરન્તુ વાત ઉપર વિચાર કરજો.** જો આ વાત આપને મારી વાત જણાય તો ન માનશો, પોતાની વાત જણાય, વેદ–વાણી જણાય, ગુરુવાણી જણાય, સાધુ–વાણી જણાય તો માની લ્યો અને આ ત્રણેય વાતો તેમાં ન હોય તો ન માનો. આ વાણી આપને ગમે, રુચે તો અનુભવ કરીને જોઈ લ્યો ભાઈ, ન ગમે તો તમારી મરજી.

**શરણાનન્દજીનો નિર્વાણ દિવસ ૨૫-૧૨-૧૯૭૪ એવો ચમત્કારી હતો કે એ દિવસે ક્રિસમસ, ઈદ અને ગીતા જયન્તી (મોક્ષદા એકાદશી) એક સાથે હતી.**






હું તો માનવ સેવા સંઘનાં મંચને એવો માનું છું કે જ્યાં એક અંગ્રેજ, એક અમેરિકન, એક હિન્દુ, એક બૌદ્ધ, વિભિન્ન દેશો, વિભિન્ન મતોનાં લોકો એક સાથે બેસે અને જીવનનાં શુદ્ધ સત્ય ઉપર વિચાર કરી શકે — આ મંચને આવો સુરક્ષિત રાખવાનો છે. **આ મંચનાં માધ્યમથી કોઈ એક-દેશીય સાધનાની ચર્ચા ક્યારેય નહિ કરવામાં આવે...** વાત એ હોવી જોઈએ જે વ્યક્તિવાદ અને સમ્પ્રદાયવાદથી રહિત હોય, જેનાથી હિન્દુ, મુસલમાન, ઈસાઈ વગેરે સૌ લાભ ઉઠાવી શકે !

(જીવન વિવેચન - ભાગ-૨/ પૃષ્ઠ-૪૨, ૪૪)

**'સર્વમાન્ય શુદ્ધ સત્ય' ને દેશ, કાળ, મત, વર્ગ, સમ્પ્રદાય, પંથનો ભેદ સ્પર્શી નથી શકતો.**

**'ઉદારતા', 'સ્વાધીનતા', 'પ્રિયતા' — (સેવા, ત્યાગ, પ્રેમ)નું પ્રાપ્તિસ્થાન છે —**

# સાધનનિધિ







